# અહલે સુન્નત વ જમાઅત યા'ને

## મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At. : Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક)

"બરકાતે ખ્વાજા" (માસિક)
૧-જાન્યુઆરી-૨૦૦૪
ઝી કઅ્દા-ઝીલ્ હજ્જ હિ.સ.-૧૪૨૪
વર્ષ : ૦૧ અંક : ૦૧
સળંગ અંક : ૧

### ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |

★ સ્થાપક અને પ્રકાશક તથા પત્ર વ્યવહારનુ સરનામું ★
**ઈસ્લામિક વેલ્ફેર મિશન**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨-૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨)

★ માનદ તંત્રી ★
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

આ **"બરકાતે ખ્વાજા"** (માસિક) **"ઈસ્લામિક વેલ્ફેર મિશન"** દયાદરા તરફથી તેના પ્રમુખ, તંત્રી, પબ્લીશર તથા પ્રિન્ટર પટેલ શબ્બીર અલી રઝવી (B. Sc.)એ **"ટેકનો પ્રિન્ટ"** કાટવાલા એસ્ટેટ, યાકૂતપૂરા, વડોદરામાં છપાવી ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરાની ઓફિસેથી પ્રગટ કર્યું.

### ★ ★ ★ ★ મન્કબત ★ ★ ★ ★

**અઝ** : હઝરત હસન રઝા બરેલ્વી رضی اللہ عنہ

ખ્વાજાએ હિંદ વોહ દરબાર હે આ'લા તેરા
કભી મેહરૂમ નહીં માંગનેવાલા તેરા
હે તેરી ઝાત અજબ બહ્‌રે હકીકત પ્યારે
કિસી તીરાકને પાયા ન કિનારા તેરા
ગુલશને હિંદ કે શાદાબ કલેજે ઠંડે
વાહ રે ! અબ્રે કરમ રોઝ બરસના તેરા
તેરે ઝર્રે પે મઆસીકી ઘટા છાઈ હે
ઈસ તરફ ભી કભી એ મેહર હો જલ્વા તેરા
ફિર મુઝે અપના દરે પાક દિખા દે પ્યારે
આંખે પુરનૂર હોં ફિર દેખકે જલ્વા તેરા
કયૂં ન બગદાદ મેં જારી હો તેરા ચશ્મા એ ફૈઝ
બહ્‌રે બગદાદ હી કી નહેર હે દરયા તેરા
જબસે તુને કદમે ગૌષ લિયા હે સર પર
ઔલિયા સર પે કદમ લેતે હૈં શાહા તેરા
મુહીય્યુદ્દીન ગૌષ હંય ઔર ખ્વાજા મુઈનુદ્દીન
ઐ **"હસન"** કયૂં ન હો મેહફૂઝ અકીદા તેરા

નૂરાની આર્ટ, દયાદરા. ફોન : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

**નોંધ** : ગ્રાહક નંબર.................... આપનું લવાજમ તા. ..............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# ★ ★ ★ અનુક્રમણિકા ★ ★ ★


| ક્રમ નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | રૂહાની સફરનો પહેલો કદમ | ૦૩ |
| ૨. | ફઝાઈલે હજ્જ (તંત્રી લેખ) | ૦૪ |
| ૩. | તફસીરે ઝિયાઉલ કુર્આન (કુર્આને પાકની તફસીર) | ૦૯ |
| ૪. | મિર્કાત શરહે મિશ્કાત (દર્સે હદીષે પાક) | ૧૪ |
| ૫. | સીરતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એટલે ઝિયાઉન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم | ૧૯ |
| ૬. | આ'માલે સાલેહામાં જલ્દી કરો ! | ૨૩ |
| ૭. | ઈસ્લામ અને આધુનિક શોધો | ૨૫ |
| ૮. | યા રસૂલલ્લાહ ! કહેવા વિશે ફત્વો | ૩૧ |
| ૯. | હાજીઓને અનુભવની બે વાતો | ૩૫ |
| ૧૦ | કુફ્રનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા | ૩૯ |
| ૧૧. | અમારું અવલોકન | ૪૧ |
| ૧૨. | ફતવા વિભાગ | ૪૨ |
| ૧૩. | ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત | ૪૪ |
| ૧૪. | ઈસ્લામ અને અખ્લાકે હસના (સદ્‌ગુણો) | ૪૭ |
| ૧૪. | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


## વિ□ વિખ્યાત સુન્ની માસિક ''તયબાહ''ના વયોવૃધ્ધ તંત્રી જનાબ હાજી ઉસ્માનભાઈ ખત્રી તરફથી મુબારકબાદ !

અઝીઝભાઈ શબ્બીર અલી, અસ્સલામુ અલૈકુમ,


આપની ટપાલ મળી છે, ''બરકાતે ખ્વાજા''ના પ્રકાશન માટે ઘણી ઘણી મુબારકબાદ ! મારી દુઆ છે કે બારી તઆલા બંને કામો (કિતાબો અને મેગેઝીન)માં તમારી કામયાબી કાયમ રાખે. *–આમીન*

મારી ઉમર ૭૭ (વર્ષની) થવાથી હવે અશક્તિ વિગેરે ઝઈફીનાં બધાં લક્ષણો આવી ગયાં છે, પણ **''બરકાતે ખ્વાજા''** માટે બરકત મેળવવા કશુંક તો લખી મોકલાવીશ, ઈન્શાઅલ્લાહ !

અલ્લાહ તઆલા બરેલ્વીનું મિશન ચાલુ રાખે. એક પછી એક મુજાહિદ મોકલતો રહે અને સુંદર કામ થતું રહે તેવી દુઆ કરતા રહેશો. તમારા દરેક કામમાં, પ્રત્યેક કદમ પર બારી તઆલા શાનદાર કામયાબી આપે તેવી મારી દુઆ છે. સર્વેને સલામ વ દુઆ. *લિ. હાજી ઉસ્માનભાઈ ખત્રી*

# "બરકાતે ખ્વાજા"ની

## રૂહાની સફરનો પહેલો કદમ.....



بسم اللہ الرحمٰن الرحیم

نحمدہٗ ونصلی علی رسولہٖ الکریم



મેરી તલબ ભી ઉન્હીં કે કરમકા સદકા હૈ
કદમ યહ ઉઠતે નહીં ઉઠાયે જાતે હૈ

બેશક ! તે શહેરનું તે ભૂમીનું શું કહેવું જ્યાં આપણા પ્યારા નબી, જાને ઈમાન, જાને દો આલમ, રહ્‌મતુલ્‌લિલ્‌ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم આરામ ફર્માવી રહ્યા છે ! જ્યાં રોજ સવારે સિત્તેર હજાર ફરિશ્તા અને રોજ સાંજે સિત્તેર હજાર ફરિશ્તા સતત નિયમિતપણે રોઝાએ અત્હર પર સલામ માટે આવે છે અને જે એકવાર આવે છે તે ફરી નથી આવી શક્તો. દરરોજ દરેક સવાર અને દરેક સાંજે નવા નવા ફરિશ્તા તશ્રીફ લાવે છે. જે જમીનને જિસ્મે પાક સ્પર્શેલ છે તે તો અર્શથી પણ અફઝલ છે. આવી અનેક અલ્લાહની અતા કરેલી અજોડ ખૂબીઓના માલિક આપણા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યાં આરામ ફર્માવી રહ્યા છે એ દુનિયાનું શ્રેષ્ઠ સ્થાન છે. મદીના પાકની અઝમતો પર કુર્બાન જઈએ, એ જગા તો નસીબવાળાને જ મયસ્સર થાય. છતાં ભલે આપણે હિંદુસ્તાનની ભૂમી પર છીએ, પણ હક્કના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلمની અતાઓથી મેહરૂમ નથી ! આ ભૂમી પર પણ આસ્માને વિલાયતના અસંખ્ય તારાઓ હિંદુસ્તાનના એકે એક રાજ્ય તથા શહેરમાં ચમકી રહ્યા છે અને એ જ આસ્માને વિલાયતના ચાંદ એટલે કે શહેનશાહે હિંદુસ્તાનની શાન તો નિરાલી છે, હિંદની ભૂમીને ઈસ્લામની રોશનીથી ઝગમગાવવા માટે જ જેમને બંને જહાનના સરદાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મદીના પાકથી હિંદુસ્તાન મોકલ્યા એ **અતાએ રસૂલ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી** رحمۃ اللہ علیہ જેવા વલીઓના સરદાર આપણને અતા કર્યા જેમના રૂહાની ફૈઝના વહેતા દરિયાથી આપણે રોજ બ રોજ આપણી રૂહાની જિંદગીમાં તાજગી તથા તસલ્લી અનુભવીએ છીએ. આપણે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નજરોમાં જ છીએ ! ત્યારે જ તો આ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કરમ થયો કે આપણી ભલાઈને માટે ખ્વાજા સાહબને અહીં મોકલવામાં આવ્યા. તેમ જ મહાન મહાન વલીઓ, ઈમામો આ ધરતી પર થઈ ગયા.

વર્તમાન સમય અને સંજોગોને જોતાં ઈસ્લામ વિરૂધ્ધ, શરીઅતની વિરૂધ્ધ, નામૂસે રિસાલત વિરૂધ્ધ તથા ઔલિયાની શાનની ખિલાફ ઉઠતા અધર્મીઓના ફિત્નાની રોકથામ માટે ઈસ્લામ તથા શરીઅતનો પરચમ સદા બુલંદ રહે એ હેતુથી અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા પ્રસાર માટે, એલાને હક્કનું બ્યૂગલ ફૂંકવા માટે, ગુમરાહીના પવનમાં ગુમ થયેલા દિલોને ઝંઝોળીને રાહે રાસ્ત પર લાવવાની તથા વિ□સમક્ષ ઈસ્લામ તથા શરીઅતની ખૂબીઓ ચમકતી દમકતી જાહેર કરી એના પર ખોટા આક્ષેપ કરનારાઓનાં મોઢાં પર તાળાં લગાડવા માટે અને કુર્આનની હક્કાનિયતને દુનિયા સમક્ષ રાખવા માટે સરકાર ગૌષે આ'ઝમ પીરાનપીર દસ્તગીર رحمۃ اللہ علیہ ના વસીલાથી, ઈમામ અહમદ રઝાના ફૈઝાનથી તથા તમામ ઔલિયાના ફૈઝાને કરમથી ખાસ એ જ અતાએ રસૂલ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ની નઝરે ઈનાયતથી આપની બરકતોની બહારને સમેટવા માટે **"બરકાતે ખ્વાજા"** માસિકનો આ પ્રથમ અંક આપના હાથોમાં રજુ કરતાં અમો બેહદ ખુશી અનુભવીએ છીએ. બસ ! હું એ આકાઓની બારગાહમાં અને ખાસ સરકારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم ના દરબારમાં એટલું જ કહું છે કે આ કદમ ઉઠયો છે તો હવે.....

કિસીકા એહસાન ક્યૂં ઉઠાએં, કિસીકો હાલાત ક્યૂં બતાએં
તુમ્હીંસે માંગેગે તુમ્હી દોગે, તુમ્હારે દરસે હી લૌ લગી હૈ
યે સબ તુમ્હારા કરમ હૈ આકા, કે બાત અબ તક બની હૂઈ હૈ
મૈં ઈસ કરમ કે કહાં થા કાબિલ, હુઝૂર કી બંદા પરવરી હૈ

***–પટેલ શબ્બીર અલી રઝવી***

# ફઝાઈલે હજ્જ

(તંત્રી લેખ)

**લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક, લબ્બૈક લા શરીક લક લબ્બૈક, ઈન્નલ હમ્દ, વન્નિઅ્મત, લકવલ્મુલ્ક, લા શરીક લક**

હે ઈમાનવાળા ભાઈઓ તથા બહેનો ! હજ્જની મૌસમે પુર બહાર જ્યારે આવે છે ત્યારે ઉપરોક્ત પુકારની જે કશિશ છે, તેમાં જે આકર્ષણ છે તે દરેક ઈમાનવાળા બંદાના દિલમાં વલવલાટ પેદા કરી દે છે. કાશ ! કે હું પણ હજ્જની સફરમાં જનારાઓમાં હોઉં ! કાશ ! હું પણ કા'બાએ મુઅલ્લાના દીદાર કરું ! કાશ ! હજરે અસ્વદ હોય અને મારા આ હોઠ હોય ! કાશ ! ઝમઝમની બરકતોને લૂંટનારા કાફલામાં મારું પણ નામ હોય ! કાશ ! તવાફ તેમજ સફા મરવાની સઈ કરનારા લાખો માથાઓમાં એક મારું પણ હોય, હું પણ તે પાક જગાએથી પાવન થાઉં જ્યાં ક્યાંક ચાંદના બે ટુકડા થયેલા તો ક્યાંક અન્ય મો'જિઝા જાહેર થયેલા, કાશ ! મદીના શરીફની ઠંડી ઠંડી મીઠી મીઠી હવાઓનાં ઝોંકાઓથી, ઠંડી શીરીનીથી દિલી ઠંડક મેહસૂસ કરનારાઓમાં હું પણ હોઉં ! કાશ ! સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગુંબદે ખિદરાના નૂરાની મન્ઝરથી હું પણ મારી આ આંખોને ઠંડી કરતો ! કાશ ! સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મવાજએ અકદસ સમક્ષ સોનેરી જાળીઓની સામે રહીને અતિશય અદબ, આ'જિઝી, ઈન્કેસારી અને ઈશ્કેનબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી છલકતા લબરેઝ દિલની દર્દભરી અનેરી કૈફિયત સાથે છલકતી આંખોના જામ સાથે હું પણ સલામ પેશ કરતો હોત, શફાઅતની ભીખ માંગતો હોત ! અય કાશ ! એ સૂરજ જેણે દુનિયામાં ગુમરાહીના અંધકારને પોતાની અદ્ભૂત રોશનીથી દૂર કરી આપ્યો અને વિ□ને ઈમાન તથા ઈન્સાનિયતના નૂરથી ચમકાવી દીધું, તે આફતાબે નબુવ્વતના દીવાનાઓ અબૂબક્ર, ઉમર તથા બકીઅના સહાબા સહાબિયતની મુકદ્દસ કબરોની નિકટ પહોંચી રહમતના વરસતા ધોધમાંથી કાંઈક છાંટા હું પણ મેળવી લેત. કાશ ! કે નિકટ પહોંચી રહમતના વરસતા ધોધમાંથી કાંઈક છાંટા હું પણ મેળવી લેત. કાશ ! કે જબલે ઓહદ પર જઈને શોહદાએ ઓહદના મઝાર પર હાજરી આપીને તે ઈમાન અફરોઝ જંગના મન્ઝરનો નકશો દિલમાં લાવીને હું પણ ત્યાં બે આંસૂં ઈસ્લામની મહોબ્બતમાં વહાવી લેત ! મક્કા તથા મદીનાની તમામ યાદગારોનાં સ્થાનો, મોતબર્રક જગ્યાઓએ જઈને રૂહાની તાજગી મેળવત, મિનામાં, અરફાતમાં, મુઝદલ્ફામાં હું પણ તે હાજીઓ સાથે હોત જેઓ રડી રડીને પોતાના રબથી નજાતની ભીખ માંગતા હોય છે તેમની સાથે હું પણ ગુનાહોની માફી તથા દુનિયા તથા આખેરતની નેઅમતોની ભીખ ધ્રુસ્કે ધ્રુસ્કે રડીને માંગતો હોત ! આહ !

દોસ્તો ! આ લબ્બૈક એવી સદા છે જે મુસલમાનના દિલને હચમચાવી મૂકે છે. તે ખુશનસીબ છે જેને અલ્લાહે દૌલત આપી અને તેણે

દૌલતને પકડી ન રાખી અથવા દુનિયા પાછળ જ કેવળ ન વાપરી અને અલ્લાહના ઘરની તથા સરકાર ﷺ ના રોઝાની ઝિયારત માટે આ પુકાર સાથે નીકળી પડયો : **લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક...**

અફસોસ ! આ છેતરામણી દુનિયાની રંગીનીઓ તથા રંગ રેલીઓમાં ફસાઈ ગયેલા તથા પૈસાના ખનકારમાં બેહોશ બની ગયેલા એવા પણ કેટલાક લોકો છે કે જેમની પાસે અઢળક દૌલત છે, જવાનીની તાકાત છે સર્વ સગવડો સહુલતો છતાં હજ્જ માટે નથી જતા અને પોતાના ઘરડા થવાની રાહ જુએ છે અથવા વિવિધ બહાને હજ્જને ટાળે છે તેઓ ૧૦૧ % યકીન કરી લે કે તેઓ શૈતાનના મજબૂત ફંદાથી જકડાઈ ગયેલા છે. શું મારી વાત પર વિ□ાસ નથી બેસતો ? આવો ! હું નથી કહેતો પણ તે કહે છે કે જેના દરના ટુકડા આપણે સૌ ખાઈએ છીએ ! જેના દરના આપણે સૌ ભીખારી છીએ ! આ દૌલત તમારી પાસે ક્યાંથી આવી ? અરે ! એના દરથી જ આવી ! કેમ કે એનું જ ફર્માન છે કે **ઈન્નમા અના કાસિમુન વલ્લાહુલ્ મુઅ્તી** "હું વહેંચનારો છું અને અલ્લાહ આપનારો છે." તો જે આપે છે તે અને જે આપનાર છે તે બંનેનું ફર્માન સાંભળી લો ! :–

રબ તઆલા ફર્માવે છે : (અર્થ) જે માણસ (શક્તિ હોવા છતાં) હજ્જ વિના મૃત્યુ પામે તો તે ચાહે તો "યહૂદી" થઈને મરે અને ચાહે તો "ઈસાઈ" થઈને મરે." *(સૂરએ માઈદા, આયત–૩)*

એક બુદ્ધિશાળી તેમજ હજ્જ માટે શક્તિશાળી મો'મિનના માટે રબ્બે ઝુલ જલાલનું આ ફર્માન શું ગફલતની ઊંઘમાંથી સફારો જગાડવા માટે પૂરતુ નથી ? કે ખુદાનખ્વાસ્તા યહૂદી કે ઈસાઈ થઈને મર્યો તો ક્યાં જશે ? હમેશાંની જહન્નમમાં ! (અલ્લાહની પનાહ !) માટે હે મારા પ્યારા મો'મિન ભાઈ બહેનો ! અગર શક્તિ છતાં હજ્જ નથી કરી તો આજે જ તૈયાર થઈ જાવ ! અને શૈતાનને મહાન મુસીબતમાં નાખી દો ! સાંભળો ! સરકારે દો જહાં ! ﷺ એ એ બારામાં શું ફર્માવ્યું ? :–

"જેણે બયતુલ્લાહ શરીફની હજ્જ કરી અને ન તેમાં બેહયાઈની વાત કરી અને ન ગુનાહ કર્યો તો તે પોતાના ગુનાહોથી એ રીતે બહાર આવશે જેવી રીતે તે બાળક જેને તેની માંએ હમણા જ જન્મ આપ્યો." *(સહીહ મુસ્લિમ, ભાગ–૧, પેજ–૪૩૬, કિતાબુલ્ હજ્જ, બહવાલા અહ્યાઉલ ઉલૂમ)* નબી કરીમ ﷺ એ એ પણ ફર્માવ્યું : (અર્થ) "શૈતાન અરફાતના મેદાનમાં જે પ્રમાણે ઝલીલ, ધુત્કાર પામેલો, તુચ્છ તથા ગુસ્સામાં હોય છે એવો કદી નથી જોયો." *(દુર્રે મુખ્તાર, ભાગ–૧, પેજ–૨૨૮, બહવાલા અહયાઉલ્ ઉલૂમ)*

તેમજ કેટલાક અલ્લાહના વલીઓ કશ્ફવાળાઓએ જોયું કે, અરફાતમાં શૈતાન મલઊન તેમની સામે એક માણસના રૂપમાં રજુ કરવામાં આવ્યો કે તે દુબળો પાતળો છે, રંગ પીળો પડી ગયો છે, આંખો ભારે ભારે છે, અને એકદમ ઉદાસ છે. તે બુઝુર્ગે પૂછયું કે તું શા માટે રડયો છે ? તો તેણે કહ્યું, હાજી લોકો વેપાર વિના તેની તરફ નીકળ્યા છે, અને હું કહું છું કે તેમણે તો કેવળ અલ્લાહ તઆલાનો જ ઈરાદો કર્યો છે. મને ભય છે કે અલ્લાહ તઆલા તેમને બેઈજ્જત નહીં કરે, એ વાત પર ગમગીન તથા ઉદાસ છું. તેમણે પૂછયું કે તારું શરીર કેમ કમજોર (દુબળુ) છે ? તેણે કહ્યું કે અલ્લાહના માર્ગમાં ઘોડાઓનો હણહણાટ થવાથી, કે જો તેઓ મારા માર્ગમાં હોત તો મને એ વાત અધિક પસંદ હતી. તેમણે પૂછયું, તારો રંગ કઈ રીતે બદલાઈ ગયો ? તેણે કહ્યું, ઈબાદત માટે લોકોનું એકબીજાને મદદ કરવાને લીધે. પૂછયું, તારી (પીઠ) કમ્મર કેમ તૂટી ગઈ ? તેણે કહ્યું, એટલા માટે કે બંદો કહે છે કે, "હે અલ્લાહ ! હું તારી પાસે સારા ખાત્માનો (ઈમાન પર મૌત)નો સવાલ કરું છું !" હાય ! અફસોસ ! એ ક્યારે પોતાના અમલ

પર ઘમંડ કરશે ?! મને ડર છે કે તેને ક્યાંક એ વાતની ખબર ન થઈ જાય (કે પોતાના અમલો પર ઘમંડ કરવો ન જોઈએ બલ્કે અલ્લાહની રહમતથી ઉમ્મીદ રાખવી જોઈએ.)

આવો ! આવો ! સાંભળો ! આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم શું કહે છે ?:–

"જે શખ્સ પોતાના ઘરેથી હજ્જ અથવા ઉમરાની નિય્યતથી નીકળે અને મૃત્યુ પામે તો તેને કિયામત સુધી હજ્જ તથા ઉમરા કરતા રહેનાર જેટલાં બદલો આપવામાં આવે છે અને જે શખ્સ હરમૈન તૈયેબૈનમાંથી એક હરમ શરીફમાં ઈન્તેકાલ કરી જાય તો તેને ન તો હિસાબના માટે પેશ કરવામાં આવશે અને ન તો તેનો હિસાબ થશે અને કહેવામાં આવશે કે જન્નતમાં દાખલ થઈ જા !" *(શોઅબુલ ઈમાન, ભાગ–૩, પેજ–૪૭૪, બહવાલા અહ્‌યાઉલ્ ઉલૂમ)*

જે લોકો માલદાર છે, તંદુરસ્ત છે, યુવાન છે અને છતાં ગમે તે દુનિયવી બહાનાં બનાવીને હજ્જ માટે નથી જતા અને જેઓ ઘડપણ આવ્યું છતાં ઈસ્તેતાઅત હોવા છતાં નથી જતા તેઓ વિચારે કે શું તેઓ ઉપર જણાવ્યું તેમ શૈતાનની હાલત કફોડી કરવા નથી ચાહતા ? બલ્કે શૈતાનને જ ખુશ રાખવા ચાહે છે ? શું હિસાબ કિતાબના દિવસે તેમને છૂટકારાની પરવા નથી ? શું ગુનાહોથી ખરડાયેલા રહીને જ કબરમાં પોઢવું છે ? ખબરદાર થઈ જાવ ! હજી સમય છે, જિંદગી બાકી છે તો હજ્જનો ઈરાદો કરી જ લો !

અફસોસ ! કેટલા તો એવા છે કે રૂપિયા પાઉન્ડ વધી જતાં પોતે તથા પોતાની ઔલાદને દુનિયાની સૈર કરે કરાવે છે, મોજમજાનાં સ્થળોએ દુનિયાભરના ચક્કર મારે છે. દુનિયાની અજાયબીઓ જોવામાં ગુમ થઈ જાય છે, પણ પોતે જાતે જ કેવીક અજાયબી સ્વંય એ છે તે નથી વિચારતા કે સાહિબે ઈસ્તેઆતવાળો (આર્થિક તથા શારીરિક શક્તિશાળી) જે બને તેણે તે જ વરસે હજ્જ કરવી જરૂરી છે. હજ્જ જિંદગીમાં ફર્ઝ તો એક જ વખતે છે પણ સાહિબે ઈસ્તેઆત થયા પછી મોડું કરવું ગુનોહ છે. અને આ જિંદગીનો ભરોસો પણ શું છે ? તેમણે વિચારવું જોઈએ કે ક્યાંક ઉપરની વોર્નિંગ જે રબ તરફથી છે કે "યહૂદી કે ઈસાઈ થઈને મરે" તેમા હું ન સપડાઈ જાઉં !" (અલ્લાહની પનાહ !)

શું તમે દુનિયાની દૌલતને મહાન સમજો છો ? તમારી પાસે કેટલી એક દૌલત છે ? એકાદ તાલુકા જેટલી કે જિલ્લા જેટલી છે ? રાજ્ય જેટલી ? અરે ! સાંભળો ! હજ્જ કરનાર કેટલો માલદાર થઈ જાય છે ? નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : (અર્થ) "મકબૂલ હજ્જ દુનિયા તથા દુનિયામાં જે કાંઈ છે એ સૌથી બેહતર છે અને મકબૂલ હજ્જનો બદલો જન્નત છે." *(સહીહ મુસ્લિમ, ભાગ–૧, પેજ–૪૩૬)*

દુનિયાની દરેક રાહતમાં તકલીફ છે અને દરેક તકલીફમાં રાહત છે. પણ જન્નતનો આરામ એવો છે કે જન્નતની રાહત એવી છે કે ત્યાં તકલીફની કલ્પનાય નથી, ૧૦૦% રાહત જ રાહત છે અને જહન્નમની તકલીફ એવી છે કે ત્યાં પલવાર માટે પણ રાહતની કલ્પના નથી, બસ ! તકલીફ જ તકલીફ છે. તો જો તમે તમારી દૌલતને હજ્જના માટે ખર્ચશો તો હમેશાંની રાહતના સોદાગર બનશો અને જો ખોટા માર્ગે ખર્ચ કરશો તો દોઝખના અઝાબમાં કોઈ રાહત નથી તે ભૂલશો નહીં !

હે હજ્જ તથા ઉમરા માટે જનારા ખુશનશીબો ! સાંભળો તમે કોણ છો ? તમારો મર્તબો શું છે ? "હજ્જ તથા ઉમરો કરનારાઓ અલ્લાહના પ્રતિનિધિમંડળ છે અને તેની ઝિયારત કરવાવાળા છે. જો તેઓ અલ્લાહ તઆલાથી કાંઈક માંગે તો તે અતા કરે છે અને બખ્શિશ તલબ કરે તો તે તેમને બખ્શી દે છે અને જો દુઆ માંગે તો તે કબૂલ કરે છે. જો કોઈની શફાઅત કરે તો તેમની શફાઅત કબૂલ કરવામાં આવે છે." *(સુનને કુબરા*

લિલ્ બયહકી, ભાગ–૫, પેજ–૨૬૨)

સુબ્હાનલ્લાહ ! ક્યાં સુધી દૌલતને લઈને બેસી રહેશો ! ક્યાં સુધી દુનિયાની ચિંતાઓની સાંકળોથી બંધાઈ રહેશો ! બધું આપવાવાળો જ તમને બોલાવે છે ! કેવું આપવાના વાયદા કરે છે ! બંને જહાનની નેઅમતોના વાયદા, બંને જહાનની ચિંતાઓને દૂર થવાના વાયદા, જે કાંઈ માંગો તે આપવાના વાયદા, છતાં તમે આ શૈતાની જંઝીરોને નહીં તોડો ?! હજીય ગફલતમાં રહેશો !

રબ્બે કરીમના કરમના અસીમ દરિયા પર એક નજર તો ફેંકો ! શું ફર્માવે છે ? કેવી મગફેરતની ગેરંટી ઈમાનવાળાને આપે છે. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"તે શખ્સ લોકોમાં સૌથી મોટો ગુનેહગાર છે જે અરફાતમાં ઉભો થાય અને એવો ખયાલ કરે કે અલ્લાહ તઆલાએ તેની મગફેરત નથી ફર્માવી." *(અલ્ ફિરદોસ બિમાષૂરિલ્ ખિતાબ, ભાગ–૧, પેજ–૩૫૯)*

એટલે યકીન રાખો કે રબ મગફેરત ફર્માવનારો છે. અને કેવી રહમતોની બહાર ત્યાં ચાલે છે તે તો જુઓ ! સરકારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : "આ બયતુલાહ શરીફ પર દરરોજ ૧૨૦ રહમતો નાઝિલ થાય છે, તેમાંથી ૬૦ તવાફ કરનારાઓ માટે, ૪૦ નમાઝ પઢનારાઓ માટે અને ૨૦ બયતુલ્લાહ શરીફની ઝિયારત (દીદાર) કરનારાઓ માટે છે." *(મજમઉઝ્ ઝવાઈદ, ભાગ–૩, પેજ–૨૯૨)*

અરે દોસ્તો ! હાજીઓ માટે તો અલ્લાહના પ્યારા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم દુઆ કરે છે કે, "હે અલ્લાહ ! હજ્જ કરનારાઓને બખ્શી દે ! અને જેના માટે હાજી દુઆ કરે તેને પણ બખ્શી દે !" *(મુસ્તદરક હાકિમ, ભાગ–૧, પેજ–૪૪૧)*

ફરિશ્તાઓ પણ હાજીઓનું કેવું સ્વાગત કરે છે ? હઝરત મુજાહિદ તથા અન્ય ઉલમા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ફર્માવ્યું કે હાજી સાહબો જયારે મક્કા મુકર્રમામાં આવે છે તો ફરિશ્તાઓ તેમની સાથે મુલાકાત કરે છે. તેઓ ઊંટ પર સવાર હાજીઓને સલામ કરે છે, દરાઝગોશ પર સવાર હઝરાત સાથે મુસાફો કરે છે અને જે લોકો પગપાળા ચાલે છે તેમને ગળે મળે છે.

આવો ! આગળ વધો, હે ઈમાનવાળાઓ ! બૈતુલ્લાહ શરીફનો તવાફ કરો અને તેની ફઝીલત જોઈ લો ! સરકારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે : "અલ્લાહ તઆલાએ એ ઘરને વાયદો ફર્માવ્યો છે કે દર વરસે છ લાખ માણસો તેની હજ્જ કરશે. અને અને ઘટી જશે તો અલ્લાહ તેને ફરિશ્તાઓ થકી પૂરા કરશે. અને (કિયામતના દિવસે) કા'બાને અલ્લાહ પહેલી રાતની દુલ્હનની જેમ ઉઠાડશે અને જે જે લોકોએ તેની હજ્જ કરી તેઓ તેના પર્દાઓ સાથે લટકેલા હશે તથા તેની આસપાસ ચક્કર મારી રહ્યા હશે એટલે સુધી કે તે (કા'બા) જન્નતમાં દાખલ થશે અને તે લોકો પણ તેની સાથે જન્નતમાં દાખલ થશે." *(અલ્ અસ્રારુલ મરફૂઅહ્, પેજ–૭૬, હદીષ–૨૭૨)*

અને હજરે અસ્વદની ફઝીલત જુઓ ! એ શું છે ? ફર્માવ્યું સરકારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે : "બેશક ! હજરે અસ્વદ જન્નતના યાકૂતોમાંથી એક યા'કૂત છે અને તે કિયામતના દિવસે એવી રીતે ઉઠાડવામાં આવશે કે તેની બે આંખો અને એક જીભ હશે જેના થકી તે વાતચીત કરશે અને દરેક તે વ્યક્તિના માટે ગવાહી આપશે જેણે તેને હક્ક તથા સદાકતની સાથે બોસો આપ્યો." *(જામેઅ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૧૪૮)* નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم હજરે અસ્વદને ખૂબ જ પ્રમાણમાં બોસા આપ્યા કરતા હતા.

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ થી મરવી છે કે મક્કા મુકર્રમામાં એક દિવસનો રોઝો એક લાખ રોઝા બરાબર છે, એક દિરહમનો સદકો એક લાખ દિરહમોના બરાબર છે તે જ પ્રમાણે દરેક નેકી એક

લાખના બરાબર છે અને કહેવામાં આવ્યું છે કે સાત તવાફ (કુલ ૪૯ ચક્કર) એક ઉમરાના બરાબર છે અને ત્રણ ઉમરા એક હજ્જના બરાબર છે. એક સહીહ હદીષમાં છે : ''રમઝાનુલ મુબારકમાં ઉમરો કરવો મારી (હુઝૂર ﷺ ની) સાથે હજ્જની જેમ છે. *(મુસ્તદરક લિલ્ હાકિમ, ભાગ–૧, પેજ–૪૫૭)*

એક રિવાયત છે કે સરકાર ﷺ એ ફર્માવ્યું કે, ''અલ્લાહ તઆલા દર રાત્રે જમીનવાળાઓ તરફ નજર ફર્માવે છે તો સૌ પ્રથમ જેની તરફ નજર ફર્માવે છે તે હરમવાળાઓ છે અને હરમવાળાઓમાંથી સૌ પ્રથમ મસ્જિદે હરામવાળાઓની તરફ નજર ફર્માવે છે તો જેને તવાફ કરતા જુએ છે તેને બખ્શી દે છે, અને જેને નમાઝ પઢતા જુએ છે તેને બખ્શી દે છે અને જેમને કા'બા તરફ ચહેરો કરીને ઉભેલા જુએ છે તેમને પણ બખ્શી આપે છે. (સુબ્હાનલ્લાહ !)

સારાંશ કે હજ્જ દરેક મુસલમાન આકિલ, બાલિગ, સ્ત્રી પુરૂષ, સાહિબે ઈસ્તેઆત પર ફર્ઝ છે, જીવનમાં એકવાર ફર્ઝ છે. એની ફર્ઝિયતનો મુન્કિર કાફિર છે. અને એની અઢળક ફઝીલતોમાંથી અમુક જ ઉપરના લખાણમાં વર્ણન કરી છે, જેનો દિલથી અભ્યાસ કરીને ઈમાનની નજરોથી વાંચી મનન કરીને શક્તિશાળીઓ એના પર જરૂરથી અમલ કરે એવી અપેક્ષા છે. તૌફીક આપનાર અલ્લાહ છે.

અને હજ્જ બાદ મદીના શરીફની હાજરી ! સુબ્હાનલ્લાહ ! ઈશ્કવાળાનો આલમ તો આવો હોય છે :

ગૌરસે સુન તો "રઝા" કા'બેસે આતી હૈ સદા
મેરી આંખોસે મેરે પ્યારે કા રૌઝા દેખો

હાજીઓ ! આઓ ! શહનશાહકા રૌઝા દેખો
કા'બા તો દેખ ચૂકે કા'બેકા કા'બા દેખો

મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં આપણને સૌને વારંવાર હરમૈન શરીફૈનની હાજરી નસીબ કરે. તમામ હાજી સાહબો અમારા હક્કમાં પણ ખાત્મા બિલ ખૈરની દુઆ કરે એવી નમ્ર ગુઝારિશ છે. *(સંપૂર્ણ) (–તંત્રી) પટેલ શબ્બીર અલી રઝવી*

## ★ હાજીઓ ! આ વાતો પણ યાદ રાખશો ! ★

**(૧)** કેટલાક હાજીઓ ડાબો ખભો ખુલ્લો રાખીને (ઈઝતેબાઅની) હાલતમાં નમાઝ પઢે છે તો એ રીતે નમાઝ મકરૂહે તેહરીમી થશે એટલે કે ફરી એહરામ ઠીક રાખીને દોહરાવવી વાજિબ થશે. કેવળ તવાફના સાત ચક્કરમાં જ ડાબા ખભા નીચેથી ચાદર કાઢીને ખભો ખુલ્લો રાખવો. તવાફ પૂરો થતાં જ બંને ખભા ઢાંકી લઈને પછી વાજિબુત્તવાફ નમાઝ પઢી પછી સઈમાં પણ ખભા ઢાંકેલા રાખવા. પછી ખોલવાની જરૂરત નથી.

(૨) ઘણા હાજીઓ રુકને યમાનીને દૂરથી હાથનો ઈશારો કરી બોસો આપે છે એ પણ સહીહ નથી. કેવળ રુકને યમાનીની નજીકથી પસાર થાય તો બે હાથોથી અથવા જમણા હાથથી સ્પર્શીને હાથ ચૂમી લો પણ ભીડમાં દૂર હોઉ તો કાંઈ ઈશારો કરવો નહીં, હાથ ચૂમવા નહીં.

**નોંધ** : સઈ કરી લીધા પછી જાતે અથવા સાથી પણ સઈ કરી ચૂક્યો હોય તે જાતે પોતાનું અથવા એકબીજાનું માથું મુંડી શકે છે. દિવસમાં બે ત્રણ ઉમરા કરો તો ભલે માથા પર વાળ ન હોય પણ ઉમરો પૂરો થતાં માથા પર અસ્તરો ફેરવી લેવો. *(બહારે શરીઅત)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

(કાર્યાલય)

★ ★ અઝ ★ ★
ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજજાદાનશીન ભીરા શરીફ (પાક.)

હપ્તો : ૦૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## ★ સૂરએ ફાતિહાની તફસીર ★

આ સંક્ષિપ્ત પણ હકીકતો તથા મઅનાઓથી લબરેઝ, દિલનશીં તથા દિલઆવેઝ જલીલુકદર સૂરત છે જેનાથી આ મુકદસ આસ્માની કિતાબનો પ્રારંભ થાય છે જેણે માનવ ઈતિહાસનું રુખ બદલી નાખ્યું, જેણે ફિકો નઝર (ચિંતન તથા દષ્ટિ)માં ક્રાંતિ સર્જી નાખી, જેણે દિલ તથા રૂહને નવી જિંદગી બખ્શી. આ પવિત્ર સૂરતની ભરચક બરકતોને કઈ રીતે કલમ વડે સમેટી શકાય છે ?! તે વિવિધ નામો જેનાથી નબી અકરમ ﷺ એ આ સૂરતને યાદ ફર્માવી, હકીકત જોતી આંખોને એ ફયૂઝો તથા બરકતોથી મિલાવી દેશે જે એમાં ઘણી ખૂબસૂરતીપૂર્વક સમાવી દેવામાં આવેલ છે. એ નામોમાંથી અમુક આ પ્રમાણે છે :–

- **અલ્ ફાતિહા** : રહમત તથા હિમ્મતના ખજાનાઓ ખોલનારી.
- **ફાતિહતુલ કિતાબ** : કુર્આને હકીમનાં ગુપ્ત રહસ્યોની ચાવી.
- **ઉમ્મુલ કુર્આન** : કુર્આની હકીકતોનું મૂળ તથા ઉગમસ્થાન.
- **સબઉલ મષાની** : વારંવાર દોહરાવવામાં આવતી સાત આયતો.
- **અશ્શિફા** : શારીરિક તથા આધ્યાત્મિક બીમારીઓનું તિર્યાક.

આ સૂરતે પાક મક્કા મોઅઝ્ઝમામાં નાઝિલ થઈ. એનો એક રુકૂઅ છે, સાત આયતો છે, એના શબ્દોની સંખ્યા પચીસ છે અને હર્ફોની સંખ્યા ૧૨૩ છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

અલ્લાહના નામથી[૧] શરૂ કરું છું[૨] જે ઘણો જ મહેરબાન હમેશાં રહમ કરવાવાળો છે[૩].

૧. ઈસ્લામી સમાજના આદાબમાં **બિસ્મિલ્લાહ શરીફ**ને મહત્વનું સ્થાન પ્રાપ્ય છે. આપણને આપણા હાદી વ મુર્શિદ ﷺ એ સબક આપ્યો છે કે દરેક કામ બિસ્મિલ્લાહ શરીફથી શરૂ કરો. બલ્કે એટલે સુધી ફર્માવ્યું : (અર્થ) "દરવાજો બંધ કરો તો અલ્લાહનું નામ લેતા રહો, દીવો ઓલવો તો અલ્લાહનું નામ લેતા રહો, તમારાં વાસણો ઢાંકો તો અલ્લાહનું નામ લેતા રહો, તમારી મશકનું મુખદ્વાર બાંધો (ફીટ કરો) તો અલ્લાહનું નામ લેતા રહો." (તફસીરે કુર્તબી) મકસદ એ છે કે દરેક કામ નાનુ હોય કે મોટુ કરતી વખતે ઈન્સાન પોતાનાં કામોને હકીકી તૌર પર બનાવનારનું નામ લેવાનો આદી બની જાય જેથી તેની બરકતથી મુશ્કેલીઓ આસાન થાય. તેના સમર્થન તથા મદદ પર તેનો તવક્કુલ મજબૂત થઈ જાય. તેમજ જ્યારે તેને દરેક કામ શરૂ કરતી વખતે અલ્લાહનું નામ લેવાની આદત પડી જશે તો તે દરેક એવું કામ કરવાથી રોકાઈ જશે જેમાં તેના રબ તઆલાની નારાજગી હોય. ઈમામ

કુર્તબીએ સહીહ સનદ સાથે આ હદીષ નકલ કરી છે કે ઉષ્માન ઈબ્ને અબી આસ رضی اللہ عنہ એ શિકાયત કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે ઈસ્લામથી પાવન થયો છું ત્યરથી શરીરમાં દર્દ રહે છે. તો હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યાં દર્દ હોય ત્યાં હાથ રાખીને ત્રણવાર બિસ્મિલ્લાહ શરીફ પૂરી પઢો અને સાત વાર આ વાક્ય કહો :–

اَعُوْذُ بِعِزَّةِ اللّٰهِ وَقُدْرَتِهٖ مِنْ شَرِّ مَا اَجِدُ وَاُحَاذِرُ۔

**"અઊઝુ બિઈઝ્ઝતિલ્લાહિ વકુદ્રતિહી મિનશર્રિ માઅજિદુ વઉહાજિર"**

**૨.** અલ્લાહ મઅ્બૂદે હકીકીનો ઈલ્મ ઝાતી છે. રબની ઝાત સિવાય કોઈના માટે વપરાતુ નથી.

**૩.** આ બંને મુબાલગા (અતિશયતા) દર્શાવતા સૂચકો (સેગા) છે, એમનો માખઝ રહમત છે. અને અલ્લાહની રહમતથી મુરાદ તેનું તે ઈનામ તથા ઈકરામ છે જેનાથી તે પોતાની મખ્લૂકને સરફરાઝ કરે છે. વજૂદ, જિંદગી, ઈલ્મ, હિકમત, શક્તિ, ઈજ્જત તથા નેક અમલોની તૌફીક સૌ તેની રહમતનાં ઉદ્ભવ સ્થાનો (મઝહરો) છે. આ તેની અતિશય રહમત જ તો છે જેણે વણમાગ્યે ઈન્સાનની શારીરિક તથા આધ્યાત્મિક ઉચ્ચતાનો સર્વ સામાન પૂરો પાડી દીધો. આ તેની હદો હિસાબ વગરની રહમત જ તો છે કે આપણી લગાતાર નાશુક્રીઓ અને નાફર્માનીઓ છતાં તે પોતાના લુત્ફો કરમનો દરવાજો બંધ નથી કરતો. ક્યારેક આપે વિચાર્યું કે કુર્આન અલ્લાહ તઆલાની જે સિફત (ખૂબી)નું સૌ પ્રથમ વર્ણન કરે છે તે સિફત કહ્હારિત તથા જબ્બારિયત નથી બલ્કે રહમાનિયત તથા રહીમિયત છે. એ એટલા માટે કે બંદાનો જે તઅલ્લુક અલ્લાહ તઆલા સાથે છે તેનો દારોમદાર ખૌફ તથા ડર અને રૂઆબ તથા દબદબા પર ન હોય, બલ્કે રહમત તથા મહબ્બત પર હોય. કેમ કે આ તે જ અકસીર છે જેનાથી ઈન્સાનની છુપી કાબેલિયતો જાગૃત થાય છે અને ગુપ્ત રહેલી શક્તિઓ જાહેર થાય. અને એ જ ઈન્સાનિયતની મેઅ્રાજ છે કે માણસ પોતે પોતાને ઉઘાડો જોઈ લે. અમુક હકને ના પિછાનનારા કહે છે કે ઈસ્લામનો ખુદા ખૂની છે અને તેના માનવાવાળઓને ખૂંખારી શીખવાડે છે. કાશ ! તેઓ ઈસ્લામની પવિત્ર કિતાબના પ્રથમ પેજની પ્રથમ આયત જ પઢી લેત તો તેમને પતો લાગી જાત કે ઈસ્લામનો ખુદા ખૂંખાર નથી પણ રહમાન છે. એની રહમતના વિશાળ દામને સૃષ્ટિના ઝર્રા ઝર્રાને પોતાના લુત્ફો કરમની આગોશમાં સમાવેલ છે, તેનો ખુદા નિર્દયી નથી પણ રહમાન (કૃપાળુ) છે. તેની રહમત (કૃપા)નું વાદળ દરેક સમયે વરસતુ જ રહે છે.

જેમ કે પ્રથમ દર્શાવ્યું કે આ બંને અતિશયતાના સૂચકો છે. તેમનો અર્થ કેવળ રહમત કરનાર જ નથી બલ્કે "ઘણો જ અને દરેક સમયે રહમત કરનાર" છે. **અર્રહ્માનમાં અર્રહીમથી** પણ વધુ અતિશયતા છે. એટલે કે "ઘણો જ રહમ કરવાવાળો", એટલી રહમત કરવાવાળો કે જેનાથી વધારેની કલ્પના જ નથી કરી શકાતી.

"એનો અર્થ હકીકી એહસાન કરનાર, મહેરબાની કરવામાં સૌથી ઉત્તમ અને આ ખૂબીઓ તેના (રબ) સિવાય કોઈના પર લાગુ થશે નહીં." *(બયઝાવી)* **એટલા માટે "રહમાન" અલ્લાહ તઆલાની જાત સિવાય કોઈને કહી શકાતુ નથી.**

**મસ્અલા** : બિસ્મિલ્લાહ શરીફ (પૂરી) અલ્લાહનું કલામ છે. બે સૂરતોને અલગ પાડવાના માટે એનું નુઝૂલ થયું. એ ન સૂરએ ફાતિહાની આયત છે ન કોઈ અન્ય સૂરતની. હા ! સૂરએ નમ્લની એક આયતનો ભાગ છે. એટલા માટે હનફીઓ તથા માલિકીઓ નજીક સૂરએ ફાતિહાની જેમ નમાઝમાં એને મોટા અવાજે પઢવી મના છે.

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝١ الرَّحْمٰنِ

સર્વ તારીફો[૪] અલ્લાહના માટે જે કમાલના મર્તબા સુધી પહોંચનાર છે[૫]. સર્વ જહાનોનો[૬] ઘણો મહેરબાન...

**૪.** દરેક ખૂબી તથા કમાલ જેનું પ્રદર્શિત થવું ઈખ્તિયાર તથા ઈરાદાથી હોય તેની પ્રશંસા તથા વખાણને અરબીમાં હમ્દ કહે છે. તો હમ્દ શબ્દએ હકીકતને ઓપન કરી દીધી કે અલ્લાહ તઆલાનું કમાલની સિફતો સાથે સંબંધિત હોવું ગૈર ઈખ્તિયારી નથી બલ્કે તેની પોતાની મરજી તથા ઈરાદાનું પ્રદર્શન છે. કમાલ ક્યાંય પણ હોય જમાલ ગમે તે રૂપમાં હોય એ તેની જ કરિશ્માસાઝી છે, તેની જ બાઈખ્તિયારી તદ્બીરનો એ'જાઝ (કમાલ) છે, જેથી વખાણ તથા તા'રીફ કોઈની પણ કરવામાં આવે એ હકીકત તે ઝાતે બેમિષાલની છે જેની કુદરત તથા ઈખ્તિયારથી આ આલમે રંગોબૂની સર્વ રંગીનીઓ તથા ખુશહાલીઓ અસ્તિત્વમાં છે. એટલા માટે ફર્માવ્યું : اَلْحَمْدُ لِلّٰهِ

સૂરએ ફાતિહાની શરૂઆત અલ્હમ્દુથી કરી એનાથી એ બાબત પ્રતિ પણ નિર્દેશ છે કે સાલિક જયારે તલબના માર્ગમાં કદમ રાખે તો પ્રથમ પોતાના રબની હમ્દ (પ્રશંસા) કરે જેણે એ માર્ગે કદમ વધારવાની એને તૌફીક બખ્શી, જેણે મંઝિલે મકસૂદની લગન તેના દિલમાં પેદા કરી. કેમ કે :–

***મેરી તલબ ભી ઉન્હીં કે કરમકા સદકા હૈ***
***કદમ યહ ઉઠતે નહીં હૈં ઉઠાયે જાતે હૈં***

તદ્ઉપરાંત આ સૂરતમાં દુઆ પણ છે અને દુઆના આદબમાંથી એ પણ છે કે તે મૌલાએ કરીમ જેની સામે તે તલબનો દામન ફેલાવી રહ્યો છે તેની અંદાજ બહારની બખ્શિશ તથા તેની વિ□વ્યાપી અતાઓ (ઈનાયતો)નો સ્વીકાર કરે.

**૫.** રબ "મસ્દર" (કર્મ) છે તેનો અર્થ છે તર્બિયત. (પાળવું) અરબીમાં કહે છે : (અર્થ) કોઈ ચીજને તેની અઝલી કાબેલિયત અને ફિતરી ક્ષમતાના પ્રમાણે ક્રમે ક્રમે કમાલના મર્તબે પહોંચાડવું. (રૂહુલ મઆની) અલ્લાહ તઆલાની અગણિત નેઅમોમાંથી ઈનામ પામનાર માટે આ'લાતરીન નેઅમત તર્બિયત છે. એટલા માટે હમ્દના પછી તુરત જ તેનું વર્ણન કરીને હામિદને (હમ્દ કરનારને) યાદ અપાવ્યું કે જેની તું હમ્દ કરી રહ્યો છે તે જ દરેક હમ્દ (વખાણ)ને પાત્ર છે કેમ કે તેણે તને કમઝોરી તથા અશક્તિ, જેહાલત તથા બેબસીની હાલતોથી કાઢીને આ મંઝિલ સુધી પહોંચાડયો.

**૬. "આલમીન"** આલમનું બહુવચન છે અને એ માખૂઝ છે અલમનું જેનો અર્થ અલામત તથા નિશાનીથી છે. કેમ કે દરેક ચીજ પોતાના પેદા કરવાવાળાની ભાળ આપે છે. વળી એમાં એ સરસ મુદ્દા પ્રતિ નિર્દેશ છે કે ઈસ્લામનો ખુદા કોઈ ખાસ કૌમ, વંશ તથા વતનનો ખુદા નથી જેથી તેની નવાઝિશો કોઈ ખાસ કૌમ તથા નસલ (વંશ)ના સાથે મખ્સૂસ હોય, બલ્કે તેની રબૂબિયતનો રિશ્તો કાયનાતની દરેક ચીજની સાથે સમાન છે. અને એટલા માટે તેના લુત્ફો એહસાનના સૌ સમાન રીતે હક્કાદાર છે, શર્ત એ કે તેઓ તેના હુકમોના પાલન થકી પોતાને એના લાયક પુરવાર કરી આપે.

الرَّحِيْمِ ۝٢ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ۝٣ اِيَّاكَ نَعْبُدُ وَ

હમેશાં રહમ કરવાવાળો માલિક છે[૭] બદલાના દિવસનો[૮] તારી જ અમે ઈબાદત કરીએ છીએ[૯] અને

**૭.** માલિક કહે છે : (અર્થ) તે હસ્તી જે પોતાના મિલ્ક (માલિકીની ચીજ)માં જે ચાહે કરી શકે. (બય્ઝાવી) આ શબ્દથી તે બાતિલ અકીદાની રદ થઈ ગઈ જેમાં હિંદુસ્તાનના મુશ્રિક અને કેટલીયે અન્ય કૌમો સપડાયેલી હતી એટલે કે ખુદા દરેક

મુજરિમને સજા આપવા માટે મજબૂર છે, તેને માફ કરવાનો હરગિઝ ઈખ્તિયાર નથી. કુર્આને ફર્માવ્યું તે માલિક તથા મુખ્તાર છે અને દરેક ચીજ જિન તથા ઈન્સાન સૌ તેની મિલ્કતમાં છે. જેવી રીતે ચાહે તેમની સાથે સુલૂક કરે. જો મુજરિમને સજા આપવા ચાહે તો તેને કોઈ રોકી નથી શકતુ અને જો બખ્શવા ચાહે તો તેને કોઈ ટોકી નથી શક્તું.

૮. દીનનો અર્થ છે હિસાબ તથા જઝા. લુબૈદ કહે છે (અર્થ) : "જેવું વાવો તેવું લણો, કરો તેવું પામો." સવાબ તથા અઝાબની તા'બીર દીન શબ્દ વડે કરી જેથી ખબર પડે કે આ સવાબ તથા અઝાબ વિના કારણે નથી બલ્કે તેમના પોતાના અમલોનું તબઈ (સ્વભાવિક) ફળ છે, એમાં કોઈ બેમત નથી. મકસદ એ છે કે માણસ ગુનાહોની લિજ્જતમાં ખોવાઈને એ બુરા પરિણામોથી બેખબર ન થઈ જાય જે જાહેર થઈને રહેશે. પોતાની અનિશ્ચિત ઉમર અને તેની ફના થનારી રાહતો અને ઈજ્જતો પર મગરૂર થઈને એ દિવસને ન ભૂલી બેસે જ્યારે કે ઈન્સાફના ત્રાજવામાં તેનો દરેક નાનો મોટો નેક તથા બુરો અમલ તોલવામાં આવશે. એમાં શક નથી કે તે રબ છે તેની રહમતનો કોઈ કિનારો નથી પણ તેની આ કમાલની સિફત પણ દરેક સમયે નજરો સમક્ષ રાખશો કે તે આદિલ છે. હક્ક તો એ કે અદ્લના વિના તેની રબૂબિયત તથા રહમતની સિફતોનો કામિલ ઝહૂર જ નથી થઈ શક્તો. કાન ખોલીને સાંભળી લો ! તે દિવસ આવનારો છે જ્યારે શાનો શૌક્ત તથા દબદબાના સર્વ કાલ્પિનિક કિલ્લા નષ્ટ થઈ જશે, અકડાઈ ઉઠેલી ગરદનો ઝુકી જશે, જાહેર તથા બાતિનમાં તેના જ હુકમો ચાલશે જે હકીકી ફર્માંરવાં છે.

કેટલી અફસોસનાક હકીકત છે કે **તે ઉમ્મત જેના દીનના પાયાના અકીદાઓ (માન્યતાઓ)માં હિસાબના દિવસ પર ઈમાન લાવવાનું છે છતાં પણ અમલના મેદાનમાં તેના મોટા ભાગના લોકોમાં આ ઈમાનની કોઈ અસર મેહસૂસ થતી નથી જોવા મળતી !** તેઓ હિસાબના દિવસ અને અમલોના બદલા બાબતના કાનૂનોથી એવા ગાફેલ છે કે જાણે કોઈએ એને એ વાત બતાવી જ નથી !

૯. ઈબાદત શું છે ? તમને લુગત (શબ્દકોષ) તથા તફસીરની સર્વ કિતાબોમાં તેનો આ અર્થ જોવા મળશે, "હદ દરજાની આ'જિઝી તથા ઈન્કેસારી". મુફસ્સિરો તેનું દષ્ટાંત સજદા થકી આપે છે, જ્યારે કે કેવળ સજદો જ ઈબાદત નથી બલ્કે નમાઝની હાલતમાં તમામ હલન ચલન તથા સુકૂનથી રહેવું ઈબાદત છે. હાથ બાંધીને ઉભા થવું, રૂકૂઅ અને રૂકઅ પછી હાથ છોડીને ઉભા થવું, સજદા અને તેના પછી અત્તહિય્યાતની હાલતમાં ગુથણોવાળીને બેસવું, સલામના માટે જમણી ડાબુ બાજુ મોઢું ફેરવવું, આ બધું જ ઈબાદત છે, એની તો કલ્પના પણ નથી કરવામાં આવતી ! અને જો આ સર્વ ચીજો મુત્લકન (કોઈ શર્ત વિના) ઈબાદત છે તો જો કોઈ શાગિર્દ પોતાના ઉસ્તાદની સામે અને પુત્ર પોતાના બાપની સામે ગુથણભેર બેસે છે અથવા તેમના આગમન પર ઉભો થઈ જાય છે તો શું એવું કહેવું દુરુસ્ત થશે કે તેણે પોતાના ઉસ્તાદ અથવા બાપની ઈબાદત કરી ?! અને તેમને પોતાના મઅબૂદ બનાવી દીધા ? અલ્લાહની પનાહ ! હરગિઝ નહીં ! પછી તે કઈ ચીજ છે જે આ હલન ચલન કરવાને તથા સુકૂનથી રહેવાને કે જો એ નમાઝમાં હોય તો ઈબાદત બનાવી દે છે અને એ રીતે ઉભા રહેવાને (હાથ બાંધીને કે ખુલ્લા રાખીને) અને એ રીતે બેસવાને અને જમણી તથા ડાબુ બાજુ મોઢું ફેરવવાને આ'જિઝી તથા ઈન્કેસારી (પોતાને તુચ્છ જાણવા)ની અંતિમ કક્ષાએ પહોંચાડી આપે છે, અને જો એ જ ચીજો નમાઝથી નીકળી જાય તો ન એમાં અંતિમ કક્ષાનો ખુઝૂઅ છે ન એને ઈબાદત ગણવામાં આવે છે ? તો એનો તફાવતકર્તા એક જ છે અને તે એ કે જે જાતના માટે અને જેની સામે તમે આ કામો કરી

રહ્યા છો તેના સંબંધે આપનો અકીદો શો છે ? જો તમે તેને અલ્લાહ તથા મઅબૂદ યકીન કરો છે તો એ સર્વ અમલો ઈબાદત છે અને સૌમાં અત્યંત કક્ષાની આ'જિઝી તથા ખુઝૂઅ જોવા મળે છે, પણ જો તમે તેને અબ્દ તથા બંદો સમજો, ન ખુદા ન ખુદાનો પુત્ર, ન તેની પત્ની, ન તેનો અવતાર, તો આ અમલો ઈબાદત કહેવાશે નહીં. હા ! તમે તેને એહતેરામ, સન્માન તથા તા'ઝીમ કહી શકો છો. અલ્બત્ત ! શરીઅતે મુહમ્મદી صلى الله عليه وآله وسلم માં ગૈરે ખુદાના માટે તા'ઝીમી સજદાની પણ મનાઈ છે. આટલુ સમજી લીધા પછી એ વાત આપોઆપ સ્પષ્ટ થઈ ગઈ કે અલ્લાહ તઆલાની પાક ઝાતના સિવાય કોઈ બીજી ચીજ એવી નથી જેની ઈબાદત શરીઅતની રૂએ કે અક્લી એ'તબારથી દુરુસ્ત હોય. સૌથી ઉચ્ચતમ તથા શક્તિશાળી તે, સૌનો ખાલિક અને સૌને પોતાની તર્બિયતથી કમાલના મર્તબે પહોંચાડનાર તે, લુત્ફો કરમની ધોધમાર વર્ષા વરસાવનાર તે, બંદો હજાર ખતાઓ કરે, લાખો જુર્મ કરે પણ પોતાની રહમતથી માફ કરનાર તે, અને કિયામતના દરેક નેક તથા બદ્‌ની કિસ્મતનો ફૈંસલો ફર્માવનાર તે, તો પછી તેને છોડીને ઈન્સાન કોઈ ગૈરની ઈબાદત કરે તો છેવટે શા માટે ? બલ્કે એના સિવાય બીજા છે કોણ જે મઅબૂદ તથા અલ્લાહ હોય અને તેની પૂજા કરવામાં આવે ?! એટલા માટે કુર્આને આપણને કેવળ એ જ તા'લીમ નથી આપી કે "નઅ્બુદુ" કે "અમે તારી ઈબાદત કરીએ છીએ." કેમ કે એમાં એ અંદશો પણ છે કે "અમે તારી ઈબાદત કરીએ છીએ અને તારી સાથે અન્યોની પણ !" બલ્કે એ સબક શીખવાડયો કે "ઈય્યાકનઅ્બદુ", "કેવળ તારીજ અમે ઈબાદત કરીએ છીએ." અને કોઈની નથી કરતા. મુફસ્સિરીને કિરામે "ઈય્યાક"ને આગળ રાખવામાં હસ્ર તથા તખ્સીસ (પાબંદી તથા ખાસ હોવા પણા) ઉપરાંત અન્ય બારીકીઓનો પણ ઉલ્લેખ કર્યો છે. ફર્માવે છે; અહીં ત્રણ ચીજો છે : આબિદ, ઈબાદત અને મઅબૂદ. આરિફે જોઈએ કે આ સ્થાને પોતે પોતાને પણ ભૂલી જાય, ઈબાદતને પણ મકસૂદ ન બનાવે બલ્કે તેની દષ્ટિ કેવળ પોતાના હકીકી મઅબૂદ પર જ હોય કે જેથી તેના જમાલ તથા જલાલના અન્વારોના મુશાહેદામાં ડૂબી જવાની નેઅમતથી સરફરાઝ કરવામાં આવે. એટલા માટે ફર્માવ્યું : "ઈય્યાકનઅ્બુદુ". આબિદ એક છે પણ સેગા (સંકેત) બુહવચનનો ઉપયોગ કરી રહ્યો છે એમાં મુદ્દો એ છે કે પોતાની નાકિસ (અપૂર્ણ) ઈબાદતને અલ્લાહની બારગાહના નિકટવર્તી લોકોની ઈખ્લાસ તથા નિયાઝમાં ડૂબેલી ઈબાદતની સાથે રજુ કરે જેથી તેમની બરકતથી તેની ઈબાદતને પણ કબૂલિયતનું બહુમાન નસીબ થાય. *(ક્રમશઃ)*

પેજ નું. : ૧૮ નું ચાલુ.........

તેમને પોતાનાં ઘરો, બાગો, જમીનોમાં સમાન રીતના ભાગીદાર બનાવી લીધા, એટલે સુધી કે જો કોઈ અન્સારની બે પત્નીઓ હતી તો એકને તલાક આપીને મુહાજિર ભાઈના નિકાહમાં આપી દીધી. અંદેશો હતો કે કોઈ જમીન, મકાન કે ઔરતની લાલચમાં હિજરત કરે એટલા માટે હુઝૂરે આ ઈર્શાદ ફર્માવ્યો. આ લખાણથી જાળવા મળ્યું કે અહીં **અન્નિય્યાત**માં નિય્યત કામના ઈરાદાના અર્થમાં નથી બલ્કે ઈખ્લાસના અર્થમાં છે. રિયાકાર મુહાજિર પણ મુહાજિર કહેવાશે પણ સવાબ પામશે નહીં, જેમ કે **હિજરતુહૂ**થી જણાઈ રહ્યું છે.

**૬.** મિશ્કાતના લેખક વલીયુદ્દીન મુહમ્મદ عليه الرحمة والرضوان એ કિતાબના પ્રારંભમાં આ હદીષ આપણને સમજાવવા માટે લખી કે મારી કિતાબ ઈખ્લાસ સાથે પઢવી કેવળ દુનિયા કમાવા માટે ન પઢશો. પોતાની દિલી કૈફિયતથી આપણને માહિતગાર કર્યા કે મેં આ કિતાબ ઈખ્લાસ સાથે લખી છે, ખ્યાતિ કે માલનો હેતુ ન હતો પણ આ હદીષ મારી નજરો સમક્ષ હતી. *(ક્રમશઃ)*

(દર્સે હદીષે પાક)

# મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત


અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


હપ્તો : ૦૧

بسم الله الرحمن الرحيم

نحمدهٗ ونصلی علی رسوله الكريم

જાણવું જોઈએ કે ઈસ્લામમાં કલામુલ્લાહ (કુર્આન) પછી કલામે રસૂલુલ્લાહ (હદીષ)નો દરજો છે. કેમ ન હોય કે અલ્લાહ પછી રસૂલુલ્લાહનો મર્તબો છે. કુર્આન જાણે છે કે લેમ્પની બત્તી છે અને હદીષ તેની રંગીન ચીમની છે. જ્યાં કુર્આનનું નૂર છે ત્યાં હદીષનો રંગ છે. કુર્આન સમુદ્ર છે તો હદીષ તેનું જહાઝ છે, કુર્આન મોતી છે તો હદીષનાં લખાણો તેના મરજીવા, કુર્આન સંક્ષિપ્ત છે હદીષ તેની વિગત, કુર્આન અધ્યાહન છે હદીષ તેનો ખુલાસો, કુર્આન રૂહાની ખોરાક છે હદીષ રહમતનું પાણી, જેવી રીતે પાણી વિના ખાણુ તૈયાર થાય ન ખાઈ શકાય તેવી જ રીતે હદીષ વિના ન કુર્આન સમજી શકાય ન તેના પર અમલ થઈ શકે. કુદરતે આપણને આંત્રિક તથા બાહ્ય બંનેના મોહતાજ કર્યા છે. નૂરે બસર (જોવાની શક્તિ) સાથે નૂરે કમર (ચાંદની રોશની) વગેરે પણ જરૂરી છે. (અંધારામાં જોઈ શકાતુ નથી.) આંધળાના માટે સૂરજ બેકાર છે, અંધારામાં આંખ કાંઈ કામની નથી. એ જ પ્રમાણે કુર્આન જાણે સૂરજ છે અને હદીષ જાણે મો'મિનની આંખનું નૂર અથવા કુર્આન આપણી આંખનું નૂર છે અને હદીષ નબુવ્વતના સૂરજનાં કિરણો છે કે એ બંનેમાંથી એક પણ ન હોય તો આપણે અંધારામાં રહી જઈએ. એટલા માટે રબ્બુલ આલમીને કુર્આનને કિતાબ ફર્માવ્યું અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને નૂર ફર્માવ્યું :–

قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِيْنٌ

"યકીન કરો કે કિતાબુલ્લાહ ખામોશ કુર્આન છે અને રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જિંદગી શરીફ હાલતુ, ચાલતુ અને બોલતુ કુર્આન છે. તે **કાલ** છે આ **હાલ** છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દરેક અદા કુર્આની આયતની તફસીર છે :– **તેરે કિરદારકો કુર્આનકી તફસીર કહતે હૈં.**

સારાંશ કે કુર્આન તથા હદીષ ઈસ્લામની ગાડીનાં બે પૈંડા છે અથવા મો'મિનની બે પાંખો, જેમાંથી એકના વગર ન એ ગાડી ચાલી શકે છે, ન મો'મિન ઉડી શકે છે.

વર્તમાનકાળમાં મુસલમાનોને કુર્આન તથા હદીષના તર્જુમાઓનો ઘણો જ શોખ છે. દરેક માણસ ચાહે છે કે હું મારા રબ عزوجل અને મારા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના કલામને સમજું. આ ભાવના ખૂબ જ દાદને પાત્ર છે, પણ અમુક લોકોએ એનાથી ગલત ફાયદા ઉઠાવ્યા કે કુર્આન તથા હદીષના તર્જુમાઓના બહાને બુરા અકીદાઓ અને ગલત ખયાલો ફેલાવી દીધા. આજે મુસલમાનોના ઘણા ફિર્કા તર્જુમાના નામ

પર લોકોને આકર્ષીને બદ્અકીદગી ફેલાવી રહ્યા છે. વળી અને કેવળ તર્જુમા વાંચીને ઘણા એવા લોકો પણ પેદા થઈ ગયા છે કે જેઓ મુદ્દલે હદીષનો જ ઈન્કાર કરવા લાગ્યા, (ચકળાલ્વીઓ) તેમનો ફિત્નો ઘણો ફેલાવા લાગ્યો અને હદીષના ઈન્કારમાં અસંખ્ય દલીલો રજુ થવા લાગી ! પણ સૌનો પાયો ચાર શંકાઓ પર છે, એ દૂર થઈ જાય તો તમામ વાંધાઓનું માળખું જમીનદોસ્ત થઈ જાય છે.

**શંકા નં. ૧** : કુર્આન મુકમ્મલ (સંપૂર્ણ) કિતાબ છે અને એમાં દરેક ચીજનું બયાન છે, પછી હદીષની શું જરૂરત ?! વળી તેને સમજવું પણ આસાન છે. રબ ફર્માવે છે :–

وَلَقَدْ يَسَّرْنَا الْقُرْآنَ لِلذِّكْرِ۔

**શંકાનું નિવારણ** : બેશક ! કુર્આન સંપૂર્ણ કિતાબ છે પણ આ મુકમ્મલ કિતાબથી લેવાવાળી કોઈ મુકક્કલ હસ્તી જોઈએ અને તે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم છે. સમુદ્રથી મોતી દરેક વ્યક્તિ નથી કાઢી શકતી, મરજીવાની જરૂરત રહે છે. કુર્આન યાદ રાખવા માટે આસાન છે કે બાળકો પણ યાદ કરી લે છે, નહીં કે મસાઈલ કાઢવા માટે આસાન છે. એટલા માટે **લિઝ્ઝિક્ર** ફર્માવ્યું એટલે કે યાદ કરવાના માટે.

**શંકા નં. ૨** : રસૂલ રબના એલચી છે જેમનું કામ ટપાલી જેમ રબનો પૈગામ પહોંચાડવાનું છે, ન કે સમજાવવું અને બતાવવું ! રબ ફર્માવે છે :- لَقَدْ جَاءَكُمْ رَسُولٌ

**શંકાનું નિવારણ** : નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم રસૂલ પણ છે, ખુદાઈના મુઅલ્લિમ પણ, મુસલમાનોને પાક સાફ કરવાવળા પણ છે. રબે ફર્માવ્યું : وَيُزَكِّيهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ شું અમુક વાતો પર ઈમાન છે અને અમુક પર નથી ? મશીનને વાપરવાની પધ્ધતિ માટે મશીનવાળાને કારખાના તરફથી કિતાબ (કેડલોક) પણ આપવામાં આવે છે, અને શીખવાડનારો પણ મોકલવામાં આવે છે. કુદરતના કારખાના તરફથી આપણને શરીરનું મશીન આપવામાં આવેલું છે, તેનો ઉપયોગ શીખવા માટેની કિતાબ કુર્આન શરીફ અને મોઅલ્લિમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને મોકલવામાં આવ્યા.

*મુઅલ્લિમ ખુદાઈ કે વો બનકે આયે*
*ઝુકે ઉન્કે આગે સબ અપને પરાયે*

**શંકા નં. ૩** : વર્તમાન હદીષો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન જ નથી, એ તો બાદમાં લોકોએ ઘડી કાઢેલી છે, કેમ કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં લખવાનો આટલો રિવાજ ન હતો !

**શંકાનું નિવારણ** : પછી તે કુર્આનની પણ ખૈર નથી ! કે નબવી યુગમાં આખુ કુર્આન લખવામાં આવ્યું ન હતું, ન તો કિતાબ રૂપે એકત્ર થયું હતું. ઉષ્માનગની رضی اللہ عنہ ની ખિલાફતના યુગમાં તેને એકત્ર કરવામાં આવ્યું. જનાબ નબવી યુગમાં કલમ કરતાં યાદ શક્તિ પર અધિક ભરોસો હતો. રબ તઆલાએ સહાબાએ કિરામને ગઝબની યાદ શક્તિ આપી હતી, બાદમાં જરૂર ઉપસ્થિત થતાં કુર્આન પણ સીનાઓ તથા કાગળ ના પરચાઓ વગેરે પરથી એકત્ર કરવામાં આવ્યું અને હદીષો પણ જમા કરવામાં આવી. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ની પાસે ઘણી હદીષો લખેલી હતી જેને આપ તલ્વારની પેટીમાં રાખતા હતા અને લોકોને સંભળાવ્યા કરતા હતા. યાદ રાખશો કે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની વિલાદત (જન્મ) હિ.સ. ૮૦ માં થઈ. આપે "મુસ્નદે ઈમામે આ'ઝમ" અને આપના શાગિર્દ ઈમામ મુહમ્મદે "મુઅત્તા ઈમામ મુહમ્મદ" અને આપના પછી ઈમામ માલિકે જેઓ હિ.સ. ૯૦ માં પેદા થયા તેમણે "મુઅત્તા ઈમામ માલિક" વગેરે હદીષની કિતાબો લખી. એમની તદન નજીક ઈમામ બુખારી વગેરેનો જમાનો છે જેમણે

ઘણી જ સાવચેતીપૂર્વક હદીષોની છાનબીન કરી અને એકત્ર કરી.

**શંકા નં. ૪ :** અમુક હદીષો અમુક હદીષોથી વિરોધાભાસ ધરાવે છે અને અમુક હદીષો બુદ્ધિની પણ વિરૂધ્ધ છે જેથી બનાવટી છે ?

**શંકાનું નિવારણ :** હદીષો સહીહ છે તમારી સમજમાં ગલતી છે. ઉપર ઉપરથી જોતાં તો કુર્આનની આયતો પણ વિરોધાભાસી જણાય છે તો શું તેનો પણ ઈન્કાર કરશો ? કુર્આન તથા હદીષ બાકાયદા ઉલમાથી પઢવાં જોઈએ કેવળ તર્જુમા વાંચીને નહીં આવડે !

## ★ આખરી ગુઝારિશ ★

હદીષના મુન્કિરોથી એક ગુઝારિશ છે કે અમે લાંબી ચર્ચામાં તમારી સાથે નથી પડતા, **કેવળ બે મસ્અલા** તમારા થકી હલ કરાવીએ છીએ :–

**(૧)** ઈસ્લામનો સૌથી આમ હુકમ છે : اَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ **"નમાઝ કાયમ કરો અને ઝકાત આપો."** તો હવે મહેરબાની કરીને કુર્આની નમાઝ અને કુર્આની ઝકાત અદા કરીને દેખાડી દો કે જેમાં હદીષથી મદદ લેવામાં ન આવી હોય ! નમાઝ કુલ કેટલા વખતની છે ? અને કેટલી રકાતો છે ? ઝકાત કેટલા માલ પર કેટલી ?

**(૨)** કુર્આને કેવળ સુવ્વરનો ગોશ્ત હરામ કર્યો છે, કૂતરા, બિલાડા, ગધેડા તથા સુવ્વરની કલેજી, ગુર્દાનું હરામ હોવું કુર્આનથી દેખાડી આપો !

સારાંશ **ચકળાલ્વિયત** (જે પોતાને અહલે કુર્આન કહે છે !) કેવળ મોઢાનો ધર્મ છે જેના પર અમલ અશક્ય છે. *(બહવાલા મિર્કાત શરહે મિશ્કાત)*

## ★ હદીષની કિતાબ ગુજરાતીમાં તલાશ કરનારાઓને અગત્યની સૂચના ! ★

કેટલાક ભાઈઓને એવો ઘણો શોખ હોય છે તથા ઘણીવાર માંગણી થાય છે કે **બુખારી શરીફ** કે **મુસ્લિમ શરીફ** વગેરે ગુજરાતીમાં જોઈએ છે ! હદીષની કિતાબો જોઈએ છે ! તો એ શોખ સારો છે અને સારી વાત છે, પણ એક વાત યાદ રાખી લો કે **કોઈપણ હદીષની કિતાબ હોય તેનો કેવળ ઉર્દૂ કે ગુજરાતી તર્જુમો સામાન્ય માણસે ન પઢવો જોઈએ બલ્કે ખરેખર જે આલિમે દીન છે તે જ પઢી શકે છે કે જેને હદીષોના પ્રકાર તથા એ સંબંધી જ્ઞાન હોય અને તે આલિમ પણ મોઅતબર ઉસ્તાદ પાસે એ હદીષની કિતાબો શરહ (સ્પષ્ટતા) સાથે પઢી ચૂક્યો હોય.**

**જો સામાન્ય માણસ હદીષની શરહ વિનાની કિતાબો પઢશે તો** તેની સમજમાં કેટલીક હદીષો આવશે નહીં અને પોતાની અજ્ઞાનતાથી તેના ગલત અર્થો કરીને પોતે **ગુમરાહીમાં પડી જશે.**

**ચેતવણી :** બદ્અકીદા વહાબી, દેવબંદી, કહેવાતા અહલે હદીષ વગેરેની છાપેલી હદીષની ગુજરાતીમાં કિતાબો ઘણા ભાઈઓ હદીષની કિતાબ ! બુખારી શરીફ છે ! એવા શોખમાં પકડી લાવે છે, પણ યાદ રાખો ! રસૂલે પાકના ગુસ્તાખ ફિર્કાઓ તર્જુમા તેમના ગંદા અકીદા પ્રમાણે કરતા હોય છે માટે હદીષ ! હદીષ ! કરતાં ક્યાંક ઈમાનથીય હાથ ન ધોઈ બેસો !

આપણા માટે તો અમલ કરવા માટે આપણા સુન્ની ઉલ્માએ હદીષોના આધારે જે મસ્અલા મસાઈલ તૈયાર કર્યા છે તેવી જ કિતાબો વાંચવી અનિવાર્ય છે, અને એ માટે **"બહારે શરીઅત"** શ્રેષ્ઠ કિતાબ છે કે જેમાં **પ્રથમ હદીષો** હોય છે

**ત્યારબાદ મસ્અલા** હોય છે. જે વીસ ભાગમાં ઉર્દૂમાં મળે છે અને દસ ભાગો ગુજરાતીમાં એના પ્રસિદ્ધ ચૂક્યા છે. ભાઈ ! એવું છે કે જેનું કામ જે કરે ! બધા રસોઈ પકાવવા બેસી જાય તે ન ચાલે ! રસોઈ તો જે પકાવી શકે છે તે જ પકાવે, બીજાએ તો તૈયાર ભોજન જ કરવાનું હોય છે.

છતાંય હદીષની કિતાબો વાંચવી હોય તો સુન્ની આલિમોની શરહવાળી કિતાબો મળે તો જ વાંચવી. એ વાત ખાસ ધ્યાનમાં રાખશો. જેમ કે **"નુઝહતુલ કારી શરહે બુખારી"** વગેરે.

અત્રે આપણા અંકમાં હદીષ શરીફની કિતાબ **"મિર્કાત શરહે મિર્કાત"** જે સમજવામાં એકદમ સરળ છે જેથી સુન્ની ભાઈઓની ખિદમતમાં એને હપ્તાવાર ચાલુ રાખવામાં આવશે, જેનાથી ઈન્શાઅલ્લાહ ! હદીષના અભ્યાસના ખ્વાહિશમંદોને તથા સર્વ વાંચકોને લાભ થશે.
*–આમીન (તંત્રી)* ★ ★ ★

## હદીષ શરીફ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّمَا الْاَعْمَالُ بِالنِّيَّاتِ وَاِنَّمَا لِامْرِئٍ مَّا نَوٰى فَمَنْ كَانَتْ هِجْرَتُهٗ اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ فَهِجْرَتُهٗ اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ وَمَنْ كَانَتْ هِجْرَتُهٗ اِلٰى دُنْيَا يُصِيْبُهَا اَوِ امْرَاَةٍ يَّتَزَوَّجُهَا فَهِجْرَتُهٗ اِلٰى مَا هَاجَرَ اِلَيْهِ. مُتَّفَقٌ عَلَيْهِ

**તર્જુમો** : રિવાયત છે ઉમર ઈબ્ને ખત્તાબ[1] થી ફર્માવે છે (રાજી થાય અલ્લાહ તેમના પર) ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે અમલો નિય્યતોથી છે[2] દરેક શખ્સ માટે તે જ છે જે નિય્યત કરે[3], બસ જેની હિજરત અલ્લાહ વ રસૂલની તરફ હોય તો તેની હિજરત અલ્લાહ વ રસૂલની તરફ જ થશે[4] અને જેની હિજરત દુનિયા હાંસલ કરવા અથવા સ્ત્રીથી નિકાહ કરવાના માટે હોય[5] તેની હિજરત તે તરફ થશે જેના માટે હોય[6].

**૧.** આપનું નામ શરીફ ઉમર ઈબ્ને ખત્તાબ ઈબ્ને નુફૈલ છે, કુન્નિયત અબૂ હફ્સ, લકબ ફારૂકે આ'ઝમ, ખિતાબ અમીરુલ મો'મિનીન. આપ કુરૈશી અદવી છે. કઅબ ઈબ્ને લૂઈ હુઝૂરથી મળી જાય છે. આપના ફઝાઈલ બેહદ તથા બેશુમાર છે. જલીલુલ કદર સહાબી, ઈસ્લામના શરૂમાં ઈમાન લાવનાર છે આપના ઈમાન લાવતાં મુસલમાનોની ૪૦ ની સંખ્યા થઈ. આપના ઈમાન લાવવા પર ફરિશ્તાઓમાં મુબારકબાદની ધૂમ મચી અને આ આયત ઉતરી: يٰٓاَيُّهَا النَّبِيُّ حَسْبُكَ اللّٰهُ وَمَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِيْنَ અબૂબક્ર પછી હિ.સ. ૧૩ માં આપની બયઅત કરવામાં આવી. આપના જમાનામાં ઈસ્લામ ખૂબ ફેલાયો, ઘણા દેશો પર વિજય મેળવાયો, કુર્આને કરીમની ઘણી આયતો આપની રાયની જેમ ઉતરી. દસ વરસ છ મહીના ખિલાફત કરી. ૬૩ વરસની વય થઈ તો ૨૬ ઝીલ હજ્જ હિ.સ. ૨૩ બુધના દિવસે મસ્જિદે નબવીના મેહરાબુન્નબીમાં મુસલ્લાએ મુસ્તફા પર ફજરની નમાઝ પઢાવવાની હાલતમાં શહીદ કરવામાં આવ્યા. મુગીરા ઈબ્ને શઅબાના યહૂદી ગુલામ અબૂ લૂઅ્ લૂઅ્એ ખંજરનો વાર કર્યો. આપની શહાદત પર દરો દીવારોથી ઈસ્લામના રોવાની અવાજ આવતી હતી કે આજ ઈસ્લામ તથા મુસ્લિમો યતીમ થઈ ગયા. હઝરત સુહૈબે આપની નમાઝે જનાઝા પઢાવી. ગુંબદે ખદરામાં હુઝૂરના પહેલુમાં દફન થયા. આપની રિવાયતો પાંચસો સાડત્રીસ (૫૩૭) છે. (رضی اللہ عنہ)

**૨.** નિય્યત અમલના ઈરાદાને પણ કહે છે, અને ઈખ્લાસ (નિખાલસતા)ને પણ કહે છે, એટલે કે અલ્લાહને રાજી કરવાનો નિશ્ચય. અહીં (નિય્યત) બીજા અર્થમાં છે એટલે કે અમલોનો સવાબ ઈખ્લાસથી છે જેવું કે આગલા લખાણથી જાહેર છે. આ સ્થિતિમાં આ હદીષ તેના સામાન્યપણા પર છે કોઈ અમલ ઈખ્લાસ વિના સવાબનો સબબ નથી. ચાહે ફક્ત ઈબાદત હોય જેમ કે નમાઝ, રોઝા,

વગેરે. અથવા ઈબાદત ગૈર મકસૂદા જેમ કે વુઝૂ, ગુસ્લ, કપડાં તથા જગાનું પાક કરવું વગેરે કે એના પર સવાબ ઈખ્લાસથી જ મળશે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે : **ઈખ્લાસ અને ભલી નિય્યત એવી નેઅમતો છે કે તેના વિના ઈબાદતો કેવળ આદતો બની જાય છે** અને તેની બરકતથી નાફર્માની શુક્ર બની જાય છે ગુનાહ તથા મઅસિયત ફર્માબરદારી બની જાય છે. હઝરત અબૂ ઉમૈયા ઝમીરીએ એક પ્રસંગે કુફ્રી શબ્દો બોલી દીધા, હઝરત અબૂબક્ર સિદ્દીકે ગારે થૌરમાં એક પ્રકારની ખૂદકશી કરી લીધી, સૈયદેના અલી મુર્તઝાએ ખંદકમાં જાણવા છતાં અસ્રની નમાઝ છોડી દીધી, પણ કેમ કે નિય્યતો સારી હતી એટલા માટે તે હઝરાતનાં એ કામો સવાબનાં સબબ બન્યાં !


**શાફઈઓ** કહે છે અહીં નિય્યત પ્રથમ અર્થમાં છે, એટલે કે "અમલનો ઈરાદો". તેમની દષ્ટિએ જે ઈરાદા વિના વુઝૂના અંગોને ધોઈ લે તો તેનાથી વુઝૂ થશે નહીં (વુઝૂ થયેલ ગણાશે નહીં) જેવી રીતે કે ઈરાદા વિના નમાઝ થતી નથી. પણ આ તફસીર હદીષના મકસદથી વિમુખ છે, અને પછી હદીષનું સામાન્યપણુ બાકી નથી રહેતું. કેમ કે આગળ હિજરતનું વર્ણન છે કે જે દુનિયવી હેતુથી હિજરત કરે તે શરીઅતની રૂએ મુહાજિર થશે, જો કે સવાબ પામશે નહીં. તેમ જ ઈરાદા વિના ગંદા કપડાં, ગંદુ શરીર, ગંદી જમીન ધોઈ નાખે તો તેમને ત્યાં પણ આ ચીજો પાક થઈ જાય છે અને નમાઝ તેનાથી જાઈઝ થઈ જાય છે. આ અર્થ તેમની પણ વિરૂધ્ધ છે. યાદ રાખશો કે ઈસ્લામી અરકાન એટલે કલમા, નમાઝ, રોઝા, હજ્જ તથા ઝકાતમાં નિય્યત એટલે ઈરાદો **ફર્ઝ** છે. બાકી જેહાદ, હિજરત, વુઝૂ વગેરેમાં આ નિય્યત ફર્ઝ નથી, હા ! ઈખ્લાસ વિના તેમાં સવાબ મળશે નહીં. જેથી અહનાફ (હનફીઓ)ના અર્થો તદન સહીહ છે. અને હદીષ ઘણી જ સમુદ્ર (જામેઅ) છે. નમાઝમાં જીભ વડે નિય્યતના શબ્દો કહેવા બિદઅતે હસના (સારી બિદઅત) છે, કેમ કે હુઝૂરે કુલ ૩૦ હજાર નમાઝો પઢી પણ કદી જીભ વડે નિય્યત નથી કરી. અમુક ઉલમાએ નમાઝને હજ્જ પર કિયાસ કરી અને ફર્માવ્યું કે જેવી રીતે એહરામના વખતે જીભ વડે હજ્જની નિય્યત કરવામાં આવે છે એવી જ રીતે નમાઝમાં કરવી જોઈએ પણ એ સહીહ નથી. જુઓ મિર્કાત.

**૩.** હિજરતનો શાબ્દિક અર્થ છે છોડવું. શરીઅતમાં રબને રાજી કરવાના માટે વતન છોડવાનું નામ હિજરત છે. હિજરત જરૂરતના સમયે ઉચ્ચ કક્ષાની ઈબાદત છે. ઈસ્લામી સન હુઝૂરની હિજરતની યાદગાર છે.

**૪.** જે હિજરતમાં અલ્લાહ વ રસૂલની ખુશ્નૂદીની નિય્યત કરે તેની હિજરત ખરેખર અલ્લાહની તરફ ગણાશે. જેથી હદીષમાં દૂર નથી. એનાથી જાણવા મળ્યું કે ઈબાદતમાં અલ્લાહની રઝા (રાજી કરવું)ની સાથે હુઝૂરની રઝાની નિય્યત શિર્ક નથી બલ્કે ઈબાદતને કામિલ કરે છે. જુઓ હિજરત ઈબાદત છે પણ ફર્માવવામાં આવ્યું **ઈલલ્લાહિ વ રસૂલિહી.** એ પણ જાણવા મળ્યું કે હુઝૂરની પાસે જવું અલ્લાહના દરબારમાં હાજરી છે કે મુહાજિરો મદીના જતા હતા જ્યાં હુઝૂર તશરીફ ફર્મા હોતા. તો ત્યાં જવાને અલ્લાહની પાસે જવાનું ઠરાવવામાં આવ્યું. એ પણ જાણવા મળ્યું કે દરેક જગાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દમની બાગો બહાર (રોનક) છે અને એમના વિના ઉજડેલો દયાર છે ! જુઓ મક્કા મોઅઝ્ઝમામાં રહેવું ઈબાદત છે પણ જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ત્યાંથી મદીના મુનવ્વરા ચાલ્યા ગયા તો ભલે ત્યાં કા'બા વગેરે સર્વ કાંઈ રહ્યું છતાં ત્યાં રહેવું ગુનોહ ઠર્યું ! ત્યાંથી હિજરત અનિવાર્ય બની ગઈ. પછી જ્યારે ત્યાં આપની તજલ્લી થઈ ગઈ તો પછી ત્યાં રહેવું ઈબાદત ઠર્યું.

**૫.** મદીનાના અન્સારોએ મુહાજિરોની એવી કાયમી શાનદાર મહેમાની કરી કે સુબ્હાનલ્લાહ !

વધુ પેજ નં : ૧૩ પર.......



# સીરતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એટલે ઝિયાઉન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم

હપ્તો : ૦૧

કાર્યાલય તરફથી

**અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર મુહમ્મદ કરમશાહ અઝહરી**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يُسَبِّحُ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ الْمَلِكِ الْقُدُّوْسِ الْعَزِيْزِ الْحَكِيْمِ○ هُوَ الَّذِيْ بَعَثَ فِي الْاُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ○ وَّاٰخَرِيْنَ مِنْهُمْ لَمَّا يَلْحَقُوْا بِهِمْ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ○ ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ○

قَالَ اللّٰهُ تَعَالٰى :

اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا۔ لَبَّيْكَ اللّٰهُمَّ رَبِّيْ وَسَعْدَيْكَ صَلَوَاتُ اللّٰهِ الْبَرِّ الرَّحِيْمِ وَالْمَلٰٓئِكَةِ الْمُقَرَّبِيْنَ وَالنَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ وَمَا سَبَّحَ لَكَ مِنْ شَيْءٍ يَارَبَّ الْعٰلَمِيْنَ عَلٰى سَيِّدِنَا وَمَوْلَانَا وَحَبِيْبِنَا وَشَفِيْعِنَا مُحَمَّدٍ بَحْرِ اَنْوَارِكَ وَمَعْدَنِ اَسْرَارِكَ وَلِسَانِ حُجَّتِكَ وَعُرُوْسِ مَمْلَكَتِكَ وَاِمَامِ حَضْرَتِكَ وَخَاتَمِ اَنْبِيَآئِكَ وَعَلٰى اٰلِهِ الطّٰهِرِيْنَ الْمُطَهَّرِيْنَ وَاَزْوَاجِهِ الزَّكِيَّاتِ الطّٰهِرٰتِ اُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ وَاَصْحَابِهِ الْغُرِّ الْمُحَجَّلِيْنَ وَمَنْ اَحَبَّهٗ وَاتَّبَعَهٗ اِلٰى يَوْمِ الدِّيْنِ صَلٰوةً وَّسَلَامًا وَتَحِيَّةً تَدُوْمُ بِدَوَامِكَ وَتَبْقٰى بِبَقَآئِكَ تُرْضِيْكَ وَتُرْضِيْهِ وَتَرْضٰى بِهَا عَنَّا يَآ اَرْحَمَ الرّٰحِمِيْنَ -

اَمَّا بَعْدُ!

હઝરત ઈસા علیہ السلام ના આસ્માનમાં ઉઠાવી લેવાયા બાદ ૫૬૧ વરસો વહી ચૂક્યાં હતાં. આ ટૂંકી મુદતમાં આપના ઉપર નાઝિલ થયેલ કિતાબ ઈન્જીલ મુકદસને બની ઈસ્રાઈલના ઉલમાએ સૂએ પોતાના તરફથી ભેળસેળ કરીને વિકૃત કરી નાખી હતી. આપના ઉમ્મતીઓ અસંખ્ય ફિર્કાઓમાં વહેંચાઈ ચૂક્યા હતા અને તેઓમાં આપસમાં નફરત એટલે સુધી પહોંચી ચૂકી હતી કે દરેક ફિર્કો બીજાને અધર્મી તથા કાફિર કહેતો હતો અને કેવળ પોતાને હઝરત ઈસા علیہ السلام ના હક્ક ધર્મનો ઈજારાદાર ગણતો હતો. અલ્લાહની વહીનું ચમકતુ નૂર ધૂંધળું પડી ગયું હતું. માણસની ધોકો પામેલી બુદ્ધિ વહેમો તથા સ્વરચિત અકીદાઓની ચુંગાલમાં ફસાઈ ચૂકી હતી. ગણત્રીની જ અમુક ખુશનસીબ વ્યક્તિઓ સિવાય આપની આખી ઉમ્મત આપના દર્શાવેલા માર્ગેથી ભટકી ગઈ હતી. ગઝબ તો એ થયો કે તેમણે એ મસીહને ઈબ્નુલ્લાહ (અલ્લાહના પુત્ર) કહેવાનું શરૂ કરી આપ્યું જેણે પોતાની પેદાઈશના અમુક દિવસો બાદ પોતાના પારણામાંથી ઝુલતાં ઝુલતાં એ એલાન કર્યું હતું કે :–

اِنِّیْ عَبْدُ اللّٰهِ اٰتٰنِیَ الْكِتٰبَ وَجَعَلَنِیْ نَبِیًّا○

"એટલે કે હું ખુદા નથી, ખુદાનો પુત્ર

નથી બલ્કે હું તો તેનો બંદો છું, તેણે મને કિતાબ અતા કરી છે અને મને નબુવ્વતના સ્થાન પર બિરાજમાન કર્યો છે." *(મરયમ–૩૦)*

પોતાના આ મો'જિઝાથી તેમણે પોતાનાં પવિત્ર માંની પાકદામનીની ગવાહી પણ આપી દીધી. અને એ હકીકતને પણ ઉઘાડી કરી આપી કે હું અલ્લાહનો બંદો છું અને તેનો નબી છું પરંતુ આપના માનવાવળાઓએ આપની આ રદ ન થઈ શકે તેવી શહાદત (સાક્ષી)ને ઉડાડી આપી અને આપને અબ્દુલ્લાહ કહેવાને બદલે આપના પર ઈબ્નુલ્લાહ (અલ્લાહના પુત્ર)ની ગંભીર તથા અપમાનજનક તોહમત લગાડીને તૌહીદના અકીદાનો ઈન્કાર કરી આપ્યો. એ રીતે તેમણે ન કેવળ હઝરત ઈસા عليه السلام ના આવવાના મકસદને બલ્કે અંબિયાએ કિરામના આગમનના મહાન મકસદને ઠુકરાવીને રાખી દીધો.

તે પવિત્ર નફ્સો જેઓ કેવળ પોતાના ખાલિક તથા માલિકની વહદાનિયતનો પરચમ લહેરાવવાના માટે અને વિ□માં ચોતરફ તેની તૌહીદનો ડંકો વગાડવાના માટે તશરીફ લાવ્યા હતા, જ્યારે તેમને જ ખુદાની તૌહીદમાં શરીક ઠરાવી લેવામાં આવ્યા તો હવે લોકો તૌહીદનો સબક શીખતા તો કોના થકી શીખતા ? પોતાના પરવરદિગારની વહદાનિયત (અલ્લાહના એક હોવા વિશે)ના અકીદાનો ચિરાગ રોશન કરતા તો કઈ રીતે ? એ દૌરમાં સૌથી નિક્ટવર્તી વહીની જ્યારે આ હાલત થઈ ગઈ હતી તો વહીના તે શ્રોતો જેનો સંબંધ લાંબા ભૂતકાળ સાથે હતો અને તે આસ્માની સહીફાઓ જે પૂરાણા જમાનાઓમાં અંબિયાએ કિરામ પર નાઝિલ કરવામાં આવ્યા હતા તેમાં શિર્ક તથા અધર્મતાની ગંદકીઓ કેટલા અંશે પ્રવેશી ચૂકી હશે ?! અને કોઈ હક્કની તલાશ કરવાવાળાના માટે કઈ રીતે શક્ય બન્યું હશે કે તે આસ્માની કિતાબો થકી હક્કના નૂરને પ્રાપ્ત કરી શકે ?

છઠ્ઠી સદી ઈસ્વી એક એવો યુગ હતો જેમાં પૃથ્વીના પટ પર ખૂણે ખૂણે શિર્ક તથા મૂર્તિપૂજાની બીમારી એક વબાનું રૂપ ધારણ કરી ચૂકી હતી અને જ્યારે અલ્લાહ તઆલાના બંદાઓનો સંબંધ જ પોતાના રબથી કટ થઈ ચૂક્યો હતો, તો તેમની અખ્લાકી (સાંસ્કૃતિક), સામાજિક, આર્થિક તથા રાજનૈતિક જિંદગીમાં જે વિનાશકારી ખરાબીઓ ઉપસ્થિત થઈ ચૂકી હશે તેની કલ્પના કરતાં જ નેક રૂહો પર ધ્રુજારી છવાઈ જાય છે.

સર્વ માનવ જાતના માર્ગદર્શક તથા રાહબર, કિયામત સુધી આવનારા તમામ જમાનાના નૈયરે આ'ઝમ صلى الله عليه وسلم ના આગમાન પહેલાં હઝરત આદમ عليه السلام ની ઔલાદ જેને જમીનની ખિલાફતનો પહેરવેશ પહેરાવવામાં આવ્યો હતો, જેના માથા પર અશરફુલ મખ્લૂકાત હોવાનો તાજ સજાવવામાં આવ્યો હતો, જેના ઈલ્મના સમુદ્રની વિપુલતાના સામે નૂરી ફરિશ્તાઓએ આજિઝી સ્વીકારવી પડી હતી અને તેમને આ માટીના પૂતળાની સામે તા'ઝીમનો સજદો કરવાનો હુકમ થયો હતો, તે આદમની ઔલાદ કેવળ ખુદાને ભૂલનારી જ નહીં બલ્કે ખુદાને ભૂલવાના વાંકે ખૂદને પણ ભૂલનારી બની ચૂકી હતી. તેમને તદન યાદ ન રહ્યું હતું કે તે વિ□ના સર્જકના સર્જનની શાનનું કારનામુ છે, તે કાયનાતની આંખની કીકી છે, સૂર્ય તથા ચંદ્ર, અવકાશ તથા તેની રંગીનીઓ છે, દરેક ચીજ તેમની સેવા કરવા માટે પેદા કરવામાં આવેલી છે અને તેમના સર્જનનો હેતુ કેવળ એ છે કે તે પોતાના ખાલિક તથા માલિકને ઓળખે, દિલના ઊંડાણેથી તેને મહોબ્બત કરે, ઈશ્કો મહોબ્બતની ભાવનાઓથી ચૂર થઈને તેની બારગાહે અઝમત તથા કમાલમાં બેખૂદીથી પોતાનું નિયાઝમંદીનું સર ઝુકાવી દે, તેમની જીભ જ નહીં તેમનું દિલ પણ **સુબ્હાન રબ્બિયલ આ'લા**ના રૂહ પરવર શબ્દો વડે પોતાની બંદગી, લાચારી, બેકસી તથા બેબસી પ્રદર્શિત કરી રહ્યો હોય. તેને બદલે તેમણે દરેક ચીજને પોતાનો

ખુદા પોતાનો મઅબૂદ અને પોતાનો હાજતરવા બનાવી લીધો હતો. નિર્જીવ પથ્થરો, સમક્ષ તેઓ ઝુકેલા હતા, ઝાડોની આસપાસ તેઓ તવાફ કરી રહેલા જોવા મળતા હતા, ક્યારેક કોઈ પહાડની ઊંચી ટોચથી પ્રભાવિત થઈને તેની સામે આડા પડી જતા હતા, કદીક સૂર્ય તથા ચંદ્રની તેજસ્વીતાના કારણે માથાથી પગો સુધી આસ્થાવાળા બની જતા હતા, ક્યારેક કોઈ જાનવરના મળ મૂત્રમાં પવિત્રતાને શોધતા જોવા મળતા ! સારાંશ કે તેમણે ઈજ્જત તથા કરામતની એ ખલ્અતના લીરા ઉડાડી દીધા હતા અને પોતાની અજોડ જાહેરી તથા આંત્રિક ખૂબીઓનો જનાઝો કાઢી નાખ્યો હતો જે એમના પેદા કરવાવાળાએ ઘણી જ ઉદારતાથી એમને આપી હતી. તેઓ તમામ કુદરતી જાહેર થતી ચીજોથી ડરતા પણ હતા અને તેમની સમક્ષ ઝુકતા પણ હતા પરંતુ જો કોઈ હસ્તીની તરફથી તેમણે આંખો મીંચી લીધી હતી અને મોઢું ફેરવી લીધુ હતું તો તેમનો કરીમ તથા રહીમ પરવરદિગાર હતો જેણે તેઓને પોતાના અગણિત એહસાનો તથા કરામતોથી નવાઝયા હતા.

આ સ્થિતિને કુર્આન કરીમે :–

"وَإِن كَانُوا مِن قَبْلُ لَفِي ضَلَالٍ مُّبِينٍ" ના સચોટ શબ્દો વડે બયાન ફર્માવ્યું છે, એટલે કે "એ નબી મુકર્રમના આગમનથી પહેલાં તેઓ સૌ ઉઘાડી ગુમરાહીમાં ભટકી રહ્યા હતા."

એ પહેલાં કે મારા કરીમ પરવરદિગારની તૌફીકથી એ વિ□ને ઝગમગાવનાર સૂર્યના તેજનો ઝિક્ર કરું જેણે ઊંચાઈઓ તથા ઊંડાઈઓને પ્રકાશ પુંજ બનાવી દીધા, જેના રોશન કિરણો વડે જમીનનો ખૂણે ખૂણો ઝગમગી ઉઠયો હતો, હું મુનાસિબ બલ્કે જરૂરી સમજુ છું કે એ "ضَلَالٍ مُّبِينٍ" (ઉઘાડી ગુમરાહી) થી પણ મારા વાંચકોને માહિતગાર કરું જેમાં કેવળ કોઈ વ્યક્તિ, કોઈ કબીલો કોઈ કૌમ ભટકી રહી ન હતી બલ્કે આખુ માનવતાનું વિ□ તેની સખત પકડમાં સપડાયેલું હતું અને કણસી રહ્યું હતું. અને માનવ જીવનનું કોઈ પાસુ પણ એવું ન રહ્યું હતું જેને ઝઘડા તથા દુશ્મનાવટની આંધીઓ તબાહ તથા બર્બાદ ન કરી નાખેલ હોય. એ તો મારા માટે શક્ય નથી કે હું પૃથ્વીના પટ પર વિવિધ ખંડોમાં ફેલાયેલી માનવ વસ્તીઓની સ્થિતિઓનો સંપૂર્ણતઃ નકશો આપની સમક્ષ રજુ કરી શકું, અલ્બત્ત ! અલ્લાહની તૌફીકથી એ કોશિશ જરૂર કરીશ કે તે વખતની સંસ્કારિક જાતિઓના ધાર્મિક, રાજનૈતિક, સાંસ્કૃતિક, સામાજિક તથા આર્થિક સંજોગોની એક એક ઝલક આપને દેખાડી દઉં જેથી આપ અરબના તે ચમકતા ચાંદના ફય્ઝો તથા બરકતોનો ખરો અંદાઝો લગાડી શકો, જેનાથી તેણે તે બદમસ્ત, મદહોશ અને પોતાની ખૂબીઓ તથા કમાલોથી અજાણ તથા આંધળા માનવીને માહિતગાર કર્યો. ત્યારે જ આપ અનુમાન કરી શકશો કે માણસ કેવી પસ્તીઓ (અધોગતિઓ)માં પડી ચૂક્યો હતો અને આ عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيصٌ عَلَيْكُم بِالْمُؤْمِنِينَ رَءُوفٌ رَّحِيمٌ ["ભારે પડે છે તેમને તમારું મુસીબતમાં પડવું, ઘણો જ ઈચ્છુક છે તે તમારી ભલાઈનો, મો'મિનો સાથે ઘણી મહેરબાની કરનાર અને ઘણો જ રહેમ ફર્માવનારો છે." *(સૂ. તૌબા,–૧૨૮)*] શાનવાળા નબીએ તેને ક્યાંથી ઉઠાવીને કેવી ઉચ્ચતાઓએ પહોંચાડી આપ્યો.

દુનિયાના નકશા પર જો તમે દષ્ટિ ગુમાવશો તો એ નિર્ણય લેવામાં કોઈ તકલીફ થશે નહીં કે મક્કાનું શહેર તે વખતની જાણીતી દુનિયાના નકશા પર એ સ્થળે જોવા મળશે જેવી રીતે દિલ ઈન્સાનના શરીરમાં હોય છે. સામાજિક્તા, નાગરિક્તા, સંસ્કારિક્તા તથા સભ્યતાની જે કંદીલો તે સમયે ઝળહળી રહી હતી તે એ જ દેશોમાં હતી જે આ ઈન્સાનિયતના કેન્દ્રની આસપાસમાં આબાદ હતા. પૂર્વમાં ઈરાન છે જેના લાંબા તથા પહોળા વિસ્તાર પર કેટલાયે હજાર વરસો સુધી વિવિધ ખાનદાનોની બાદશાહતનો પરચમ લહેરાતો રહ્યો હતો. એનાથી આગળ પશ્ચિમની તરફ જાવ તો અખંડ

ભારત આપણને નજરે પડે છે જ્યાં હિક્મત તથા ફિલોસોફીની દર્સગાહો લોકોને જ્ઞાન તથા સમજની દૌલત વહેંચી રહી હતી. વળી જો ઈરાન તથા હિંદના ઉત્તર તરફ નજરો ઉઠાવો તો આપણને ચીનનો તે મહાન દેશ જોવા મળે છે જેના વિસ્તારની વિશાળતા, વસ્તીની વિપુલતા, ઈલ્મો તથા વિદ્યાઓ અને કલા કારીગરીની પ્રગતિ તે સમયે પણ ઈર્ષા ઉપજાવે તેવી હતી. જો આપણે અરબ ટાપુની પશ્ચિમે જોઈએ તો ખૂદ મુખ્તારીવાળી બાદશાહતના કેસર પોતાની મહાનતા તથા ઉચ્ચતાનું બ્યૂગલ વગાડતા જોવા મળે છે, જેમની વિશાળ તથા વિસ્તાર પામેલી સલ્તનત સદીઓથી દૂર દૂરના દેશોને પણ પોતાના સકંજામાં લીધેલી હતી, જ્યાં મહાન મહાન આલિમો તથા ફાઝિલોની દર્સગાહો જે હકીકતમાં ઈલ્મ તથા હિક્મતની યુનિવર્સિટીઓ હતી જે પોતાની શ્રેષ્ઠતાનો સિક્કો જમાવી ચૂકેલી હતી. અને અરબ દ્વીપના દક્ષિણમાં આફ્રિકા ખંડ હતો. પણ એ ખંડનો એક હિસ્સો જેને "મિસ્ર" કહે છે માનવ ઈતિહાસના તમામ સંશોધકોની નજીક સંસ્કાર તથા સંસ્કૃતિનું તે પ્રથમ કક્ષાનું કેન્દ્ર હતું. છઠ્ઠી સદી ઈસ્વીમાં જો કે તેની આઝાદી છીનવાઈ ચૂકી હતી અને તે રોમી સલ્તનતનો એક વિજય પામેલો સૂબો હતો પરંતુ ઈલ્મ તથા વિદ્યા અને ફિલોસોફી તથા હિકમતમાં હજી પણ તે કોઈને પોતાનો સમકક્ષ સમજતો ન હતો. એ સમયની દુનિયાના આ થોડાક એવા દેશો હતા જેને સભ્ય, સંસ્કૃત અને ઈલ્મ તથા દાનિશના કેન્દ્રો હોવાનો ગર્વ હતો. અને તેની સાથો સાથ તેમણે પોતાના તદબીરયુક્ત હાકિમો તથા ઉચ્ચ હોસલાવાળા તથા બુલંદ નસીબવાળા સેનાપતિઓના કારણે પોતાના વિજયોનું વર્તુળ એટલું ફેલાવી આપ્યું હતું કે જેની વિશાળતાને જોઈને આજે પણ આશ્ચર્ય થાય છે. એટલા માટે હું યોગ્ય સમજુ છું કે ખૂબ જ સંક્ષિપ્ત કરીને તે દેશોના માનવ જીવનના વિવિધ પાસાંઓની એક એક ઝલક વાંચકોને બતાવી દઉં જેથી એ હકીકત જાહેર થઈ જાય કે ઈલ્મ તથા હિક્મતના તે દાવેદારોએ ઈન્સાનિયતને બેઈજ્જતીના કયા ઊંડા ખાડામાં ધકેલી દીધી હતી. વિજયોની અજોડ વિશાળતાઓના હોવા છતાં ત્યાંના રહેવાસીઓ કયા પ્રકારની મેહરૂમીઓ તથા નિરાશાઓમાં જકડાયેલા તથા ઘેરાયેલા રહીને જિંદગી પસાર કરતા હતા.

આ હાલતો વર્ણન કરવાથી મારો હેતુ તદ્દન એ નથી કે હું કોઈને નીચા પાડવા ચાહું છું પણ કેવળ મારા વાંચકોને વાસ્તવિક સ્થિતિઓથી માહિતગાર કરવા ચાહું છું જેથી તેઓ આ સરાપા યુમન તથા બરકત હસ્તી ﷺ ના તશરીફ લાવતાં ઈન્સાનિયતના ઉજડી ગયેલા ગુલશનમાં જે વસંત ખીલી ઉઠી તેની કાંઈક અનુભૂતી કરી શકે. *(ક્રમશઃ)*

## આંગડીયા થકી લવાજમ તથા ટપાલ મોકલવા માટેનું સરનામુ

**"બરકાતે ખ્વાજા" માસિકનું લવાજમ અથવા ટપાલ વગેરે આંગડિયા (કુરીયર) થકી નીચેના સરનામે મોકલી શકશો :-**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
C/o. ઈન્ડિયન ફૂટવેર,
હોટલ પ્રસિડન્ટ નીચે,
રેલ્વે સ્ટેશન સામે-ભરૂચ
ફોન નં. : (૦૨૬૪૨) ૨૬૪૫૬૦

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
C/o. મુનીર ભાઈ પઠાણ
અમન ઓપ્ટિકલ્સ, પૃથ્વી ટ્રેડ સેન્ટર,
રૂંગટા હાઈસ્કૂલ સામેની ગલીમાં,
સ્ટેશન રોડ-ભરૂચ ફોનં નં. : ૩૦૯૬૯૨

# આ'માલે સાલેહામાં જલ્દી કરો !

અઝ : મૌલાના મોહસિન હવેલીવાળા દયાદરવી (બોલ્ટન, યુ.કે.)

મૌજૂદા દૌરમાં ઈન્સાનની હાલત જોઈએ તો એહસાસ થાય છે કે દરેક દુનિયા પાછળ દોડી રહેલો છે, કોઈ ઈજ્જત પાછળ ભાગે છે, કોઈ શોહરત પાછળ ભાગે છે તો કોઈ દૌલત ભેગી કરવા દોડે છે. સારાંશ કે ઈન્સાન દુનિયા અને એની જૂઠી લાલચ, હવસ, અને દૌલત પાછળ તો ખૂબ દોડે છે અને મહેનત કરે છે અને અસ્લ પુંજી (મગફેરત, તૌબા, નેકી અને જન્નત) તરફ ભાગતો નથી. આવું કેમ થાય છે ? એનો જવાબ એક જ છે કે આપણે અલ્લાહના ખૌફથી અલગ થઈ ગયા, ઈશ્કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી ખાલી થઈ ગયા, કુર્આનથી દૂર થઈ ગયા ! આવો ! કુર્આન શું કહે છે એ સાંભળો !

અલ્લાહ તઆલા ફર્માવે છે :– "ઔર જલ્દી કરો અપને રબકી બખ્શિશ ઔર ઐસી જન્નત કી તરફ જિસ્કી ચોહળાઈ આસ્માન ઔર ઝમીન હૈ, તૈયાર કી ગઈ હૈ પરહેઝગારોં કે લિએ."

ઉપરોક્ત આયતનો મફહૂમ એ છે કે એવા આમાલે સાલેહા અને નેકીઓમાં જલ્દી કરો જે ગુનાહોની બખ્શિશ અને જન્નતમાં જવાનો ઝરીયો બને.

સૂરએ અંબિયામાં અલ્લાહ તઆલા હઝરતે ઈબ્રાહીમ, હઝરત લૂત, હઝરત નૂહ, હઝરત દાઊદ, હઝરત સુલૈમાન, હઝરત ઐયૂબ, હઝરત યૂનુસ, હઝરત ઝકરિયા علیہم السلام પર પોતાનો ખાસ કરમ ફર્માવીને તેમના વિશે ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

"બેશક ! વો બહોત જલ્દી કરતે થે નેકીયાં કરને મેં ઔર પુકારતે થે હમેં બળી ઉમ્મીદ ઔર ખૌફ સે ઔર વો હમારે સામને બળી ઈજઝો નિયાઝો (આ'જિઝી) કરતે થે."

માલૂમ થયું કે નેકીઓ કરવામાં જલ્દી કરવું અંબિયાની સુન્નત છે તો પછી મુસલમાન બંદાએ નેકીઓ અને ભલાઈઓમાં જલ્દી કરવી જોઈએ. જ્યારે પણ નેક કામ કરવાનો મોકો મળે એને જવા ન દો, કેમ કે જે □સ અંદર ગયો છે એ પાછો આવશે કે કેમ એની કોઈ ગેરંટી નથી, માટે મો'મિન બંદો સુસ્તી ન કરે, નમાઝનો ટાઈમ થઈ ગયો હોય તો ન વિચારો કે હજુ ઘણો સમય છે, હમણાં પઢુ છું. ના ! તરત દોડો અને અલ્લાહના દરબારમાં હાજર થઈ જાવ ! ક્યાંક એવું થાય કે હમણાં હમણાં કરતાં નમાઝથી મેહરૂમ ન રહી જાવ ! આ એક મિષાલ આપી છે. દરેક નેકી માટે આમ જ જલ્દી કરવી જોઈએ. ખાસ કરીને હજ્જનો ઉલ્લેખ કરું છું. ઘણા લોકો પર હજ્જ ફર્ઝ થઈ ગઈ છે પણ વિચારે છે કે હજુ તો ઘણી ઉંમર બાકી છે, છેલ્લી ઉંમરમાં હજ્જ કરી લઈશ ! જેથી કબ્રમાં જતાં જતાં પાક સાફ થઈ જાઉં ! મારા ભાઈ ! શું તું બતાવી શકે છે કે તારી છેલ્લી ઉંમર ક્યારે છે ? શક્ય છે કે આગલી મિનિટ છેલ્લી હોય ! આવા વિચારોથી તૌબા કરો અને કુર્આનનું આ ફર્માન યાદ રાખો, "દોડો મગફેરત તરફ !"

હવે આપણે પાછલી તારીખ ઉઠાવી જોઈએ કે સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین આ બાબતે કેવો તથા કેટલો જઝબો રાખતા હતા ? હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہ ની રિવાયત છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ બયાન કર્યું કે,

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن નેકીઓ માટે સૌથી વિશેષ લાલચી હતા. યા'ની સહાબાએ કિરામ કોઈ ભલાઈને છોડવા ચાહતા ન હતા. ઘણી વખતે નેક કામમાં આગળ વધવા યા વધુ હિસ્સો મેળવવા માટે આપસમાં તકરાર સુધી કરતા હતા અને એ ખતરો રહેતો કે ક્યાંક તલ્વારો ન નીકળી જાય !

મસ્જિદે નબવીની તા'મીર વખતે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن નો જોશ, જઝબો, જન્નત અને મગફેરત તરફ દોડવાનો મન્ઝર અગર તમે વાંચો તો બદનની રૂંવાટી ઉભી થઈ જશે ! ખૂદ નબીએ કરીમ صلی اللہ تعالٰی علیہ وسلم નો હાલ એ હતો કે હઝરત ઓસામા બિન ઝૈદ رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહના રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم એક ભારી ભરખમ પથ્થર ઉઠાવી લાવી રહ્યા હતા કે એક સહાબી હઝરત ઉસૈદ બિન હુજૈર رضی اللہ عنہ એ જોઈ લીધું તો દોડતા દોડતા હાજર થયા અને અર્ઝ કરી કે, હે મારા આકા ! આ ભારે પથ્થર મને આપી દો ! હુઝૂરે ફર્માવ્યું કે જાવ ! બીજો કોઈ પથ્થર લાવો ! તું મારાથી વધુ અલ્લાહની રહમતનો મોહતાજ નથી ! (આ ઈન્કેસારી છે) તમામ સહાબા એક એક પથ્થર ઉઠાવતા હતા પણ હઝરત અમ્મર رضی اللہ عنہ બે પથ્થર ઉઠાવતા હતા અને કહેતા કે એક પથ્થર મારા ભાગનો છે અને બીજો મારા આકા صلی اللہ تعالٰی علیہ وسلم ના તરફથી છે ! આ હતા સહાબા ! જેઓ ઈશ્કે નબી સાથે નેકીના કામમાં હર ઘડી ચુસ્ત રહેતા હતા.

જેમ કે હઝરત ઈમામ બુખારીએ બીજી એક રિવાયત બયાન કરી છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ પોતાનો એક વાકયો બયાન કર્યો કે તેઓ મસ્જિદમાં હાજર થયા તો હુઝૂર નમાઝ પઢાવી રહ્યા હતા અને રુકૂઅમાં હતા. ખલીફાએ અવ્વલ ફર્માવે છે કે સફમાં પહોંચતા પહેલાં જ મેં રુકૂઅ કરી લીધો (જેથી હુઝૂર સાથે રુકૂઅ મળી જાય અને સવાબથી મેહરૂમ ન રહે) જ્યારે નમાઝથી ફારિગ થયો તો મેં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને બતાવ્યું તો આપે ફર્માવ્યું કે, હે અબૂબક્ર ! અલ્લાહ તઆલા તમારી લાલચને ઔર વધુ કરે ! પણ ફરી આવું ન કરશો ! જંગે બદરના મૌકા પર નબી કરીમ صلی اللہ تعالٰی علیہ وسلم એ સહાબાને ખુત્બો આપ્યો જેમાં આપે ફર્માવ્યું કે, "તે જન્નતની તરફ ઝડપથી દોડો ! જેની પહોળાઈ આસ્માનો અને જમીનના બરાબર છે." હઝરત ઉમૈર સાંભળતાં જ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالٰی علیہ وسلم શું જન્નતની પહોળાઈ આસ્માનો અને જમીન બરાબર છે ? આપે ફર્માવ્યું કે, હા ! હઝરતે ઉમૈરના હાથમાં ખજૂર હતી. કહેવા લાગ્યા કે અગર હું ખજૂર ખાવા રહીશ તો ઘણુ મોડુ થઈ જશે ! ખજૂર ફેંક્યુ અને તલવાર લહેરાવતા મેદાને જંગમાં કૂદી પડયા. ખૂબ મુકાબલો કર્યો છેવટે શહીદ થઈ ગયા અને જે વસ્તુ એમને જોઈતી હતી એ મળી ગઈ !

પ્યારા ભાઈઓ ! તમોએ કુર્આને પાકના હુકમો તથા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن ના હાલાત વાંચ્યા હવે તમો પોતાનું નિરીક્ષણ કરો કે શું આપણા અંદર આ જઝબો અને વલવલો મૌજૂદ છે ? અગર જવાબ ના માં છે તો એમના નક્શે કદમ પર ચાલી ઈમાની તાકાતથી કુર્આની જોશ પૈદા કરો.

*(વલ્લાહુ તઆલા અઅ્લમ)*

**દીની સમસ્યાઓ તથા "ફત્વા" પૂછવા ઈચ્છનાર ભાઈઓ માટે....**

જે ભાઈઓ તથા બહેનો દીની સમસ્યાઓ વિશે ફત્વો મેળવવા ઈચ્છતા હોય તેમને વિનંતિ છે કે આ સરનામે "જવાબી પરબિડિયા સાથે" સવાલ લખીને મોકલશો. :☞

**ફતવા વિભાગ**
મુફતી હારૂન રશીદ અમજદી કાદરી કંબોલ્વી
અમીને શરીઅત, એજ્યુકેશન ટ્રસ્ટ,
ઠે. રાજકોટ હાઈવેરોડ,
મુ.પો. ધ્રોલ, જિ. જામનગર, પિન. ૩૬૧ ૨૫૦

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો

અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)
ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

હપ્તો : ૦૧

## ★ પ્રારંભિક વાત....★

### (લેખકના બે બોલ)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نحمدہٗ ونصلی علٰی رسولہٖ الکریم

તે ૧૫–મે ઈ.સ. ૧૯૭૧ ની એ સુનેહરી સવાર હતી જ્યારે હું એક પીરીયડથી પરવારીને કલાસ રૂમથી બહાર નીકળ્યો. જોયું કે દારુલ ઉલૂમ અમજદિયહ્‌ના અંદરવાળા દરવાજા પર તલબા (વિદ્યાર્થીઓ)ની એક ભીડ લાગેલી છે. કુતૂહલપૂર્વક હું પણ ત્યાં પહોંચી ગયો. જોયું કે એક અફઘાની વેપારી દર્સે નિઝામીના ઘણા પૂરાણા ઝેરોક્ષ કરેલ નુસ્ખા વેચવાના માટે લઈને આવ્યો હતો, અને ઈલ્મે દીનના મતવાલાઓ એ ઢગલામાંથી પોતાની પસંદગીની કિતાબો શોધી રહ્યા હતા. અલ્હમ્દુલિલ્લાહ ! કે લખનારાના વાલિદે માજિદ (પિતા)ના અંગત કુતુબખાનામાં દર્સે નિઝામીની પણ સર્વ કિતાબો મૌજૂદ છે એટલા માટે મારા ધ્યાનનું કેન્દ્ર તે કિતાબો ન બની શકી. અલ્બત્ત ! કિતાબોને ઉઠલ પાઠલ કરતાં અચાનક મારી નજર એક નામ પર પડી **''અલ્ મુતાબિકતુલ ઈખ્તેરાઆતિલ અસરિય્યહ લિમા અખબર બિહી સૈયદુલ બરિય્યહ્''** નામ વાંચતાં જ કિતાબનો વિષય દિમાગના પર્દાઓ પર જાહેર થઈ ગયો. તરત જ તે કિતાબને લઈ લીધી. એ તે જ કિતાબ હતી જેનો ઉર્દૂ તર્જુમો તથા નિચોડ ''ઈસ્લામી ઔર અસ્રી ઈજાદાત'' (ઈસ્લામ અને આધુનિક શોધો)ના નામથી મારા માનનીય વાંચકોની સેવામાં રજુ કરવાનું સદ્‌ભાગ્ય હાંસલ કરી રહ્યો છું.

અરસાથી મારી એ ઈચ્છા રહી કે આધુનિક શોધો પર એવા લખાણોનો અભ્યાસ કરું જેમાં કુર્આન હદીષથી એના પર પ્રકાશ નાખવામાં આવ્યો હોય. અલ્હમ્દુલ્લિાહ ! કે તમન્ના પૂરી થતી જોવા મળી. ઈ.સ. ૧૯૭૧ વિદ્યાર્થીકાળનું અંતિમ વરસ હતું અને અરબી મદ્રસાઓના લેહાઝથી હજી પૂર્ણતામાં ત્રણ વરસની વાર હતી. તે સમય એવો ન હતો કે દર્સ સિવાય કોઈ બીજી બાજુ ધ્યાન આપવામાં આવી શકે. પરંતું લેખન તથા સંપાદનના શોખે મને મજબૂર કર્યો કે જણાવેલ કિતાબ પાછળ કાંઈક મહેનત કરું.

એ કિતાબ જે મિસ્રથી છપાયેલ છે, પાકિસ્તાનમાં કદાચ જ ક્યાંક થોડી ઘણી પહોંચી હશે, જેથી અત્યંત શોધખોળ કરવા છતાં તેના અધિક નુસ્ખા મને પ્રાપ્ત ન થઈ શક્યા. જેથી સૌથી પ્રથમ આ કિતાબ મારા વાલિદે માજિદ મુફતીએ આ'ઝમે સિંધ હઝરત મુફતી હઝરત ખલીલખાન બરકાતી મદ્‌ઝિલહુમુલ આલિયહ્‌ની ખિદમતમાં લઈને હાજર થયો અને તર્જુમાની ઈચ્છા પ્રદર્શિત કરી. આપે ખુશીભેર ઈજાઝત આપી અને થોડીક સૂચનાઓ કરી. તે જમાનામાં દારુલ ઉલૂમ અમજદિયા

કરાચીમાં હઝરત ઉસ્તાદી મુફતી સૈયદ સુજાઅત અલી સાહબ કાદરી દામત બરકાતુહુમ મુદર્રિસ તથા મુફતી હતી. અહકર (લેખક) પર હઝરતની ખાસ નઝરે ઈનાયત હતી. હઝરત મુફતી સાહબની ખિદમતમાં આ કિતાબને ઉર્દૂ તર્જુમામાં તબદીલ કરવાની ખ્વાહિશનો ઉલ્લેખ કર્યો તો આપ ખૂબ જ ખુશ થયા અને તેને બેહદ દાદ આપી.

કિતાબનો તર્જુમો કરવાનું શરૂ કર્યું તો મેહસૂસ થયું કે આ મહાન જિમ્મેદારી છે જેમાં સંપાદનકર્તાના લખાણની રૂહ બાકી રાખવાની છે અને તર્જુમામાં પણ હુસ્ન પેદા કરવાનું છે. તે વખતે ખબર પડી કે કિતાબ સંપાદિત કરવી મુશ્કેલ નથી પણ મુશ્કેલ એ છે કે કોઈ કિતાબને બીજી ભાષામાં ફેરવવામાં આવે. આધુનિક અરબીથી નાવાકેફ એક તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) શસ્ત્રવિહોણો છે, અને આધુનિક ઉર્દૂની એક મહત્વની કિતાબને ઉર્દૂના પોષાકમાં સજાવવાની કોશિશ કરી રહ્યો છે. ખુદા ખૈર કરે ! એ તે ખયાલ હતો જે દિમાગમાં ખટકયો, પણ તે નેઅમત જ શું જે વિના મહેનતે મળી જાય. ખૈર ! શરૂઆત થઈ ચૂકી હતી, પૂર્ણતાની તૌફીકના માટે બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં દુઆ કરી.

આ કિતાબ હુઝૂર પુરનૂર સૈયદુલ અંબિયા ﷺ ની પેશનગોઈઓ (આગાહીઓ) અને **ઈલ્મે ગૈબ** પર આધારિત હતી, જેથી પૂરો વિ□સ હતો કે તેની પૂર્ણતામાં યકીનન ! ત્યાંથી રહનુમાઈ મળતી રહેશે. જેથી સરકાર ﷺ નો ખાસ કરમ રહ્યો અને તર્જુમો સંપૂર્ણ થઈ ગયો. તર્જુમા દરમિયાન ઘણા એવા સ્થાનો આવ્યાં જેનો ભાવાર્થ તુરત સમજમાં ન આવતો, કેટલાયે શબ્દો એવા આવ્યા કે તેનો તર્જુમો મશહૂર શબ્દકોષમાં ન મળ્યો, નામવર ઈલ્મવાળાઓને મળ્યો પણ કામયાબી ન મળી. અને મોટા ભાગે એવું થયું કે દિમાગમાં તેના અર્થો તથા ભાવાર્થ ખૂદ બ ખૂદ જાહેર થઈ જતા અને બાદમાં અધિક તેહકીક તથા તલાશ પછી આબેહુબ તે જ અર્થો હોતા. યકીનન ! મારા આકાનો કરમ તથા ખાસ એનાયત હતી જે આ હકીર પર દરબારે રિસાલત મઆબ ﷺ થી થઈ રહી હતી.

દરમ્યાનમાં એકદમ વ્યસ્તતાને કારણે તર્જુમાનું કામ કેટ કેટલાયે મહીનાઓ સુધી પેન્ડિંગ રહ્યું, એ દરમ્યાન હઝરત મુફતી સુજાઅત અલી સાહબ رحمۃ اللہ علیہ ના ફર્માન પર આ તર્જુમો હપ્તાવાર 'તર્જુમાને એહલે સુન્નત' કરાચી માસિક અંકમાં પ્રસિદ્ધ કરવાનો શરૂ કર્યો જે ઘણો જ લોકપ્રિય બન્યો. સોળ મહીનાઓ સુધી હપ્તાવાર એ માસિક અંકમાં પ્રસિદ્ધ થતો રહ્યો, એ દરમ્યાન ઘણાય લોકોના પત્રોએ મારી હિંમતને આગળ વધારી અને ઈ.સ. ૧૯૭૪ ના શરૂમાં અહકર તર્જુમાના કામથી ફારિગ થઈ ગયો.

મૂળ કિતાબમાં અરબી લેખકે કુર્આની આયતો તથા હદીષોના હેઠળ કેવળ કિતાબનું જ નામ લખ્યું હતું પણ આ લખનારે અધિક લાભદાયી બનાવવા માટે મોટા ભાગના સ્થળોએ કિતાબોના નામની સાથે પેજ નં. તથા ભાગ નં. લખી આપ્યો છે. તે ઉપરાંત અમુક અમુક કિતાબો ઓછી મળવાથી તથા ન મળવાથી તેમનાં પેજ નંબરો લખવાથી રહી ગયા છે. એના અનુસંધાનમાં કરાચીની કેટલીયે લાયબ્રેરીઓથી સંપર્ક કરવામાં આવ્યો પરંતુ સામાન્યતઃ લાયબ્રેરીઓમાં એ કિતાબો હાજર ન હતી. જો માનનીય વાંચકોને એ કિતાબોની ભાળ મળે તો અહકર (લેખક) ને જરૂર જાણ કરે જેથી આગામી આવૃત્તિમાં એનો ઉમરો કરી દેવામાં આવે.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં દુઆ માટે હાથ ઉઠાવું છું કે તે મને અને તમામ ઈસ્લામી ભાઈઓને અમલની તૌફીક અતા કરે. *(આમીન)*

**અહમદમિયાં બરકાતી**

*૬–ડિસેમ્બર, ઈ.સ. ૧૯૭૯*

*(નાઝિમે તા'લીમાત, દારુલ ઉલૂમ અહસને બરકાત, હૈદ્રાબાદ–સિંધ)*

## ★ લેખક વિશે બે વાતો ★

કોઈ કિતાબના તર્જુમાની સાથે મૂળ લેખકનો ઉલ્લેખ ન કરવો સાહિત્યિક જુર્મ પણ થાય છે અને વાંચકોની સાથે જબરદસ્તી પણ થાય છે. પ્રસ્તુત કિતાબ હઝરત અલ્લામા હાફિઝ સૈયદ અહમદ બિન મુહમ્મદ બિન સિદ્દીક ગમારી હુસૈનીની લખેલી છે. ઈલ્મવાળાઓએ તેમને શૈખે જલીલ તથા ઈમામ મુજતહિદનો લકબ આપ્યો છે. આપની કુન્નિયત અબુલ ફૈઝ છે. પોતાના સમયના જબરદસ્ત આલિમ તથા ફાઝિલ છે. અમુક ઉલમાએ તેમને દીનના મુજદ્દિદોમાં ગણ્યા છે.

અલ્લામા શૈખ અહમદ મુહમ્મદ મૂસા અષરી નકશબંદી આ કિતાબના બારામાં આ પ્રમાણે લખે છે :–

''આ કિતાબ અઝીમુશ્શાન ધાર્મિક ગ્રંથ છે આગલાઓના ઈલ્મો અને મુજદ્દિદાના બહષોનો એક રોશન ચિરાગ છે. આ કિતાબને સમજીને પઢવાથી મો'મિનના ઈમાનને નવી જિંદગી મળશે અને લોકોની શંકાઓ ખત્મ થઈ જશે. જે લોકો વર્તમાનકાળની શોધોને ઈસ્લામમાં તલાશ નથી કરી શકતા તેઓ એને વાંચીને ચોંકી ઉઠશે અને એના ખુલાસાઓથી તેમનાં દિલોને ઈત્મિનાન મળશે.''

આ કિતાબના મહત્વનો અંદાજો એ વાત પરથી પણ લગાડવામાં આવી શકે છે કે :–

ડૉ. સ્ટર્ડ શિરકા ચિકોસ્લાવાકિયા એ જેઓ પરાગ યુનિવર્સિટીથી ફિલોસોફીમાં ફારિગ થયા છે.

તેમણે એકવાર સંપાદક સાથે કિતાબના વિષય પર ચર્ચા કરી તો ખૂબ જ પ્રભાવિત થયા અને તેમણે સંપાદકને દરખાસ્ત કરી કે તેઓ આ કિતાબને જલ્દી છપાવે અને તેની સાથે મને પરવાનગી આપે કે હું તેનો અંગ્રેજીમાં અનુવાદ પ્રસિદ્ધ કરું. ડૉ. સાહબે પોતાની રાય આપતાં કહ્યું કે જો આ કિતાબ અંગ્રેજીમાં છપાઈ ગઈ તો ઈસ્લામના માટે વિશેષતઃ પશ્ચિમ યૂરોપમાં ઘણા લોકોને ફાયદો થશે.

અફસોસ ! કે કોશિશ તથા અત્યંત તલાશ કરવા છતાં મૂળ લેખકની અધિક હાલતો જાણવા ન મળી શકી.

પ્રસ્તુત કિતાબ ચોથી આવૃત્તિ છે જે હિ.સ. ૧૩૭૮/ઈ.સ. ૧૯૬૮ માં મિસરથી પ્રસિદ્ધ થઈ છે. લેખકે અન્ય કિતાબો પણ લખી છે...(અહીં નામો રજૂ કર્યા નથી, *–ગુજરાતી અનુવાદક)*

દુઆ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હઝરત લેખકની આ ઈલ્મી ખિદમતોથી મુસલમાનોને ફાયદો બખ્શે અને લેખકના દરજ્જાઓમાં વધારો કરે. *(આમીન) –અબૂ હમ્માદ અહમદ બરકાતી.* *(સભ્ય–પાક. સુન્ની રાઈટર–હૈદ્રાબાદ)*

## ★ પ્રસ્તાવના..... ★

**અઝ** : *પ્રો. ડૉકટર મુહમ્મદ મસઊદ અહમદ*

પ્રસ્તુત કિતાબ ખૂબ જ આશ્ચર્યમય તથા બોધદાયક છે એને વાંચીને કાંઈક એવું જણાય છે કે જેમ કે આપણે સૃષ્ટિના પટ પર ઈબ્રતના નિશાન છીએ અથવા કિયામતની મંઝિલના માઈલ સ્ટોન છીએ. અફસોસ !

*કિસ લિયે આયે થે હમ ક્યા કર ચલે !*

ફાઝિલ લેખક અબીલ ફૈઝ અહમદ ઈબ્ને મુહમ્મદ સિદ્દીકી ગમારી હસની رحمۃ اللہ علیہ સહીહુલ અકીદા સુન્ની મુસલમાન અને દર્દમંદ ઈન્સાન છે. તેમના અકીદાની પુખ્તગી અને દર્દમંદી તથા દિલોસોઝીનો અંદાજો એ હકીકતો પરથી થાય છે જે આ કિતાબમાં ક્યાંક ક્યાંક લખાણ હેઠળ બયાન કરવામાં આવેલ છે. ફાઝિલ મૌસૂફ સાહિબે તસ્નીફ (લેખન કાયકર્તા) બુઝુર્ગ છે તેમની કિતાબોની સંખ્યા દસથી વિશેષ છે.

પ્રસ્તુત કિતાબનો વિષય ગયબી ચીજોના બારામાં સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાહેરાત

તથા આગાહીઓ પર છે. આ લખાણનો સંબંધ જાહેરથી નહીં બાતિન (છુપી ચીજો)થી છે, બુદ્ધિ સાથે નહીં ઈશ્ક સાથે છે, તે ઈશ્ક કે સરાપા હુઝૂર છે, તે ઈશ્ક કે "છુપો જવાબ" છે, તે ઈશ્ક કે "સરાપા યકીન" છે, તે ઈશ્ક કે "ઉમ્મુલ કિતાબ" છે.

ઈન્સાન જેટલો ઉચ્ચ હોય છે નજર પણ તેટલી જ વિશાળ થતી ચાલી જાય. અવકાશમાં સફર કરનારાઓ પર એ રાઝ ખૂલી ચૂક્યું છે. ચાંદ પર લગામ ફેંકનારાઓએ આ દુનિયાને એક તબાકના રૂપમાં અનુભવી. અને મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ના એક સાચા આશિકે (ગૌષે આ'ઝમ رضی اللہ عنہ એ) સદીઓ પહેલાં સૃષ્ટિને રાઈના દાણાને જેમ જોઈ.

*નઝર તો ઈલા બિલાદિલ્લાહિ જમ્આ*
*ક ખર્દલતિન્ અલા હુક્મિ ઈત્તેસાલી*
*(કસીદએ ગૌષિયા)*

તો પછી એની ઉચ્ચતાઓની શી સ્થિતિ હશે જેને ખૂદ નજર આપવાવાળો બુલંદ કરે. و رفعنا لك ذكرك. *(ઈન્શિરાહ્-૪)* "અને અમે તમારા માટે તમારું ઝિક્ર બુલંદ કરી આપ્યું." ઝિક્ર ત્યારે જ બુલંદ થાય છે જ્યારે ઈન્સાન ખૂદ બુલંદ હોય છે. અને જ્યારે બુલંદ ન હોય બલ્કે ખૂદ બુલંદ કરવામાં આવે તો પછી જમીન તથા આસ્માનની દરેક ચીજ અને દરેક બનાવ તેની નિગાહોની સમક્ષ નગીનાની જેમ કેમ ચમકવા ન લાગે ? જેવી રીતે ઘરોમાં બેસવાવાળા અવકાશમાં ઉડતા મુસાફરોને જોવામાં નથી આવી શકતા, અને જેવી રીતે જાહિલ તથા અભણ પઢેલા ભણેલા જેવી દ્રષ્ટિ નથી લાવી શકતો. એવી જ રીતે ભણેલા ગણેલા તેમની દ્રષ્ટિ નથી પામી શકતા. જેઓ અલ્લાહના ફયૂઝથી ડાયરેક્ટ ફયૂઝ પામતા રહે છે. પણ અફસોસ ! કે મહરૂમ લોકો ઊલ્ટી સીધી વાતો વડે પોતાની મેહરૂમીનો હાલ છુપાવતા ફરે છે અને એ રીતે પોતાના દિલ તથા દ્રષ્ટિને પણ બેઈજ્જત કરતા રહે છે. જરા વિચારો કે એક સામાન્ય રાજકરણી અને રાજ્ય સત્તાના લીડરની ઈજ્જત તથા સ્થાન એ જ્ઞાન તથા દ્રષ્ટિવાળા હોવાના કારણે હોય છે કે જે તે વિ□ની હાલતો તથા ઈતિહાસની રોશનીમાં પ્રાપ્ત કરે છે અને જેના કારણે તે પોતાના સમયથી ચાલીસ, પચાસ વરસ આગળ જોવા લાગે છે અને મોટા ભાગે એવા દિર્ઘ દ્રષ્ટિવાળાનું કહેલુ સાચુ ઠર્યું છે પરંતુ જ્યારે ઈન્સાને જાહેરી રીતે આલમી હાલતો તથા ઐતિહાસિક બનાવોનો અભ્યાસ ન કર્યો હોય, દૂર દરાઝની સફરો પણ ન કરી હોય, દુનિયાના અમીરો તથા બાદશાહોને પણ ન મળ્યો હોય, ભણેલો ગણેલો પણ ન હોય તો પછી તેને વિ□નો રહબર બનાવીને રજુ કરવામાં આવે અને સાથે એ પણ કહેવામાં આવે કે એ કાંઈ જ નથી જાણતો, તેનામાં જરાય દ્રષ્ટિ શક્તિ નથી, એ લકીરનો ફકીર છે, મઆઝલ્લાહ ! તો બતાવો તેના તરફ કોણ ધ્યાનિત થશે ! અને કેવી રીતે પોતાનો રહબર તથા પેશ્વા સ્વીકારશે ?! હા ! જ્યારે તમે એવું કહેશો કે બેશક ! તેણે વિ□ના ઈતિહાસનો અભ્યાસ નથી કર્યો, એણે દુનિયા નથી જોઈ, પઢેલો ભણેલો ગણેલો પણ નથી, પરંતુ તે એવું કાંઈક બતાવી રહ્યો છે જે કોઈ બીજાએ નથી જોયું ! અને તેવું કાંઈક બતાવી રહ્યો છે જે બીજાએ નથી દેખાડયું. તેવું કાઈક સંભળાવી રહ્યો છે જે કોઈ બીજાએ નથી સંભળાવ્યું. બેશક ! હવે લોકો તેના પ્રતિ દોડી જશે, તેને પોતાનો પેશ્વા તથા રહબર માની લેશે.

તો આવો જુઓ ખાલિકે આલમ એ રહબરે આલમના બારામાં શું કહી રહ્યો છે ? و يعلم ما لم تكونوا تعلمون. *(સૂરએ બકરહ, આ. ૧૫૧)* "(હે દુનિયાવાળાઓ ! અમારો મહબૂબ) તમને તે કાંઈ બતાવી રહ્યો છે કે તેનાથી પહેલાં તમને એની ખબર પણ ન હતી." એક ઠેકાણે આ પ્રમાણે ફર્માવે છે : علم بالقلم علم الانسان ما لم علم *(અલક-૪, ૫)* "કલમથી શીખવાડયું, ઈન્સાનને

શીખવાડયું, તે કાંઈ શીખવાડયું કે ન જાણતો હતો." હવે જરા ઈકબાલના આ શેઅરને વાંચો જે નવી તાજગી લઈને આવી રહ્યો છે :–

*લોહ ભી તૂ કલમ ભી તૂ તેરા વજૂદ અલ્ કિતાબ*
*ગુંબદે આબગીના રંગ તેરે મુહીતમેં હબાબ*

કેટલીક ગયબી વાતોની ખબર આપવામાં આવે છે અને કેવી શાનની સાથે !

ما کان الله لیطلعکم علی الغیب
و لکن الله یجتبی من رسله من یشاء

*(આલે ઈમરાન–૧૭૯)* **"અને અલ્લાહની શાન એ નથી કે સામાન્ય લોકો તમને ગયબનો ઈલ્મ આપી દે, હા ! અલ્લાહ પસંદ કરી લે છે પોતાના રસૂલોમાંથી જેને ચાહે !"** અને કેટલીક ગયબની વાતોથી ખૂદ પર્દા રખાવવામાં આવે છે :

عالم الغیب فلا یظهر علی غیبه احدا
الا من ارتضی من رسول

*(જિન–૨૬)* "ગયબ જાણનારો છે, પોતાનું રહસ્ય કોઈના પર નથી ખોલતો પણ રસૂલોમાંથી જેના પર ચાહે ખોલી દે છે." જરા વિચારો તો ખરા ! જ્યારે તે પર્દો રાખનારો ખૂદ પર્દો ખોલી નાખે તો તે આલમ સોઝ હુસ્નનો શો આલમ થશે ?! અલ્લાહ ! અલ્લાહ ! *(હૂદ–૪૯)* "આ ગયબની ખબરો છે ! (બસ, હે મહબૂબ !) તમોને બતાવીએ છીએ." અલ્લાહુ અકબર ! દામન ભરી આપ્યો, કાસિમ (વહેંચનાર) બનાવી દીધો અને એલાન ફર્માવ્યું, و ما هو علی الغیب بضنین *(સૂ. તકવીર–૨૪)* "એઓ દિલ ખોલીને ગયબની ખબરો બતાવે છે." દિલ સંકૂચિત નથી, પૂછી લો ! જેને પૂછવું હોય. હા ! બખીલ તે હોય છે જે હોવા છતાં ખર્ચ નથી કરતો. તેને કોણ બખીલ કહે છે જેની પાસે દમડી પણ ન હોય ? આયતનું તેવર બતાવી રહ્યું છે કે આ દા'વતે આમ છે. આપનાર સખી છે, તેના મુકદસ સર પર ઈલ્મોનો તાજ, **માકાન વમા યકૂન** (ભૂત, વર્તમાન, ભાવિનો ઈલ્મ)નો તાજ રાખી દેવામાં આવ્યો છે. તેને ગની બનાવી દેવામાં આવ્યો છે. જુઓ ! આયત : ووجدك عائلا فاغنی۔ *(દુહા–૮)* "તમને હાજતમંદ પામ્યા તો ગની કરી દીધા." એક નવા જ અર્થ તથા ભાવાર્થની સાથે પોતાના ચહેરા પરથી ઘુંઘટ હટાવી રહી છે.

પણ તેણે તો કંજૂસી ન કરી પણ મેહરૂમોએ લેવામાં કંજૂસાઈ કરી, પોતાનો દામન ખેંચી લીધો, એક શોર મચાવ્યો અને ઘરતી માથે લીધી કે, "ગની પાસે તો કાંઈ પણ નથી ! ગની પાસે તો કાંઈ જ નથી !" દીવાનગીનું ગાંડપણ ત્યાં સુધી પહોંચ્યું કે દામનનો તાર પણ બાકી ન રહ્યો ! લે તો કઈ રીતે લે ? અલ્લાહ ! અલ્લાહ ! મેહરૂમી જ મેહરૂમી છે. અને એ દીવાનગી હજી સુધી નથી ગઈ અને એ મહેરૂમીનો દાગ હજી સુધી નથી ધોયો. પાગલખોરીની હિંમત તો જુઓ કે વિ□કક્ષાએ ફેલાવ્યું કે બુદ્ધિ દંગ છે ! થોડા દિવસો પરની વાત છે. ૪–એપ્રિલ, ૧૯૭૬ ના રોજ ઈસ્લામી આલમી મેળામાં રોયલ અલ્બર્ટ હોલ–લંડનમાં એક ચર્ચાની મજલિસમાં પાકિસ્તાનના એક મશહૂર આલિમનો મકાલો (લેખ) વાંચવામાં આવ્યો. જૂઠ લખવામાં મહાન દૈનિક "જંગ" (૭–એપ્રિલ, ઈ.સ. ૧૯૭૬) માં છે : સરકારે દો આલમ ﷺ ના માટે એ મકાલામાં કહેવામાં આવ્યું છે કે :–

"ન તો તેઓ નામાલૂમ ઈલ્મનો દા'વો રાખતા હતા."

જ્યારે કુર્આન કહે છે કે અમે "નામાલૂમ" ઈલ્મ આપ્યો ! તો પછી જૂઠાડનારા શા માટે જૂઠાડે છે ?! જુઓ ! યાકૂબ علیه السلام શું ફર્માવે છે : وانی اعلم من الله ما لا تعلمون۔ *(યૂસુફ–૮૬)* "મને અલ્લાહના તરફથી તે સર્વ કાંઈ માલૂમ છે જે તમે નથી જાણતા." અને ખૂદ અલ્લાહ ગવાહી આપી રહ્યો છે અને જે કાંઈ કહેવામાં આવ્યું તેને સમર્થિત કરી રહ્યો છે :–

و انه لذو علم لما علمنه
و لکن اکثر الناس لا یعلمون۔

*(યૂસુફ-૬૮)* "બેશક ! તે અમારા શીખવાડવાથી ઈલ્મવાળો છે પણ મોટા ભાગના લોકો નથી જાણતા !" અલ્લાહુ અકબર ! તે આલિમુલ ગયબ રબ બેખબરોનો હાલ પણ ખૂદ બયાન કરી રહ્યો છે. હા ! આ તે 'નામાલૂમ' ઈલ્મ છે જેને સામે લાવવામાં આવ્યો તો હજારોની આંખો ખુલી ગઈ અને લાખો દીવાના તથા આશિક થઈ ગયા. અને આ જ તે 'નામાલૂમ' ઈલ્મ છે જેને આજે પણ સામે લાવવામાં આવ્યો તો હજારો લાખો ઈસ્લામથી પાવન થઈ શકે છે. રસૂલે કરીમ ﷺ ને સામાન્ય માનવીના રૂપમાં રજુ કરવા પહેલાં એટલુ ખતરનાક ન હતું જેટલું આજે છે. જુઓ તેમના રસૂલ ખૂદ કહી રહ્યા છે :

ان نحن الا بشر مثلکم و لکن الله
یمن علی من یشاء من عباده

*(ઈબ્રાહીમ-૧૧)* "અમે છીએ તો જાહેર રૂપમાં તમારી જેમ માનવી પણ અલ્લાહ પોતાના બંદાઓમાં જેના પર ચાહે એહસાન ફર્માવે છે." તો ભલા "મહબૂબ" તથા "મરદૂદ" એક કઈ રીતે હોઈ શકે છે ?! અલ્માસ (હિરો) તથા પથ્થર ફિતરતન્ એક હોવા છતાં પણ એક નથી. આ તો અલ્લાહના બુઝુર્ગો છે તો તેમનું તો પૂછવુ જ શું ?! તેમ છતાં પણ તમે એવું કહો છો કે તે સામાન્ય માનવી હતો અને તે 'નામલૂમ' ઈલ્મ ધરાવતો ન હતો ?! તો પછી જે કાંઈ અમે સાંભળી રહ્યા છીએ. તો પછી આ શું છે ? જુઓ ! કેવી શાનની સાથે તથા યકીનપૂર્વક એલાન ફર્માવી રહ્યો છે;

"કિયામત રચાતા પહેલાં તે મહાન બાબતોને જોઈ લેશો જે કદી ન જોઈ અને ન વિચારી." *(અલ્ફિતન)*

આટલું જ નહીં બલ્કે ભવિષ્યમાં ઉપસ્થિત થનારી તે મહાન બાબતો એક એક કરીને વર્ણવી રહ્યો છે. તો જરા બતાવો તો ખરા આ વાતોની ખબર આપનારો કઈ દુનિયાથી ખબરો લાવી રહ્યો છે ? અને કઈ દુનિયાની ખબર આપી રહ્યો છે ? એક ખબર નહીં ! અને એક જાતની ખબરો નહીં, જાત જાતની ખબરો ! ધાર્મિક તથા સંસ્કારિક, તાલીમી તથા તદીરસી, સંસ્કૃતિક તથા સામાજિક, સાઈન્સી તથા ટેકનિકી, વ્યાપારિક તથા આર્થિક, ખેતિ વિષયક, રાજકિય તથા રાષ્ટ્રિય, ડૉક્ટરી તથા સારવાર સંબંધી ખબરો જ ખબરો ! આવો, જરા એ ગયબી ખબરનામાનો એક નજરે અભ્યાસ કરો, પછી બતાવો કે આ ખબરો આપનાર "નામાલૂમ"નો ઈલ્મ ધરાવે છે કે નહીં ?!

قد جاءکم بصائر من ربکم فمن ابصر فلنفسه
و من عمی فعلیها و ما انا علیکم بحفیظ۔

*(અન્આમ-૧૫)*

"તમારા રબની તરફથી તમારી પાસે આંખો ખોલનાર દલીલો આવી ગઈ, તો જેણે જોયું પોતાના ભલાને માટે અને જે આંધળો થયો પોતાના બુરાને માટે, અને હું તમારા પર નિગેહબાન નથી !"

*(ક્રમશઃ)*

**"બરકાતે ખ્વાજા" માસિક ગમ્યુ હોય તો !!...** પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! અઢળક ઈલ્મી મસાલા સાથે જેમ કે તફસીરે કુર્આન, દર્સે હદીષ, સીરતે રસૂલ, ફઝાઈલે હજ્જ, ઈસ્લામ અને આધુનિક શોધો, ઈસ્લામ અને અખ્લાકે હસના... વગેરે તેમજ અન્ય વિષયોમાં ઈમાન અફરોઝ ઈલ્મી સામગ્રી પ્રસ્તુત પ્રથમ અંક "બરકાતે ખ્વાજા"માં રજુ કરી છે, ઉમ્મીદ છે કે તમને પસંદ પડયો હશે તો.....

★ આપનો અભિપ્રાય તથા સલાહ સૂચનો અમારા પર જરૂરથી લખશો જેને અમે આગામી અંકોના પૃષ્ઠોમાં જગા આપીશું. ઈન્શાઅલ્લાહ !
★ ગ્રાહકો થવાનું તથા ગ્રાહકો બનાવવાનું ભૂલશો નહીં.
★ લેખક ભાઈઓ, આલિમોને વિનંતિ કે સારા ઉમદા લેખો લખીને મોકલતા રહેશો, જે હવાલાસભર તથા દલીલબદ્ધ હોય.

*-લિ. તંત્રી*

# "યા રસૂલલ્લાહ !" કહેવા વિશે ફત્વો

★ લેખક ★
અલ્લામા મુફ્તી મુહમ્મદ અમીન
સાહબ દામત બરકાતુહૂમુલ્ આલિયા

★ અનુવાદક ★
જનાબ મૌલાના મોહસિન મક્કી
મિસ્બાહી (સેગવા)

بسم الله الرحمن الرحيم

**મોહતરમ મુકર્રમ મુફ્તી સાહબ,**
**અસ્સલામુ અલૈકુમ !**

થોડા દિવસો પહેલાં દિવાલો પર "અલ્ મદદ યા રસૂલલ્લાહ !" લખવામાં આવ્યું તો અમુક લોકોએ લખ્યું કે યા રસૂલલ્લાહ અલ્ મદદ ! યા અલી અલ્ મદદ ! પુકારવાવાળો દુનિયાનો ખતરનાક કાફિર અને મુશ્રિક છે. અમે વિચાર્યું કે આ લખાણ એહલે હદીષ (વહાબી)નું હશે, કારણ કે દરેક માણસ આદતથી મજબૂર છે. પરંતુ આશ્ચર્ય ત્યારે થયું કે એક રાત્રે અમે કારમાં બેસી ઘરે જતા હતા તો અચાનક થોડાક તાલિબે ઈલ્મને જોયા જેઓ દિવાલો પર "યા રસૂલલ્લાહ અલ્ મદદ !", "યા અલી અલ્ મદદ" પોકારનારો ખરાબથી ખરાબ કાફિર અને મુશ્રિક છે. એવું લખાણ લખી રહ્યા હતા. તો અમે કાર થોભાવી અને કારથી નીચે ઉતર્યા તો અમને જોઈને બે ત્રણ તાલિબે ઈલ્મ ભાગી ગયા અને ત્રણ ચાર ઉભા રહ્યા. એ લોકોથી વાતચીત થઈ તો એમણે કહ્યું કે અમે એક દેવબંદી દર્સગાહના તાલિબે ઈલ્મ છીએ. આ સાંભળી અમને ઘણી નવાઈ એ વાતની થઈ કે આ લોકો પોતાને એહલે સુન્નત વ જમાઅત કહે છે અને લખે છે, પણ અલ્લાહ તઆલાના રસૂલથી આટલી બધી દુશ્મની કે યા રસૂલલ્લાહ ! કહનાર વિ□નો ખરાબથી ખરાબ કાફિર અને મુશ્રિક છે ! તો અમોને દલીલો આપી બતાવવામાં આવે કે યા રસૂલલ્લાહ ! કહેવું અને હબીબે પાક ﷺ થી મદદ માંગવું જાઈઝ છે કે નથી ?! *[અઝ : હાજી અબ્દુલગની, લિયાકત ટાઉન , ફૈસલાબાદ]*

## ★ અલ્જવાબ ★

نحمدهٗ ونصلى على رسوله الكريم

વલી, ગૌષ, કુતુબ, ઉલમા તથા મશાઈખ તથા મોહદ્દિષો યા રસૂલલ્લાહ ! કહેતા આવ્યા અને સય્યદે દો આલમ રસૂલે અકરમ ﷺ થી મદદ માંગતા આવ્યા છે. ખૂદ સહાબાએ કિરામ જે હિદાયતના તારા છે તેઓ યા રસૂલલ્લાહ ! કહેતા આવ્યા છે. અને રહ્મતુલ્લિલ્ આલમીનને રહ્મતુલ્લિલ્ આલમીન જાણી મદદ માંગતા આવ્યા છે.

હું અહીં ફક્ત દેવબંદના મોટા મોટા આલિમોના હવાલા લખી રહ્યો છું. જેથી ઈન્કાર કરવાવાળાઓને ઈન્કારનો માર્ગ મળી શકશે નહીં.

**(૧)** દેવબંદીઓના મૌલ્વી કાસિમ નાનોત્વી સ્થાપક દારુલ ઉલૂમ દેવબંદ પોતે રસૂલે ખુદા ﷺ થી આ પ્રમાણે મદદ માંગી રહ્યા છે :–

**મદદ કર ! અય કરમે અહમદી કે તેરે સિવા**
**નહીં હૈ કાસિમે બે કસ કા હામી કાર**

*(હવાલો : કસાઈદે કાસ્મી, લેખક : મૌલ્વી કાસિમ નાનોત્વી, મકતબએ રશીદિયહ, દેહલી, પેજ–૮)* અલ્લાહ તઆલા હિદાયત આપે !

**(૨)** હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી રસૂલલ્લાહ ﷺ થી આ મુજબ ફરિયાદ કરે છે :–

**પળા હૂં બે તરહ ગિર્દે આબે ગમમેં નાખુદા હોકર મેરી કશ્તી કિનારે પર લગાઓ યા રસૂલલ્લાહ ! જહાઝ ઉમ્મતકા હક્કને કર દિયા હૈ આપકે હાથોં બસ ! અબ ચાહો ડૂબા દો યા તિરાઓ યા રસૂલલ્લાહ!**

*(હવાલો : કુલ્લિયાતે ઈમ્દાદીયહ્ ગુલ્ઝાર મઅરેફત, પેજ–૪, પ્રકાશક : રાશીક કંપની દેવબંદ)*

**(૩)** હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી બીજી જગ્યાએ દરબારે રિસાલતમાં આવી રીતે ફરિયાદ કરે છે :–

**અય રસૂલે કિબ્રીયા ફરયાદ હૈ**
**યા મુહમ્મદ મુસ્તફા ! ફરયાદ હૈ**
**સખ્ત મુશ્કિલમેં ફસા હૂં આજકલ**
**અય મેરે મુશ્કિલ કુશા ! ફરયાદ હૈ**

*(હવાલો : નાલએ ઈમ્દાદે ગરીબ, પેજ–૨૨, પ્રકાશક : રાશીક કંપની દેવબંદ)*

**(૪)** હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રસૂલે અકરમ ﷺ ની ઝિયારતનો તરીકો લખે છે. હુઝૂર ﷺ ની સૂરતનો સાફ સફેદ કપડાં અને લીલા અમામા શરીફ અને મુનવ્વર ચેહરાની સાથે તસવ્વુર કરે અને :–

અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! ﷺ ની ઝર્બ જમણી બાજુ, અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા નબીયલ્લાહ ! ﷺ ની ઝર્બ ડાબી બાજુ અને અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા હબીબલ્લાહ ! ﷺ ની ઝર્બ દિલ પર લગાડે. *(હવાલો : ઝિયાઉલકુલૂબ, પેજ–૫૫, પ્રકાશક : રાશીદ કંપની, દેવબંદ)*

**નોંધ** : હાજી ઈમ્દાદુલ્લાહ દેવબંદના મોટેરાઓના પીરો મુર્શિદ છે.

જેમ કે મૌલ્વી અશરફ અલી થાનવી, મૌલ્વી રશીદ અહમદ ગંગોહી, મૌલ્વી ખલીલ અહમદ અંબેઠવી આ બધાનાં પીરો મુર્શીદ છે.

હાલ ખાતેના દેવબંદી ઉલ્મા તો રસૂલુલ્લાહ ﷺ થી મદદ માંગવું શિર્ક અને કુફ્ર કહે છે, પણ આ જ હાજી ઈમ્દાદુલ્લાહ તો પોતાના પીરો મુર્શિદ ખ્વાજા નૂર મુહમ્મદ رحمۃ اللہ علیہ થી પણ મદદ માંગી રહ્યા છે !

**આસરા દુન્યામેં હૈ આજ બસ તુમ્હારી ઝાત સે તુમ સિવા ઔરોં સે હરગિઝ નહીં કોઈ ઈલ્તિજા બલ્કે દિન મેહશ્ર કે ભી જિસ વક્ત કાઝી હો ખુદા આપકા દામન પકડકર કહૂંગા બરમલા અય શાહ ! નૂર મુહમ્મદ વક્ત હૈ ઈમ્દાદ કા**

*[હવાલો : શમાઈલે ઈમ્દાદિયહ્, પેજ–૧૬૬, પ્રકાશક : કોમી પ્રેસ, લખનૌ]*

**(૫)** ઉલ્માએ દેવબંદના હકીમુલ ઉમ્મત મૌલાના અશરફ અલી થાન્વી લખે છે કે અમારાથી વાયદો લેવામાં આવ્યો છે કે બયાનથી પહેલાં જ્યાં સુધી પૂરેપૂરા ધ્યાન અને હુઝૂરે દિલની સાથે (યા રસૂલલ્લાહ ! ﷺ ની પરવાનગી ચાહું છું કે તમારી નિયાબતમાં થોડુ બયાન કરૂં.) ત્યાં સુધી બયાન ન કરે અને એટલા માટે કે જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ અને અહબાબ (ઉલ્મા) અને ઔલિયા છુપી રીતે અમારી મદદ કરે છે. અને પછી ઈન્શાઅલ્લાહુ તઆલા ! અમારા બયાનમાં ઉલ્ઝન (રુકાવટ) ન થશે. *(હવાલો : દઅવતુલ્ હક્ક, લેખક : મૌલાના સૈયદ ગુલબાદશાહ, ફારિગ દારુલ ઉલૂમ દેવબંદ, પેજ–૨૯)*

**(૬)** મૌલાના મોલ્વી અશરફ અલી થાનવી જમાલુલ ઔલિયામાં હઝરત મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અલ્વીની કરામતો બયાન કરતાં લખે છે:–

આપની કરામતોમાં આ છે કે આપ પોતાના મુરીદીનમાંથી એકની પાસે બેઠો હતા. અને જલ્દીથી ઊભા થયા અને પાછા ફર્યા તો આપનાં કપડાંમાંથી

પાની ટપકત હતું, પેલા સાહેબે ઊભા થવાનું કારણ પૂછયું, તો ફર્માવ્યું કે મારા મુરીદીનમાંથી અમુકનું વહાણ તૂટી ગયું હતું એ લોકોએ મારાથી મદદ માંગી, તો મેં એમાં પોતાનું કપડું લગાવી દીધું એ લોકો એ તૂટેલું સાધી લીધું અને વહાણ જેવું હતું તેવું થઈ ગયું. *(હવાલો : જમાલુલ ઔલિયા, પેજ–૧૩૨, પ્રકાશક : અશરફુલ મતાબેઅ, થાના ભવન)*

**(૭)** હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી ફર્માવે છે કે મહબૂબ અલી નક્કાશે આવીને બયાન કર્યું કે અમારું વહાણ તબાહીમાં હતું. મેં મુરાકેબામાં જઈને આપની તરફ ઈલ્તિજા કરી. આપે (મુહાજિર મક્કીએ) મને તસલ્લી આપી અને આગબોટને તબાહીથી બચાવ્યું. *(હવાલો : શમાઈલે ઈમ્દાદિયહ્, પેજ–૧૭૭)*

જોયું મુહાજિર મક્કીના મુરીદે દૂરથી ફરિયાદ કરી અને પીરે દૂરથી મુરીદની ફરિયાદ સાંભળી પણ લીધી અને ત્યાં જઈને આગબોટને તબાહીથી બચાવી પણ લીધું, આ છે દેવબંદનાં મોટા મોટા ગુરૂઓનો અકીદો અને હાલમાં એમના મુરીદો કહે છે, રસૂલલ્લાહ ﷺ ની બારગાહમાં "યા રસૂલલ્લાહ ! અલ્ મદદ" કહેવાવાળા વિ□ના સૌથી ખતરનાક કાફિર અને મુશ્રિક છે. ફેંસલો વાંચકોના હાથમાં છે !

**(૮)** મૌલ્વી યાકૂબ નાનોત્વી દેવબંદીએ શજરહ્ લખ્યો છે એમાં મૌલા અલી શેરે ખુદા كرم الله تعالى وجهه الكريم ની બારગાહમાં લખે છે:–

**"હાદીએ આલમ અલી મુશ્કિલ કુશા કે વાસ્તે"**

આજ શેઅર હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીએ પણ ઈર્શાદે મુર્શિદમાં લખ્યો છે :–

**"હાદીએ આલમ મુશ્કિલ કુશા કે વાસ્તે"**

**(૯)** મૌલ્વી ઝુલ્ફિકાર અલી દેવબંદી પોતાના પીરો મુર્શિદને લખે છે :–

**"યા સય્યદી લિલ્લાહ શયઅન અન્નહૂ અન્તુમુલ્ મુજદી વ ઈન્ની જાદી"**

પણ કોઈ સુન્ની બિચારો અકીદતમંદ "યા શૈખ અબ્દુલ કાદિર જીલાની શયઅન લિલ્લાહ" કહી દે અથવા એ (સુન્ની) મૌલા અલી શેરે ખુદા كرم الله تعالى وجهه الكريم ને મુશ્કિલ કુશા કહી દે તો હાલના દેવબંદી ઉલ્મા આકાશ માથા પર ઉઠાવી લે છે ! અને કહે છે, આ તો બહુ મોટુ શિર્ક છે ! પણ એ લોકો પોતાના જ ઘરની ખબર લઈ લે તો સારું લાગે ! આ બધું તો એમનાં ઘરોમાં છે !

**(૧૦)** હઝરત શાહ વલીઉલ્લાહ મુહદ્દિષે દહેલ્વીએ પોતાની કિતાબ અદફ તહિય્યહ્માં લખેલું છે અને વારંવાર તેમાં આવે છે;

અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! صلى الله تعالى عليه وسلم
અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા હબીબલ્લાહ ! صلى الله تعالى عليه وسلم

આ દસ (૧૦) દલીલો પૂરી થઈ.

કેવળ ૧૦ હવાલા લખ્યા છે જે દેવબંદીઓનાં ગુરૂઓએ લખેલા છે.

અને હવે હાલનાં દેવબંદી ઓલ્માથી ઉમ્મીદ છે કે તેઓ ગુસ્સામાં નહીં આવે પરંતુ ઈન્સાફની નજરોથી બતાવે કે જે લખાણ દિવાલો પર લખવામાં આવે છે કે યા રસૂલલ્લાહ ! ﷺ અલ્ મદદ ! યા અલી ! كرم الله تعالى وجهه الكريم અલ્ મદદ ! પુકારનાર દુનિયાનો ખતરનાક કાફિર અને મુશ્રિક છે. તો તમારો આ ફત્વો કેવળ રસૂલુલ્લાહ ﷺ ની સાથે મહોબ્બત રાખવાવાળા માટે જ છે અથવા બધાંને માટે સમાન છે ?!

ફત્વો બધા માટે સરખો હોવો જોઈએ. હવે તમે જ લોકો બતાવો તમારા ગુરૂ લોકો કોણ હતા ?! (કાફિર કે મુશ્રિક !) અથવા હે દેવબંદીઓ ! એલાન કરી આપો કે અમે પણ અમેરિકા જેવા ડબલ પોલીસીવાળા છીએ !

જો દારુલ ઉલૂમ દેવબંદના બાની મૌલાના

કાસિમ નાનોત્વી રસૂલે અકરમથી મદદ માંગે તો એ કાસિમુલ ઉલૂમ વલ ખયરાત જ રહે ! (ઈલ્મની ખયરાતને વહેંચવા વાળા જ રહે.)

પીરો મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી આવું પુકારે કે "અય રસૂલે કિબ્રિયા ! ફરયાદ હૈ", "અય મુશ્કિલ કુશા ફરયાદ હૈ" તો એ પીરો મુર્શિદ અને વલી અલ્લાહ જ રહે ! મૌલાના અશ્રફ અલી થાનવી બયાનથી પહેલાં રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પુકારે તો હકીમુલ ઉમ્મત જ રહે !

મૌલાના યાકૂબ દેવબંદી શેરે ખુદાને "મુશ્કિલ કુશા અલી" કહી દે તો પણ તે મોહતરમ તથા મુકર્રમ જ રહે ! અને મૌલ્વી ઝુલ્ફિકાર અલી દેવબંદી પોતાના પીરો મુર્શિદને "યા સૈયદી શયૂઅન લિલ્લાહ !" કહી ફરયાદ કરે તો એ ઈલ્મના સિતારા જ રહે. શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી "યા રસૂલલ્લાહ ! યા હબીબલ્લાહ !" કહે તો એ ઈલ્મો ઈર્ફાનના સૂર્ય જ રહે !

પણ કોઈ હબીબે ખુદા સૈયદે અંબિયાનો ચાહવાવાળો યા રસૂલલ્લાહ ! અલ્ મદદ ! કહી દે તો વિ□નો ખતરનાક કાફિર અને મુશ્રિક બનાવી લેવામાં આવે !

**અપીલ** : હાલના દેવબંદી ઓલ્માને પોતાના ગુરૂઓના અકવાલનો ઈલ્મ નથી અથવા એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુશ્મનીમાં એટલા આગળ વધી ગયા છે કે એઓ પોતાના ગુરૂઓના ઈર્શાદોને કોઈ મહત્વ નથી આપતા.

અગર ! (કદાચ) પહેલી વાત છે તો અમે જે ઈર્શાદો લખ્યા છે (અકવાલ) તે ધ્યાનથી પઢી લે તો ઈન્શાઅલ્લાહ ! જાતે પણ ગુમરાહીથી બચી જશે અને ભોળા ભાળા મુસલમાનોને પણ ગુમરાહીમાં નહીં સંડોવશે.

અગર ! (કદાચ) બીજી વાત છે તો ઈન્સાનિયતના કારણે અપીલ છે કે એઓ પોતાની કબ્રોને ખરાબ ન કરે કારણ કે રસૂલે ખુદાની દુશ્મનીનું પરિણામ બહુ જ ભયાનક છે.

અમુક તફસીરોમાં આ વાક્યો લખેલા છે કે, જ્યારે સૈયદના ઈમામ અહમદ બિન હમ્બલ رحمۃ اللہ علیہ ના જમાનામાં ખલ્કે કુર્આન (કુર્આન મખ્લૂક છે એવી ગુમરાહી)નો ફિત્નો થયો તો એક આલિમે દિન બિશર મરઈસીએ ખલીફાની હા માં હા મિલાવી ઈમામ અહમદ બિન હમ્બલનો વિરોધ ચાલુ કર્યો. જ્યારે એ સરકારી મૌલ્વી બિશર મરઈસી મૃત્યુ પામ્યો અને કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યો તો એ જ કબ્રસ્તાનમાં એક નવજવાન દફન હતો, જે જવાનીની હાલતમાં મૃત્યુ પામ્યો હતો. એને કોઈએ ખ્વાબમાં જોયો કે એના બાલ સફેદ થઈ ગયા છે ! ખ્વાબ જોવાવાળાએ કારણ પૂછયું તો તેણે જવાબ આપ્યો કે આ સરકારી મૌલ્વીને જ્યારે કબ્રસ્તાનમાં દફન કર્યો તો દોઝખે મૌલ્વી પર એક આગની ચિંગારી મારી જેનાથી બધા કબ્રસ્તાનવાળાઓના બાલ સફેદ થઈ ગયા. *(હવાલો : રૂહુલ બયાન, પેજ–૨૧૬, ભાગ–૧૦)* આ અઝાબ એક વલીઉલ્લાહનો વિરોધ કરવાના લીધે છે, તો રસૂલે ખુદાથી દુશ્મનીનો અંજામ કોઈ જાણી શકે છે ?! પણ હાલના દેવબંદી ઓલ્માથી ઉમ્મીદ નથી રાખી શક્તા કે એ સબક લઈ શકે !

હે મારા સુન્ની પ્યારા ભાઈ ! તું પોતાના દુશ્મનોને ઓળખ અને રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત દિલમાં રાખીને જો કે તું કોની પાછળ જઈ રહ્યો છે ? કદાચ ! તું મહોબ્બતની આંખથી જોઈશ તો તને "હક્ક" "હક્ક" અને "બાતિલ" "બાતિલ" નઝર આવશે.

હિદાયત અલ્લાહ તઆલાના કબ્જામાં છે.

**–અબૂ સઈદ મુહમ્મદ અમીન**
મુહમ્મદપૂરા, ફૈસલાબાદ
૯–ઝિ કઅ્દા, હિ.સ. ૧૪૧૨

➢➢➢➢★➣➣➣➣

# હાજીઓને અનુભવની બે વાતો.....

★ અઝ ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાલૈન પાકના વસીલાથી, બુઝુર્ગોની ભલી દુઆઓથી મૌલા તઆલાનો ફઝ્લો કરમ થયો કે ગયા વરસે મુઝ નાચીઝ ગુનેહગારને ઘરનાં અન્ય ત્રણ સભ્યો સાથે હરમૈન શરીફૈનની હાજરીનો શરફ મયસ્સર થયો હતો. અલ્હમ્દુલિલ્લાહ ! જે નેક ઈન્સાન અમારી આ મુબારક સફરનો સબબ બન્યો તેની બંને દુનિયા આબાદ થાય, તેનાં મર્હૂમોની મગફેરત થાય અને કુટુંબીજનો તથા ઔલાદને નેક હિદાયત મળે અને સૌનો ખાત્મો ઈમાન પર થાય એવી દિલના અંતઃકરણથી ઉઠતી દુઆ છે. *(આમીન)*

દોસ્તો ! હરમૈન શરીફૈનની ઝિયારત એ જિંદગીનો અનોખો લહાવો છે. મારું માનવું છે કે દુનિયાનું કોઈ ગમે તેવું કામ બની જતાં જે ખુશી થતી હોય તેના કરતાં એક માણસને જ્યારે એવું યકીન થઈ જાય છે મારે મક્કા શરીફ તથા મદીના શરીફની રહમત વરસતી ભૂમિ પર રહમતોની વર્ષામાં નહવા જવાનું છે ! તો એની જે કૈફિયત થાય છે તેની સમક્ષ દુનિયાની કોઈ ખુશી ટકી શક્તી નથી. પણ હે મુસલમાનો ! એ માટે જરૂરી છે કે ઈસ્લામને સમજો ઈસ્લામના અરકાનને સમજો, ઈશ્કે નબીનું મહત્વ જાણો, હજ્જ શું છે ? તેનો શું ઈતિહાસ છે એના વિશે કુર્આનમાં શું છે ? એની ફઝીલતો શું છે ? હજ્જ ન કરે તો કેવી વોર્નિંગો છે તેનો અભ્યાસ કરો ! ખૂબ અભ્યાસ કરો અને ઘરમાં માં બહેનોને પણ જણાવો. અને દિલમાં હજ્જની, મક્કા શરીફ–મદીના શરીફની, હરમે પાકની, કા'બાની, હજરે અસ્વદની, હતીમની, સફા મરવાની, ઝમઝમની, મકામે ઈબ્રાહીમ, મક્કાની યાદગારોની, મદીનાની ગલીઓની, ગુંબદે ખદરાની, મસ્જિદે નબવીની, બાબે જિબ્રઈલની, મવાજએ અકદસની, સોનેરી જાલીઓની, બકીઅની...... અઝમતને દિલમાં બેસાડો તો જ્યારે તમે ઘરેથી નીકળશો તો અનાયાસે આંસૂઓ વહેતાં રહેશે, કાંઈક ખુશીનાં તો કાંઈ પોતાના ગુનેહગાર હોવા છતાં થયેલા કરમનાં... વિવિધ ભાવનાઓનાં ઉમંગોનાં આંસૂંઓને તમે રોકી નહીં શકો. સારાંશ કે આ બધાનું મહત્વ સમજ્યા વિના હજ્જ માટે જનાર એક ટૂરમાં ટહેલવા જવા સિવાય કાંઈ પામે તો એ આશ્ચર્ય ગણાશે !

★ હજ્જની કિતાબ મેળવી ખૂબ મનન કરીને વાંચ્યા કરશો તો અરકાનોની અદાયગીમાં જે તે સ્થળે પહોંચતાં સરળતા રહેશે. બહારી શરીઅત (ભાગ–૬) પણ એકવાર વાંચી જાવ.

★ સુન્ની સહીહુલ અકીદા યા'ને સુન્ની બરેલ્વી સગાંઓને જ મળવા જશો ને સર્વ વહેવારમાં આવતા સુન્ની ભાઈઓની માફી માંગી લેશો.

★ સૌ પ્રથમ ચીજ તે દરેક હાજી ભાઈ બહેનો યાદ રાખે કે સફરમાં તકલીફો આવશે જે અહીં ઘરથી જેમ જેમ આગળ વધો તેમ વધતી જશે. ગાડીમાં, એરપોર્ટ પર જતાં, એરપોર્ટની અંદર, એરમાં બેસતાં, ઉતરતાં, ઉતર્યા બાદ કસ્ટમમાં, મુઅલ્લિમના માણસ પાસે પાસપોર્ટ જમા કરાવતી વેળા તો ખાસ, ત્યાર પછી એરપોર્ટથી બહાર નીકળીને લાબાં વેઈટિંગ પછી બસ આવતાં તેમાં બેસતાંથી લઈને મક્કા શરીફમાં હોટલ પર પહોંચતાં, હોટલે પણ સગવડની કમી તથા ભીડભાડ હશે, પછી ઉમરો કરવામાં, તવાફ, સઈ વગેરેમાં, હજ્જના દિવસોમાં મીના જતાં, ત્યાંથી અરફાત પછી, મુઝદલ્ફા પછી, મિના પછી, શૈતાનને ત્રણેવ દિવસ કાંકરીઓ મારવામાં....વગેરે. તો અત્યારથી જ ગુસ્સાને કંટ્રોલ કરી લેશો. સબ્રનો દામન મજબૂતીથી પકડશો અને જીભને સમજાવશો કે "ખામોશી મેં નજાત હૈં" એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષ છે. એટલે કે સબ્ર કરીને ચાલ્યા કરશો, કોઈથી ઝઘડશો નહીં, કોઈને ધુત્કારશો નહીં પણ સંજોગ હોય તો દરેકને હેલ્પફુલ થવા તત્પર રહેશો, ઘરડાંઓને ગુસ્સે થાય તોય માન આપશો, તેમની માફી માંગી લેશો. બહેનો ! જીભને ખાસ કન્ટ્રોલ કરી લેશો અને સબર રાખી જે થાય તે દરગુઝર કરતી રહેશો. કેમ કે **શૈતાન તમારા હરમૈન**

**શરીફૈનની સફરમાં નીકળવાથી એટલો નારાજ છે કે જેટલો ક્યારેય ન થયો હતો !** તો એ તનતોડ કોશિશ કરે છે કે તમને લડાવી, ઝઘડાવી, નાશુક્રીના શબ્દો બોલાવી તમારી મુબારક સફરને નકામી કરી આપે ! તો ઘરેથી નીકળીને ઘરે પહોંચતાં સુધી આ ખાસ ખ્યાલ રાખશો કે ગુસ્સો અને જીભ બેને દાબીને રાખશો.

★ માં બાપની સાથે બેટાએ જરૂર હજ્જમાં હાજર રહેવું જો તેઓ કમજોર હોય તો, કોઈના ભરોસે છોડવું યોગ્ય નથી. ખાસ કરીને શૈતાનને કાંકરી મારવાના સમયની ભીડમાં સારા સારા મજબૂત માણસોની કસોટી થઈ જાય છે તો વૃધ્ધોને સહારો આપનારો જો તેનો બેટો કે પૌત્ર હશે તો તેની પણ આખેરત બની જશે !

**ખાસ ચેતવણી :** શૈતાનને કાંકરી મારવાના સમયે ભીડને કારણે કેટલાક ભાઈ બહેનો ગમે તેને કાંકરીઓ સોંપી દે છે અને આરામથી મક્કા જવા રવાના થઈ જાય છે. તો જેઓ આરામથી હરે ફરે છે તે ભીડની બીકે આવું કરશે તો બીજાની મારેલી કાંકરી માન્ય ગણાશે નહીં, દમ આપવો પડશે. અરે ! એટલી શક્તિ છે કે વ્હીલ ચેરમાં બેસીને જઈ શકે તો વ્હીલ ચેરમાં જાવ પણ જાતે જ કાંકરી મારવી. હા ! બેસવાની પણ શક્તિ નથી તો હવે તે મઅઝૂર ગણાશે બીજાને વકીલ બનાવી કાંકરી મરાવી શકશે.

**નોંધ :** મને તો ખૂબ આશ્ચર્ય ત્યાં થતુ હતું કે સારા માણસો બલ્કે અહલે ઈલ્મ કહેવાતા પણ આને પેલાને કહેતા હતા કે જરા મારી કાંકરી મારી આપજો ને !

**ચેતવણી :** આ પાક ભૂમીની અઝમતને તમે સમજી હોય તો તમારા નસીબ પર નાઝ કરીને રબનો શુક્ર અદા કરીને આ સફરની એક એક પળને યાદે ઈલાહીમાં, ઝિક્ર દુરૂદમાં, હમ્દમાં, નઅતમાં, દીની જરૂરી ચર્ચામાં, તવાફમાં, ઉમરાઓમાં, તિલાવતમાં, ઈલ્મે દીન પામવાના હેતુથી કોઈ આલિમની સોહબતમાં વગેરે નેક કામોમાં ગુજારશો. ફરવા હરવા, ટોળે ટપ્પે બેસીને ગપ્પાં હાંકવા કે નિરર્થક ચર્ચાઓમાં ન ગુજારશો. મેં તો કેટલાયને એવા જોયા કે જાણે તેમણે હરમૈન શરીફૈન અને ભરૂચના બજાર વચ્ચે કોઈ ફરક જ નથી જાણ્યો ! એ જ અપશબ્દોવાળી વાણી અને એ જ લચ્છેદાર વાતો અને એ જ ગીબતોનું બજાર ! તૌબા ! તૌબા ! અસ્તગફિરુલ્લાહ ! બલ્કે સાંભળ્યું તો એનાથીયે વિશેષ છે કે ત્યાં શું શું થાય છે !!

**ચેતવણી :** વહાબી પાછળ દુનિયાના કોઈ ખૂણામાં નમાઝ થતી નથી ભલેને હરમમાં હોય ! તો તમારી નમાઝો તેમની પાછળ પઢીને બર્બાદ ન કરશો. તેઓ મહાન ગુસ્તાખે રસૂલ છે તેમની પાછળ નમાઝ થશે નહીં, જેથી હરમ શરીફમાં રહીને એક નમાઝ એટલે એક લાખ નમાઝ અને મદીના પાકમાં એક નમાઝ એટલે ૫૦ હજાર નમાઝો છોડવાનો ગુનોહ થશે ! સુન્ની ઈમામનો બંદોબસ્ત થઈ શકે તો ઠીક નહીં તો એકલા જ પઢવી. મિનામાં કે અરફાતમાં દરેક જગાએ તમારી સાથે સુન્ની ઈમામ હોય તો ઠીક નહીં તો એકલા પઢો. કેટલાક વહાબી દેવબંદીઓના સાથે ગૃપમાં આવેલા હોવાથી, વહાબી સગાનો સંગાથ (કે જે હરામ છે) હોવાથી દેવબંદી ઈમામ પાછળ નમાઝ પઢી લે છે, તો તેની પણ નમાઝ થશે નહીં. જુમ્આના દહાડે ઝોહર પઢે પણ વહાબી પાછળ નમાઝ કદી ન પઢે.

**ચેતવણી :** મર્દ ઔરતની ખલત મલત ન થાય તેનું ખાસ ધ્યાન રાખે, સફરમાં સાથે હોય તે નામેહરમ ઔરતથી બિનજરૂરી વાતો ન કરે અને એકાંતમાં કદી ન મળે ! ન એવા સંજોગોમાં ઉભો પણ રહે ! હજ્જના દિવસો સિવાય બહેનો પર્દો જરૂર કરે એમાં જ ભલાઈ છે.

## ★ અરફાતમાં થતી નિષ્કાળજીઓ ★

અમે જોયું કે મોટા મોટા સારા સારા માણસો એહરામ પહેરીને ખુલ્લામાં ફુવારાથી નહાય છે તો : (૧) એહરામનું કપડું ભીનું થતાં જ શરીર પ્લાસ્ટીક જેમ પારદર્શક દેખાવા લાગે છે. (૨) કેટલાક ગુથણો ઉપર એહરામના કપડાંને વાળીને નહાય છે. (૩) એવો પણ એક માણસ જોયો જેણે જાંગોથીય ઉપર ચઢાવીને સીટ દેખાતી કરી દીધી ! તો બુમ પાડીને કાકાને ટોકવા પડયા ! (૪) ડૂંટીથી ગુથણની નીચે સુધી ઢાંકવાને બદલે ડૂંટીથી નીચે જગા ખુલ્લી રાખેની પછી એહરામનું કપડુ લપેટીને નહાનારા પણ જોવા મળ્યા. તો સતરે અવરત એટલે ડૂંટી (નાભિ)થી ગુથણની નીચે સુધી કોઈ પણ

ભાગ શરીરનો ખુલ્લો જાહેર ન થાય તેનો ખયાલ રાખવો, નહીં તો ખોલનાર તથા જોનાર બંને ગુનેહગાર થશે ! એહરામનું કપડું પાતળુ ન વહોરવું જેથી આવું ન બને, અને તે પણ ક્યાં અરફાતના મેદાનમાં ! કે જ્યાં બખ્શિશની ઉમ્મીદ સાથે આવેલા છીએ. કદી ન રડયા હોય એટલુ રડીને, કદી ન આજિઝી કરી હોય એટલી આજિઝી સાથે અહીં દુઆ કરશો. અને આ જગાઓને પિકનીકનું સ્થળ ન સમજશો, બલ્કે અહીં તો મહાન મહાન અંબિયા આવી ગયેલા છે વગેરેનો ઈતિહાસ વાંચી જશો કે આલિમોથી જાણી લેશો.

★ શૈતાનને કાંકરીઓ ત્રણેવ દિવસ જે મારવાની છે તેને તેના સમયમાં જ મારશો એ સિવાય મારીને નવરા થઈ જવાની વાત ન કરશો. કેમ કે તમે કોઈ પ્રસંગ પતાવવા નહીં પણ રબની ઈબાદત માટે આવ્યા છો તો તેના દર્શાવેલા નિયમોને જ અનુસરશો, કોઈની વહેતી વાતોને ધ્યાનમાં ન લેશો.

★ ખાસ કરીને અસરની નમાઝ હનફી મસ્લક કરતાં ત્યાંના વહાબીઓ લગભગ ૪૫ મિનિટ વહેલી કરે છે જ્યારે કે આપણો અસરનો સમય જ હોતો નથી. તો ત્યારે અસર પઢશો નહીં પણ આપણો સમય થયા પછી જ પઢશો, નહીં તો સમય એ નમાઝની શરતોમાંથી છે અને શરત ન મળતાં નમાઝ થશે નહીં. આનું ધ્યાન જરૂર રાખશો.

★ ૧૦ મી ઝીલ હજ્જે રમી કર્યા (શૈતાનને કાંકરી માર્યા) બાદ કુર્બાની કુર્બાનગાહ પર જઈને ત્યાં હાજર રહીને કે જાતે કરશો એમાં જ ભલાઈ છે.

★ મદીના શરીફમાં અધિક્તર સમય જન્નતની કયારીમાં ગુજારવા પ્રયત્ન કરવો અને આજિઝી સાથે સરકાર ﷺ ની બારગાહમાં અતિ અદબથી સલાતો સલામ પેશ કરી ભીખ માંગવાનું ચૂકશો નહીં અને ખાસ દુઆ "ઈમાન પર મૌત"ની કર્યા કરશો.

★ વહાબી જાલિમોના માણસો સુન્ની અકીદા પ્રમાણે વર્તવામાં ખૂબ જ પરેશાન કરે છે તો સાવચેતીપૂર્વક સબ્રથી તમારું કામ કર્યે જશો. અને દુઆ કરશો કે જે દુઆ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ علیہ الرحمۃ والرضوان એ કરી :

**તેરે હબીબકા પ્યારા ચમન કિયા બર્બાદ**
**ઈલાહી નિકલે યે નજદી બલા મદીનેસે**

એ જાલિમોએ જન્નતુલ બકીઅના તથા જન્નતુલ મુઅલ્લાના મઝારો તેમજ અન્ય મક્કા શરીફ મદીના શરીફની મસ્જિદો, ઈસ્લામી યાદગારો પર બુલડોઝરો ફેરવેલાં છે આજે પણ બકીઅની હાલત જોતાં તથા અન્ય જગાઓ જોતાં દિલ બેકરાર બની જાય છે કે જે કામો ખુલ્લા કાફિરોએ પણ નથી કર્યા તે આ મુનાફિકોએ કરેલ છે. અલ્લાહ એમને તબાહો બર્બાદ કરે. *—આમીન*

## ★ એક ખાસ ચેતવણી ★

હજ્જમાં તેમજ મદીના શરીફમાં હરમમાં જતાં ચપ્પલો ગુમ થતા હોય છે તો મોટા ભાગે લોકો ગમે તેના ચપ્પલ પહેરે છે તો એ રીતે કરવું ગુનાહનું કામ છે, **હરમમાં અને કોઈના ચપ્પલ ઉઠાવી લાવવા !** એ કોઈ રીતે ચાલે નહીં ! માટે ચપ્પલને યોગ્ય ઠેકાણે મસ્જિદે હરામ બહાર મૂકવા અને ગુમ થઈ જાય તો નવા લઈ લેવા. લાખોના ખર્ચા કરીને ત્યાં પહોંચ્યા છો તો ૪–૫ રિયાલના ચપ્પલ મળે છે તે ખરીદવા અથવા અહીંથી વધારે જોડો લઈ જવી ભલે ૧૦ જોડ જતી રહે પણ **હરમમાં જઈને ઉઠાઉગીર બનશો નહીં !** આ વાત ખાસ યાદ રાખશોઉ તમારી દિમાગી દલીલો બાજુ પર રાખશો અને શરીઅતના હુકમને જ માનશો.

**★ એજન્ટ ભાઈઓને** : ટ્રાવેલ એજન્સીવાળા ભાઈઓને તો એટલું જ કહીશ કે જે વાયદો કરો, જેના કારણે વધારે ચાર્જ લો તે પ્રમાણે સગવડો કરી આપજો, નહીં તો કઈ જગ્યાએ તમે વાયદા ખિલાફી કરી છે તે ન ભૂલશો. આ દુનિયાની દૌલતના લાભ ખાતર આઘુ પાછુ ન કરશો, નહીં તો પેલી દુનિયામાં નુકસાનમાં પડી જશો ! અને મજબૂરીથી કાંઈ બને તો બે હાથ જોડી હાજીઓની માફી માંગી લેજો એમાં જ ભલાઈ છે. અને હાજીઓએ પણ એજન્ટો સાથે પણ કોઈ બાબતે ઝઘડવું નહીં, કામકાજ અર્થે વિનંતિ કરી લેવી, પણ બેસબ્રીથી ગમે તેમ ન બોલવું, કેમ કે આપણે પાક ભૂમીઓ પર પાક થવા માટે આવેલા છીએ તે ન ભૂલવું.

બાકી તો કિતાબોનો અભ્યાસ કરી લેશો, જરૂર પડે

ત્યાં સુન્ની આલિમને પ્રશ્ન કરી લેશો અને હજ્જથી આવો તો તમારો ખાસ કોઈ અનુભવ હોય તો અમને લખી મોકલશો. અંતમાં હજ્જ બાબતે તદ્દન ટૂંકમાં જરૂરી માહિતિ હજ્જના દિવસોની અત્રે રજુ કરીએ છીએ :–

## ★ હજ્જમાં શરૂથી અંત સુધીનાં કામો ★

★ **એહરામ** : પોતાના દેશના એરપોર્ટથી જ એહરામ બાંધી લેવો જોઈએ. વગર સીવેલી બે ચાદર (રા–રા મિટરની) એક લૂંગી તરીકે બીજી મોઢા માથા સિવાય ઓઢવાની. સ્ત્રીઓ માટે તેમનાં સાદાં કપડાં જ એહરામ ગણાશે પણ મોઢાને કપડુ સ્પર્શે એ રીતે મોઢું ન ઢાંકવું. પગમાં દરેકે સ્લીપર પહેરવા જેથી હાડકી ખુલ્લી દેખાય, વાળ, નખ, મેલ તથા જૂ દૂર ન કરવી, સંભોગ ન કરવો, ન ખૂશ્બુ લગાડવી, ગાળ ગલોચ, ઝઘડો ન કરવો. લુંગીને ગાંઠ કે દોરી ન બાંધવી. બેલ્ટ બાંધી શકાય. જિદ્દાથી મક્કા પહોંચી પ્રથમ ઉમરો કરી લો.

★ **૮ મી ઝીલ હજ્જ : હજ્જ શરૂ** : સવારમાં ગુસ્લ કરી એહરામ બાંધી હરમ શરીફમાં જઈ બે રકાત નફ્લ પઢી નિયત કરવી. પછી તલબિયા (ત્રણવાર પઢી દુઆ કરવી). તવાફે ઝિયારત વખતે સઈ ન કરવી પડે માટે ચાહો તો નફ્લ તવાફ સાથે સઈ કરી લો જેથી હજ્જ પછી ફક્ત તવાફે ઝિયારત જ બાકી રહેશે. હવે મિના જવા નીકળો. ત્યાં ઝહોરથી બીજા દિવસની ફજર સુધી નમાઝો પઢવી.

★ **૯ મી ઝીલ હજ્જ : બીજો દિવસ** : હવે અરફાત જવા નીકળો. મસ્જિદે નમરહમાં પઢો તો ઝોહર તથા અસ્ર એક સાથે પઢવી. નહીં તો અલગ પઢનારે કે તંબુમાં અલગ જમાઅતો કરનારે ઝોહર તથા અસ્ર દરેકના સમયે જ અલગ અલગ પઢવી. મગરિબના સમયે મગરિબની નમાઝ પઢયા વિના મુઝદલ્ફા જવા રવાના થવું. ઈશાના સમયે ત્યાં મગરિબ તથા ઈશા બંને નમાઝો સાથે પઢી લેવી. શૈતાનને મારવા ૭૦–૭૫ કાંકરીઓ ત્યાંથી વીણી લેવી.

★ **૧૦ મી ઝીલ હજ્જ : ત્રીજો દિવસ** : મુઝદલ્ફાથી ફજર પઢી મિના જવા રવાના થવું. ઝવાલથી પહેલાં મોટા શૈતાનને સાત કંકારીઓ મારવી, પછી કુર્બાની કરી માથું મુંડાવવું પછી મક્કા જઈ તવાફે ઝિયારત કરી મિના પાછા ફરવું. રાત મિનામાં રોકાવું.

★ **૧૧ મી ઝીલ હજ્જ : ચોથો દિવસ** : મિનામાં રમી કરવી ઝવાલથી મગરિબ સુધી (કમજોરો, ઔરતો, બીમારો, મગરિબ બાદ પણ મારી શકશે) ત્રણેય શૈતાનને પ્રથમ નાના ને પછી વચલાને પછી મોટા શૈતાનને ૭–૭ કાંકરીઓ મારવી. પ્રથમ બેને માર્યા બાદ દુઆ કરવી છેલ્લાને માર્યા બાદ દુઆ કર્યા વિના ચાલતા રહેવું. રાત્રે મિનામાં રોકાવું.

★ **૧૨ મી ઝીલ હજ્જ : પાંચમો દિવસ** : ઝવાલથી મગરિબ સુધીમાં ૧૧ મી જેમ રમી કરો. અગર કુર્બાની કે તવાફે ઝિયારત બાકી હોય તો આજે કરી લો. અસર મિનામાં પઢી મગરિબ પહેલાં મક્કા ચાલ્યા જાવ. નહીં તો ૧૩ મી એ પણ કાંકરી મારવી વાજિબ થશે.

★ **નોંધ** : હજ્જ બાદ નફ્લ તવાફ, ઉમરા, તિલાવત વગેરેમાં મશ્ગૂલ રહો. ગપ્પા ટપ્પામાં ન રહેશો.

# ઈલ્મી મરતબો અને ઈમામ અહમદ રઝા


★ લેખક ★

ફકીહે આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી શરીફુલ્ હક્ક رحمۃ اللہ علیہ

★ અનુવાદક ★

અલ્હાજ હાફેઝ મૂસા ઝંઘારવી

*(પ્રેસ્ટન, યુ.કે.)*


**હપ્તો : ૦૧**

મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ તે મહાન મરતબો ધરાવનાર કેટલાય પ્રકારના ઈલ્મોમાં પારંગત વિદ્વાન આલિમ હતા કે જો ઈર્ષા અને વૈમન્સ્યને દિલમાંથી કાઢી ખૌફે ખુદાને દિલમાં જગા આપી ન્યાયી દષ્ટિએ જોવામાં આવે તો તેમના સમાન તેમના સમયકાળમાં તો શું પરંતુ ભૂતકાળમાં પણ વર્ષો પહેલાં તેમનો કોઈ જ જોટો મળતો નથી.

એકાવન અથવા બાવન વિષયો પર તેમની લગભગ એક હજાર કિતાબો કે જે પુસ્તિકા સાઈઝના આશરે એક લાખ પેજીસ પર ફેલાએલી છે. જેના લગભગ ચાર કરોડ સાઠ લાખ શબ્દો થાય છે. જો કે આ મારો અંદાજો છે પણ મને ઉમ્મીદ છે કે એ સાચો જ હશે. આમ તો અમુક બુઝુર્ગોનું કહેવું છે કે એક વખત અંદાજો કાઢવામાં આવ્યો તો દરરોજના ૫૬ પેજીસ આપ લખતા હતા.

દશમી શવ્વાલ હિજરી સન ૧૨૭૨ માં પેદા થયા અને હિ.સ. ૧૩૪૦ માં વફાત પામ્યા. આ હિસાબે આપની ઉમર શરીફ ૬૭ વર્ષ, ૫ માસ, ૧૫ દિવસ થઈ. જો કે આપે મુફતી તરીકેની વિધિસરની શરૂઆત ૧૪ શા'બાન હિ.સ. ૧૨૮૬ થી કરી એ હિસાબે આપની ફતવા આપવાની મુદ્દત ૫૩ વર્ષ, ૬ માસ, ૧૧ દિવસ થાય છે.

પરંતુ કિતાબો લખવાનું કામ તો આપે ઘણા દિવસો પહેલાંથી શરૂ કર્યું હતું. દા.ત. આઠ વર્ષની વયે હિદાયતુન્નહ્વની શરહ (વિવરણ) લખી તદ્ઉપરાંત ઘણા ફત્વા લખ્યા જે હઝરત વાલિદે માજિદ (નકી અલીખાં)ની તસ્હીહ તથા તસ્દીકથી સંપાદિત થયા, એ સૌને છોડી દો, કેવળ મસ્નદે ઈફ્તા પર બિરાજમાન થયા બાદથી હિસાબ લગાડો તો (૧૦૬૫૮૪૩) દસ લાખ પાંસઠ હજાર આઠસો તેંતાલીસ પેજીસ થાય છે.

જો એ મુદ્દો દિમાગમાં રાખવામાં આવે કે આ'લા હઝરત قدس سرہ ફુલ સ્કેપ સાઈઝ પર લખતા હતા અને અક્ષરો ઘણા નાના રહેતા હતા, આ'લા હઝરતનું ફુલ સ્કેપ સાઈઝનું લખાણ કિતાબી સાઈઝમાં કમસે કમ દોઢ પેજ જરૂર થતુ હતું તો કિતાબી સાઈઝ પર સંખ્યા લગભગ સોળ લાખ થઈ જશે. આ વિગતના પ્રકાશમાં મારો કયાસ ખૂબ ઓછો છે.

આ'લા હઝરત કિતાબો બાબત ઉલમા ફર્માવે છે કે લગભગ એક હજાર જેટલી કિતાબો આપે લખી છે અને વાત તદ્દન સત્ય છે કારણ કે મૌલાના અબ્દુલ મુબીન નોઅમાનીએ આપની કિતાબોનું લિસ્ટ તૈયાર કર્યું છે જેમાં ૭૫૦ જેટલી કિતાબોનાં નામ છે.

એ વાત સહી છે કે આ'લા હઝરતના હજારો હજાર ફત્વા રજીસ્ટરમાં નોંધાઈ ન શક્યા. મેં ખૂદ મારહરા મુતહ્હરા તથા જબલપૂરમાં ઘણા એવા ફત્વાઓ જોયા છે જે છપાયેલા ફત્વાઓમાં નથી. ખૂદ ફતાવા રઝવિય્યહ્ની કેટલીક જિલ્દો ગાયબ થઈ ગઈ. કિતાબુત્તલાક, કિતાબુસ્સિયર, કિતાબુલ્ હઝરે વલ ઈબાહત ગાયબ થઈ ગઈ. હવે જે કાંઈ છાપ્યા છે તે એ જિલ્દોના ગાયબ થયા પછી જે લખવામાં આવ્યા તે છપાયા છે. હઝરત મુફતીએ આ'ઝમે હિંદ قدس سرہ ફર્માવ્યા કરતા હતા કે "કિતાબુત્તલાક" પ્રથમ જિલ્દ

કરતાં પણ વધારે જાડી હતી. એ જ કારણ છે કે ૧૨૦૦૦ પેજોના બદલે છપાયેલા ફત્વાએ રઝવિય્યહ્ના કુલ પેજી પેજીસ સાત હજારથી કાંઈક ઉપર છે.

રિસાલાઓ (પુસ્તિકાઓ)નો હાલ એ છે કે સેંકડો રિસાલા ગૈર મુતઅલ્લિક લોકોની પાસે આ'લા હઝરત قدس سرہ ના હાથ મુબારકના લખેલા મૌજૂદ છે.

રિસાલા મુબારક "ફવઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન" આ'લા હઝરતના કુતુબખાનાથી ગાયબ છે તે એક મોલ્વી સાહબને ત્યાં મળી જેને તેમણે ખાસ્સી રકમના બદલામાં વેચી !

રિસાલા મુબારક "મત્ઉલ્ કમરૈન ફી ઈબાનતિ સબ્કતિલ્ અમરૈન" મેં એક ભાઈની પાસે જોયી. તે વખતે ઝેરોક્ષ મશીન હિંદુસ્તાનમાં આવ્યું ન હતું. મેં માંગી કે આપી દો, નકલ કરીને પાછી આપી દઈશ. તો તેમણે ઈન્કાર કર્યો, હવે કહે છે કે ગાયબ થઈ ગઈ.

છપાયેલા ફત્વામાં ઠેકઠેકાણે મળશે કે લખ્યું : (અર્થ) "જેમ કે અમે અમારા ફત્વામાં તફસીલ બયાન કરી છે." પણ તફસીલ ક્યાંય નથી મળતી. આ વિગતોના ઉલ્લેખથી હું બહુ ભારે તેજ લખનાર પણ નથી છતાં અમુક દિવસોમાં બસો બસો (૨૦૦) લીટીઓ લખી છે.

અને આ'લા હઝરત قدس سرہ ના ઝડપી લખાણનો હાલ એ હતો કે જનાબ સૈયદ કનાઅત અલી સાહબ ફર્માવતા હતા કે આ'લા હઝરત قدس سرہ એટલું ઝડપી લખતા હતા કે જ્યારે લખતા તો જણાતુ કે લખી નથી રહ્યા પણ હાથમાં ધ્રુજારી થાય છે. ક્યારેક ક્યારેક ટેમ્પરરી જરૂરતોનાં પ્રસંગે આ'લા હઝરત قدس سرہ એક પેજ લખીને અમને લોકોને સાફ કરવા માટે આપતા તો અમે લોકો જેટલી વારમાં એક પેજ સાફ કરતા એટલીવારમાં આ'લા હઝરત ચાર પાંચ પેજો લખી નાખતા ! જ્યારે કે અમારી લેખનમાં તીવ્ર ગતિ મશહૂર હતી." આવી તીવ્ર લેખન શક્તિવાળી વ્યક્તિ ૫૩ વરસ સુધી દરરોજ ૧૬–૧૬, ૧૭–૧૭ કલાકો સુધી સતત લેખનકાર્ય કરે તો કાંઈ અશક્ય નથી કે તેના લખાણના પેજો પંદર લાખ સુધી પહોંચી જાય. પરંતુ મેં જે અંદાઝો લગાડયો તે મારી તેહકીકના લેહાઝથી લગાડયો છે. આ મામલો જઝબાતનો નથી વાસ્તવિક્તાનો છે, એટલા માટે એના પર ખૂબ જ ગંભીરતાપૂર્વક, સભ્યતાપૂર્વક અને ઠંડા દિલથી વિચારવાની જરૂર છે. વાત એવી કહેવામાં આવે કે જો કોઈ એને ચેલંજ કરે તો સાબિત કરવામાં આવી શકે. જો જરૂરત હશે તો હું સાબિત કરી દઈશ કે કિતાબોના પેજીસોની સંખ્યા એક લાખથી ઓછી નથી. હાલમાં હું નુઝહતુલ કારી, ભાગ આઠના પ્રુફ રીડીંગમાં વ્યસ્ત છું તેવા સંજોગોમાં હવે દુશ્મનો (બાતિલ ફિર્કા)એ એક નવી વાત ઉપજાવી છે કે આ'લા હઝરતના બધા જ અથવા વધુ પડતા રિસાલા ફતવા રઝવિય્યહ્માં જ છે પરંતુ સુન્ની ધોકો આપે છે કે ફતાવા રઝવિય્યહ્ને અલગથી ગણે છે અને રિસાલાઓને અલગથી ગણે છે.

આનો ઉત્તર એ છે કે અમુક રિસાલાઓને ફતાવા રઝવિય્યહ્માં સમાવેશ કરી લેવામાં આવ્યો છે, જેની ગણતરી ૧૪૧ છે. ચાલો વિરોધીઓના વિરોધને ધ્યાનમાં રાખી એક હજારમાંથી ૧૪૧ ને કાઢી લઈએ તો પણ ૮૦૦ થી વધુ બાકી બચે છે. તો શું આટલી મોટી સંખ્યામાં લખાણ ઓછું ગણાય !

રિસાલાઓ (કિતાબો)ની ગણતરી તો એક પેટા વાત છે અસલ તેહકીકી વાત તો એ છે કે આ'લા હઝરતના સમકાલિન ઉલમાના ફતવા એક તરફ મૂકો. એ સૌની ઉપર ફતાવા રઝવિય્યહ્નો ફક્ત પહેલો ભાગ ભારે થઈ પડશે ! પરંતુ ન્યાય અને ઈમાનદારી શર્ત છે. જે તેહકીકો, બહસો, દલીલો એમાં મૌજૂદ છે તેવા પ્રકારની તેહકીકો, બહસો, દલીલોથી બીજાઓની ફતાવાની કિતાબો ખાલી છે. દા.ત. એક સવાલ છે કે કઈ કઈ વસ્તુથી તયમ્મુ જાઈઝ છે અને કઈ કઈ વસ્તુથી જાઈઝ નથી. ?

આનો ટૂંકો અને સ્પષ્ટ જવાબ મસાઈલની કિતાબોમાં એ છે કે જમીન અને જમીન સાથે સંબંધ ધરાવતી વસ્તુઓથી તયમ્મુ જાઈઝ છે. જમીન શું ચીજ છે ? એ તો સૌને ખબર છે પરંતુ જમીનથી સંબંધ ધરાવતી વસ્તુ કઈ કઈ છે અને જમીનથી સંબંધ ધરાવવાનો શો અર્થ છે ? એ વિષયમાં આ'લા

હઝરતના જ્ઞાનની વિશાળતા અને તેહકીકો જોઈશું તો અક્કલ હૈરાન થઈ જશે !

જમીનમાંથી કઈ કઈ વસ્તુઓ પેદા થાય છે અને કઈ રીતે પેદા થાય છે તેના કયા કયા પદાર્થો છે આ સઘળી બાબતો ઉપર એટલી સરસ તહકીક કરી છે કે ખનિજશાસ્ત્ર (પદાર્થ વિજ્ઞાન)નો મહાન સંશોધક પણ તેની રજ સુધી નથી પહોંચી શક્તો.

તેહકીક ફર્માવતાં લખે છે કે ૧૮૦ વસ્તુઓથી તયમ્મુમ જાઈઝ છે અને ૧૩૨ વસ્તુઓ એવી છે કે જેનાથી શંકા થાય છે કે તે જમીન સાથે સંબંધ ધરાવે છે કે કેમ ! પરંતુ વાસ્તવમાં તે ચીજો જમીનથી સંબંધ ધરાવતી નથી. અને તે કારણે તેનાથી તયમ્મુમ જાઈઝ નથી. બંને પ્રકારની વસ્તુઓમાં ૧૮૦ માંથી ૧૦૭ અને બીજા ૧૩૨ માં થી ૭૩ વસ્તુઓ તો માત્ર આ'લા હઝરતે જ બતાવી છે. એમનાથી પહેલા કોઈએ પણ ઉપરોક્ત ૧૮૦ વસ્તુઓનું વર્ણન કર્યું નથી.

(**નોંધ** : વધુ જાણકારી માટે ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧ જુઓ. –*લેખક*) –*ક્રમશ :*

## ★ અમારું અવલોકન ★

**કિતાબ** : **ફવાઈદે રઝવિય્યહ્** *(ઉર્દૂ)*

**વિષય** : તજવીદ (કુર્આન સહીહ પઢવા સંબંધે)

**સંપાદક** : જનાબ કારી નસીર અહમદ રઝવી મુઝફ્ફરપૂરી

**સરનામુ** : દારુલ ઉલૂમ બુખારિયા ફૈઝુર્રસૂલ
મુ. ચાંચવેલ, તા. વાગરા, જિ. ભરૂચ અથવા
રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા,
તા. જિ. : ભરૂચ, પિન.૩૯૨ ૦૨૦
*(કેવળ બે રૂા. M.O. કરીને મંગાવો)*

આ કિતાબ ઉર્દૂ ભાષામાં તજવીદ (કુર્આનની કિરાઅતના કાયદા) સંબંધે ખૂબ જ સાદી સરળ ભાષામાં લખાયેલી છે. આ એક એવો અતિ અગત્યનો વિષય છે જેનું શીખવું દરેક નમાઝી તથા તિલાવત કરનાર માટે અનિવાર્ય છે અને નમાઝ તો પાંચ વખત દિવસમાં ફર્ઝ છે. છતાં **લાખો અફસોસ**ની વાત છે કે સૌથી વધુ ટાળવામાં કોઈ વિષય આવ્યો હોય તો એ પણ આ જ છે ! અતિ આશ્ચર્યની વાત છે કે નમાઝમાં સહી ઉચ્ચારથી અરબી પઢાશે નહીં તો નમાઝ થશે નહીં ! આટલી અગત્યની બાબત પ્રતિ આવી કઠોર ઉદાસિનતાનું કારણ શું ?! આપણા ત્યાં લાખોની બલ્કે કરોડ બે કરોડની મસ્જિદ–મદ્રસા બંધાશે, શાના માટે રબની ઈબાદત માટે. પણ તે રબની ઈબાદત માટે પ્રથમ પગથિયું સહીહ અરબી પઢવું તેની કોઈ વ્યવસ્થા નહીં, ન મદ્રસાઓમાં બલ્કે દારુલ ઉલૂમોમાં પણ જોઈએ તેવી વ્યવસ્થા કદાચ જ ક્યાંય હોય તો તે નવાઈની વાત ગણવી ! આવો ! એ બાબતે હું કાંઈક કહું એના કરતાં શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ શું કહ્યું છે :–

ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩ માં ફર્માવે છે કે, "એટલી તજવીદ કે અક્ષર (હર્ફ) એક બીજાથી અલગ પડે (એ ફર્ઝે અયન છે.) એના વિના નમાઝ તદ્દન બાતિલ છે." એના આગળ જણાવે છે કે, "અવામ (સામાન્ય લોકો) બીચારા (!)ને તો જવા દો, ખાસ કહેવાતા લોકોને જુઓ કે કેટલા આ ફર્ઝ પર અમલ કરે છે ?! મેં મારી આંખો વડે જોયું અને મારા કાનો વડે સાંભળ્યાં, કોને ? આલિમોને ! મુફતીઓને ! મુદર્રિસોને ! લેખકોને ! કે قل هو اللہ احد (કુલ્ હુવલ્લાહુ અહદ)ની જગાએ ھا (બડી હે ને બદલે છોટી હે) પઢતાં જોયાં. یحسبون ની જગાએ یعسبون (યહ્સબૂનને બદલે યઅ્સબૂન) તથા فاحذرھم ની જગાએ فاعذرھم તથા وھو العزیز الحکیم ની જગાએ وھو العذیذ الحکیم તથા صراط الذین ની જગાએ صراط الظین પઢતાં જોયા ! કોની શિકાયત કરશો ! આ હાલ તો અમારા મોટાઓનો છે ! તો પછી બીચારા આમ લોકોની તો ગણત્રી જ શું ?! શું શરીઅત તેમની નિષ્કાળજીઓને કારણે પોતાના હુકમો રદ કરી આપશે ?! નહીં ! નહીં !......."

જેમને નથી આવડતું તેઓ જરૂર શીખવા માટે આજથી જ પ્રયત્નો ચાલુ કરે, ઉસ્તાદ શોધે ! અને મદ્રસાના જિમ્મેદારો આ બાબતે પાયામાંથી જ તા'લીમની વ્યવસ્થા કરે, કારણ કે મદ્રસાની તા'લીમની જિમ્મેદારી માથે લીધી છે તો રબની બારગાહમાં પકડ થશે ! અમે તો જોઈએ છીએ કે ખાસ કારીની સનદ મેળવનારા પણ કેવળ લોકોને બતાવવા જ દસ્તાર બાંધી હોય તેમ આ બાબતે ખાલી હોય છે, તો લોકોને રાજી કરવા દેખાડવા નહીં રબને રાજી કરવાની મહેનત થવી જોઈએ, કે હકીકી મદદગાર રબ જ છે.

# ફતાવા વિભાગ

★ અઝ ★

હઝરત મુફ્તી મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલવી

### ★ ફતવા નં. : ૦૧ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે ઝૈદ એક મસ્જિદનો ઈમામ છે જે દાઢી કતરાવીને એક મુટ્ઠીથી ઓછી રાખે છે, નમાઝીઓમાં વિખવાદ ઉભો કરે છે અને તેનું જૂઠ બોલવું લોકોમાં મશહૂર છે. એ ઉપરાંત અન્ય પણ શરીઅત વિરૂધ્ધ વાતો તેનામાં જોવા મળે છે, તો તેની પાછળ નમાઝ પઢવી જાઈઝ છે કે નહીં? બૈયનૂ વ તુજરૂ. *[પ્રશ્નકર્તા : અબ્દુલ વહાબખાં, માંકબાગ રોડ, ઈંદોર, એમ. પી.]*

**જવાબ** : મોહક્કિકે અલલ્ ઈત્લાક હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી علیہ الرحمۃ والرضوان લખે છે કે, (અર્થ) : દાઢી મૂંડવી હરામ છે અને અંગ્રેજો, હિંદુ કલંદરીઓનો તરીકો છે અને દાઢીને એક મુટ્ઠી સુધી વધારવી વાજિબ છે." *(અશ્અતુલ લમ્આત, ભાગ–૧, પેજ–૨૧૨)* અને દુર્રે મુખ્તાર મઅ શામી, ભાગ–૧૦, પેજ–૮૫૩ માં છે :–

يحرم على الرجل قطع لحيته

"મર્દે દાઢી કાતરવી હરામ છે." અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان લખે છે કે, "દાઢી શરઈ હદથી ઓછી રાખનાર ફાસિકે મોઅલિન છે (ખુલ્લમ ખુલ્લા ગુનોહ કરનાર) અને તેને ઈમામ બનાવવો ગુનોહ છે અને તેની પાછળ નમાઝ મકરૂહે તેહરીમી છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩, પેજ–૨૭૪)* અને હુઝૂર સદરુશ્શરીઅહ્ ફર્માવે છે કે "દાઢી વધારવી આગલા અંબિયાની સુન્નતમાંથી છે, મૂંડાવવી કે એક મુટ્ઠીથી ઓછી રાખવી હરામ છે." *(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૧૯૭)*

અને હદીષ શરીફમાં છે : ان الكذب فجور

"જૂઠ બોલવું ફિસ્કો ફુજૂર છે." *(મિશ્કાત શરીફ, પેજ–૪૧૨)* અને હુઝૂર સદરુશ્શરીઅહ્ લખે છે કે, "જૂઠ બોલનાર ફાસિક છે અને જો તે જાહેરમાં આ કબીરા ગુનો કરે છે તો ફાસિકે મોઅલિન છે તેને ઈમામ બનાવવો જાઈઝ નથી." *(ફતાવા અમજદિયા, ભાગ–૧, પેજ–૫૪)* અને દુર્રે મુખ્તાર મઅ શામી, ભાગ–૩, પેજ–૧૪૭ માં છે :

كل صلاة اديت

مع كراهة التحريم تجب اعادتها۔اھ

જેથી જો ખરેખર ઝૈદમાં જો ઉપરોક્ત વાતો જોવા મળે છે તો તેના પાછળ નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે દોહરાવવી વાજિબ છે એટલે કે તેને ફરી પઢવી વાજિબ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર*** *: મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્*** *: જલાલુદ્દીન અહમદ અમજદી*

### ★ ફતવા નં. : ૦૨ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે કબ્ર પર અઝાન આપવી કેવી ? બૈયનૂ વ તુજરૂ. *[પ્રશ્નકર્તા : સલીમ અહમદ જસપૂર–ઉત્તરાંચલ]*

**જવાબ** : કબ્ર પર મૈયતને દફન કર્યા બાદ અઝાન આપવી કેવળ જાઈઝ જ નથી બલ્કે મુસ્તહબ છે, જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان એ પોતાના રિસાલા મુબારક "ઈઝાનુલ્ અજ્ર ફી અઝાનિલ્ કબ્ર"માં પંદર દલીલો વડે સાબિત કર્યું છે કે કબ્ર પર અઝાન આપવી મુસ્તહબ છે. અને હદીષ શરીફમાં છે કે ما من شئ انجى من عذاب الله من ذكر الله "કોઈ

ચીજ અલ્લાહના ઝિક્રથી અધિક અલ્લાહથી નજાત બખ્શનારી નથી. *(મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ભાગ-૫, પેજ-૨૩૯)* અને હદીષમાં છે :

اذا اذن الـمـؤذن ادبـر الشيـطـان ولـه حـصـاص -

"જ્યારે મોઅઝ્ઝિન અઝાન કહે છે તો શૈતાન પીઠ ફેરવીને નાસે છે." *(મુસ્લિમ શરીફ, ભાગ-૧, પેજ-૧૬૭)* અને હદીષ શરીફમાં છે :

اذا اذن فی قریته امنها اللّٰه من عذابه فی ذٰلك الیوم -

"જ્યારે કોઈ વસ્તીમાં અઝાન આપવામાં આવે તો અલ્લાહ તઆલા તે દિવસે તેને પોતાના અઝાબથી અમ્ન આપે છે. *(મોઅજમે કબીર, તિબ્રાની, ભાગ-૧, પેર-૨૫૫)* અને મુલ્લા અલી કારી علیہ الرحمۃ والرضوان લખે છે કે (અર્થ) : ઝિક્ર જેટલા પ્રમાણમાં છે સૌ મૈયતને કબ્રમાં લાભ પહોંચાડશે." જેથી અઝાન પણ ઝિક્રે ઈલાહી છે તો એનાથી પણ મૈયતને ફાયદો પહોંચે છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان એ અઝાને કબ્રથી સાત ફાયદા ગણાવ્યા છે : (૧) અલ્લાહની મદદથી શૈતાન મરદૂદની બુરાઈથી પનાહ (૨) તકબીરના કારણે કબ્રના અઝાબથી અમાન (૩) સવાલોના જવાબ યાદ આવી જવા (૪) અઝાનના ઝિક્રના કારણે અઝાબે કબ્રથી મુક્તિ પામવી (૫) ઝિક્રે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની બરકતથી રહમતનું નુઝૂલ થવું (૬) અઝાનના લીધે ગભરાહટ દૂર થવી (૭) ગમ દૂર થવો અને ખુશી તથા રાહત પ્રાપ્ત થવી. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ-૨, પેજ-૫૫૬)* અને હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે **من استطاع منكم ان ينفع اخاه فلينفعه** એટલે કે તમારામાંથી જેનાથી થઈ શકે કે પોતાના મુસલમાન ભાઈને લાભ પહોંચાડે તો લા'ઝિમ તથા મુનાસિબ છે કે પહોંચાડે." *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ, ભાગ-૪, પેજ-૨૫૬)* અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

## ★ ફતવા નં. : ૦૩ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે જે પાણી તડકાથી ગરમ થઈ જાય તેનાથી વુઝૂ, ગુસ્લ કરવું મના છે કે નહીં ? જો મના છે તો કયા કારણે ? બૈયનૂ વ તુજરૂ. *[પ્રશ્નકર્તા : નબી બખ્શ અમજદી, પાલી-રાજસ્થાન]*


**જવાબ** : જે પાણી તડકાથી ગરમ થઈ જાય તેનાથી વુઝૂ ગુસ્લ કરવું મના છે, એટલા માટે કે એનાથી કોઢ (સફેદ ડાઘ) થવાનો અંદેશો છે. હદીષ શરીફમાં છે :

عـن عائشةرضی اللّٰه تعالٰی عنها قالت اسخنت ماء فی الشـمس فقال النبی ﷺ لا تفعلی يا حميراء فانه يورث البرص -

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, આપ ફર્માવે છે કે મેં હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે તડકાથી પાણી ગરમ કર્યું તો આપે ફર્માવ્યું કે, હે હમીરા ! હવે પછી એવું કરીશ નહીં, કેમ કે એનાથી કોઢ પેદા થાય છે." *(બયહકી શરીફ, ભાગ-૧, પેજ-૧૦)* અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان લખે છે કે, "તાપ (તડકા) વડે ગરમ કરેલ પાણીથી કશીય કૈદ વિના (વુઝૂ સહીહ છે) પણ ગરમ દેશ ગરમ ઋતુમાં જે પાણી સોના ચાંદીના સિવાય કોઈ અન્ય ધાતુના વાસણમાં તડકાથી ગરમ થઈ જાય તે જ્યાં સુધી ઠંડુ ન પડે કોઈ રીતે શરીરને પહોંચાડવું ન જોઈએ, વઝૂથી ન ગુસ્લથી ન પીવાથી કે મઆઝલ્લાહ ! કોઢ થવાનો ભય છે." *(ફતવા રઝવિય્યહ્, ભાગ-૧, પેજ-૪૧૨)* એ જ પ્રમાણે બહારી શરીઅત, ભાગ-૨, પેજ-૪૯ ઉપર છે. પરંતુ જો એ પાણી વડે વુઝૂ કે ગુસ્લ કર્યું તો થઈ જશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*





# ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત

હપ્તો : ૦૧

✍:પટેલ શબ્બીર અલી રઝવી

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ નાં સુન્નિયત પર જે એહસાનો છે તેનાથી કોણ અજાણ છે ? આપે એહલે સુન્નત વ જમાઅત સામે ઉઠતા તમામ પ્રકારના ફિત્નાઓ સામે તને તનહા જબરદસ્ત ટક્કર લઈને તેમની કમ્મરને તોડી નાખી છે, ચાહે તે વહાબિયતનો ફિત્નો હોય કે દેવબંદિયતનો હોય, કાદયાનિયતનો ફિત્નો હોય કે ચકડાલ્વિયતનો ફિત્નો હોય, ચાહે બેશરઅ પીરોનો હોય કે જૂઠા સૂફીઓનો હોય...... દરેકની સામે કુર્આન, હદીષ તથા બુઝુર્ગોના અકવાલ (કથનો) થકી મોરચો રચીને તેમની નાકને ધૂળમાં રગડી કાઢી છે. ખાનકાહી રસ્મો રિવાજ સમક્ષ, કબરો પર ફૂલ ચાદર ચઢાવવા સંબંધે હોય કે ઉર્સ તથા ન્યાઝ સંબંધે હોય, ફાતેહા તથા તબર્રુકના સંબંધે હોય, બદ્અકીદા લોકો તરફથી ઉઠેલા શિર્ક બિદઅતના ફત્વાઓના મારા સામે સીનો તાણીને હિંદુસ્તાનની ભૂમી પર કોઈએ એનો સામનો કરી તેના સચોટ જવાબો આપ્યો હોય તો તે ઈમામ અહમદ રઝાની જ શખ્સિયત છે.

ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી علیہ الرحمۃ والرضوان ના ઈશ્કો ઈર્ફાન તથા ઈમાનો યકીનના પ્રજ્વલિત કરેલા ચિરાગના તુફૈલ દર્સગાહોનો વકાર અને ખાનકાહોની પવિત્રતા મેહફૂઝ છે. તે ખાનકાહ તબાહ થઈ ગઈ જેનો રિશ્તો ઈમામ અહમદ રઝાથી તૂટી ગયો અને તે દર્સગાહ તમામતર શોહરત તથા મકબૂલિયતના હોવા છતાં પોતાની મઝહબી તથા મસ્લકી વિશિષ્ટતાને સાચવી ન શકી જેણે આપની વિચારધારા તથા માન્યતાઓ સાથે એકમતિ ન સાધી.

દેશની ઘણી ખરી ખાનકાહોમાં બિદઅતો તથા મના કરેલ બાબતો ખુલ્લેઆમ થાય છે અને ઈમામે અહલે સુન્નતે બિદઅતો તથા ગુનાહિત બાબતોમાં પડનારાઓનો સખત રીતે પીછો કર્યો છે, એ જ કારણે ઘણા બધા પીર સાહબો આપના ખયાલો તથા વિચારો સાથે સંમતિ ધરાવતા હોવા છતાં માલ પ્રાપ્તિના ખાતર ખાનકાહોને એ ગંદકીઓથી દૂર ન રાખી શક્યા જેના કારણે આજે મઝહબ તથા મસ્લકને સખત નુકસાનોનો સામનો કરવો પડી રહ્યો છે. કાશ ! આપણા સજ્જાદાઓએ ઈસ્લામી કાનૂન તથા શરીઅતના પાકીઝા નિયમોની ભરપૂર તરફદારી કરી હોત તો દીન તથા શરીઅતની આ રીતે બેહુર્મતી તથા બેદઅબી થતી ન જોવા મળત.

વિરોધીઓએ એક તરફ ગૈર શરઈ રસ્મોને ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رضی اللہ عنہ થી સંબંધિત કરી દીધી અને બીજી બાજુ મશાઈખે ચિશ્તના મુરીદો તથા ચાહકોના દિમાગોમાં એ વાત નાખવાની નાપાક કોશિશ કરી કે, "ઈમામે અહલે સુન્નત ચિશ્તી મશાઈખની શાનની મહાનતાને સ્વીકારનારા ન હતા ! જો એવું ન હોત તો પોતાની કિતાબોમાં જેવી રીતે તેમણે સૈયેદિના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની અઝમતોનાં ગીતો ગાયાં છે અને તેમનો મોટા પાયા પર ઉલ્લેખ કર્યો છે એ જ પ્રમાણે

મશાઈખે ચિશ્તનો પણ કરત, પણ આપની કિતાબો ચિશ્તી બુઝુર્ગોના વર્ણનોથી ખાલી છે." જો કે **આ પ્રકારની વાતોને વાસ્તવિક્તા સાથે કોઈ સંબંધ નથી,** પણ વિરોધીઓએ હિટલરના કૌલ પર સખ્તી સાથે અમલ કર્યો કે એક જૂઠને એટલીવાર બોલો કે તે સત્ય લાગવા માંડે. આ રીતે અહલે સુન્નતનો એક મોટો વર્ગ ઈમામ અહમદ રઝા قدس سرہ થી કતરાયેલો તથા વિમુખ રહેવા લાગ્યો અને બદ્‌ગુમાનીનું વાતાવરણ આજે પણ જોવામાં આવી રહ્યું છે.

એ હકીકતથી કોઈ ઈન્કાર નથી કરી શક્તુ કે ઘણી બધી ચિશ્તી મશાઈખની ખાનકાહો એવી છે જ્યાં ઈમામે અહલે સુન્નતનો ઉલ્લેખ ઘણા જ અણગમા સાથે કરવામાં આવે છે. આ જ બાબતોને લક્ષમાં લઈને અમે આ લેખ લખવા પ્રેરાયા છીએ જેના થકી આવા પ્રકારની શંકા કુશંકાઓને સત્યના પ્રકાશમાં દૂર કરવામાં આવે.

આવો ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ને અજમેર શરીફથી કેવી અકીદત હતી તેનો નઝરો જોઈ લો !

## ★ અજમેર શરીફને "શરીફ" ન કહેવું કેવું ? ★

અજમેર શરીફથી જનાબ હકીમ ગુલામ અલી સાહબ મર્હૂમે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીની બારગાહમાં સવાલ મોકલ્યો કે :–

**સવાલ** : "જો કોઈ મોલ્વી પોતાના મદ્રસાના દરવાજા પર, ખિલાફતના બોર્ડ ઉપર, ખિલાફતની ટોપી ઉપર અને ખિલાફતની રસીદ ઉપર ફક્ત "અજમેર" લખે, તો શું અજમેરની સાથે શબ્દ "શરીફ" ન લખવો અને અસલી નામ "ગુલામ મોઈનુદ્દીન" પર "ગુલામ" ન લખવું એ અહલે સુન્નતના અકીદાની વિરૂધ્ધ છે કે નહીં ?

**જવાબ** : આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ એનો જવાબ આ પ્રમાણે આપ્યો છે :–

"અજમેર શરીફના પાક નામ સાથે "શરીફ" શબ્દ ન લખવો અને તે તમામ મૌકાઓમાં તેની કાળજી લેવી જો એ કારણે છે કે હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના તશરીફ લાવવાને, આપની જાહેરી હયાતને તેમજ મઝારે પુર અન્વારને (જેના સબબે મુસલમાનો અજમેર શરીફ કહે છે) શરાફત–બુઝુર્ગીનો સબબ નથી સમજતો તો ગુમરાહ છે, બલ્કે અલ્લાહનો દુશ્મન છે. સહીહ બુખારી શરીફમાં છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે; "અલ્લાહ عزوجل ફર્માવે છે કે જેણે મારા વલી સાથે અદાવત રાખી તેની સાથે મારુ જંગનું એ'લાન છે." અને જો આ નાપાક કાર્ય (કે "શરીફ" ઈરાદાપૂર્વક ન લખવું) જો લખવામાં આળસ કે સુસ્તીના કારણે છે તો સખ્ત બેબરકતી તથા મહાન ફઝ્‌લ તથા અઢળક ભલાઈથી મેહરૂમ છે. જેમ કે ઈમામ મુહક્કિક મોહ્યુદ્દીન અબૂ ઝકરિયા قدس سرہ એ તારીઝમાં દર્શાવ્યું છે. અને જો એનો સબબ વહાબિયત છે તો વહાબિયત કુફ્ર છે પછી તો એવી વાતોની ફરિયાદ જ શું !

પોતાના નામની સાથે "ગુલામ" ન લગાડવું જો એ કારણે હોય કે હુઝૂર ખ્વાજએ ખ્વાજગાન رضی اللہ عنہ નો ગુલામ થવાથી ઈન્કાર ધરાવે છે તો દસ્તૂર મુજબ ગુમરાહ છે તથા હદીષના હુકમાનુસાર અલ્લાહનો દુશ્મન છે અને તેનું ઠેકાણુ જહન્નમ છે. રબ ફર્માવે છે : (અર્થ) : "ઘમંડીઓનું ઠેકાણુ, જહન્નમ જ છે." અને જો વહાબિયતના કારણે છે કે ઔલિયાના ગુલામ બનનારાઓને મુશ્રિક અને "ગુલામ મોહ્યુદ્દીન" તથા "ગુલામ મોઈનુદ્દીન"ને શિર્ક જાણે છે, તો વહાબી તો ખૂદ ઝિન્દીક, બેદીન, કાફિર તથા મુર્તદો છે. "અને કાફિરો માટે દર્દનાક અઝાબ

છે." અલ્લાહ બેહતર જાણનાર છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૬, પેજ-૧૮૬)*

ઉપરોક્ત સવાલ તથા આ'લા હઝરતના જવાબને ફરી એકવાર વાંચો અને જુઓ કે ઈમામ અહમદ રઝાને ખ્વાજા સાહબથી કેવી અકીદત તથા મહોબ્બત છે અને ખ્વાજા સાહબથી કીનો રાખનારાઓ પર આપ કેવા સખ્ત છે ?!

પ્યારા સુન્ની ભાઈઓ ! જ્યારે એક મુસલમાન પર બદ્‌ગુમાની હરામ છે તો પછી આજે રસ્તે ચાલતો જાહિલ અદના માણસ એક મુજદ્દિદ તથા ઈમામે અહલે સુન્નત માટે ધડ દઈને ગમે તેમ બકવાસ કરી નાખે તો વિચારી લો ! એ પોતાનું ઠેકાણું કયાં બનાવશે ? અને આ'લા હઝરત વલીએ કામિલ હતા તો આ વલીની સાથે અદાવત કે કીનો રાખી જહન્નમનો હક્કદાર નહીં બને ! જેણે આપણને ઈશ્કે નબીમાં તડપતાં શીખવાડયું, જેણે ઈશ્કે અવલિયાની દૌલતથી આપણા સીનાને રોશન કર્યો, જેણે ઔલિયાના દુશ્મનોનાં ચિથડાં વેરી કાઢયાં, જેણે આ'લે રસૂલની તા'ઝીમ દુનિયાને શીખવાડી તેના પર ઉલ્ટો ઈલ્ઝામ ?! હે લોકો ! અલ્લાહથી ડરો ! અને આવી વાતોથી તૌબા કરો.

આવો ! આગળ વધો ! મશાઈખે ચિશ્તથી ઈમામ અહમદ રઝાને કેવો લગાવ તથા મહોબ્બત છે તેને જોઈ લો ! :–

## ★ ખ્વાજા સાહબ ચોક્કસ ગરીબનવાઝ છે ! ★

કાનૂપરથી જનાબ યાકૂબ સાહબ મર્હૂમે છે સવાલો પર આધારિત એક સવાલનામુ આ'લા હઝરત ઈમામ અહલે સુન્નતની ખિદમતમાં મોકલ્યું, તેમાંના બે પ્રશ્નો અત્રે રજુ કરીએ છીએ :–

**(૧)** હઝરત ગૌષે પાક قدس سرہ ને "દસ્તગીર" કહેવા જાઈઝ છે કે નહીં ?

**(૨)** હઝરત ખ્વાજા મોઈનુદ્દીન સંજરી قدس سرہ ને "ગરીબ નવાઝ" લકબથી પુકારવા જાઈઝ છે કે નહીં ?

ઈમામે અહલે સુન્નતે એનો આ પ્રમાણે જવાબ આપ્યો છે :–

"હુઝૂર સૈયેદેના ગૌષે આ઼હઝમ رضی اللہ عنہ ચોક્કસ (Sure) "દસ્તગીર" છે અને સુલ્તાનુલ હિંદ મોઈનુલ્ હક્ક વદ્દીન ચોક્કસ "ગરીબ નવાઝ" છે.

સૈયદેના ઈમામુલ હસન નૂરુદ્દીન "બેહજતુલ અસ્રાર શરીફ"માં સૈયેદેના અબુલ કાસિમ ઉમર બઝ્ઝાઝ قدس سرہ થી રિવાયત કરે છે : (અર્થ) મેં મારા શયખ સૈયદ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ને ઘણીવાર એવું ફર્માવતાં સાંભળ્યા કે મારા ભાઈ હુસૈન હલ્લાજનો પગ સરકયો. તેમના સમયમાં કોઈ એવો ન હતો કે તેમની દસ્તીરી કરતો, એ સમયે હું હોત તો તેમની દસ્તગીરી (મદદ) કરત અને મારા અસ્હાબ અને મારા મુરીદો અને મારાથી મહોબ્બત રાખનારાઓમાં કિયામત સુધી જેનાથી લગઝિશ થશે તેમનો હું "દસ્તગીર" (મદદગાર) છુ. વલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન. તમામ મુસલમાનોની જીભ પર હુઝૂરનો લકબ ગૌષે આ'ઝમ છે એટલે "સૌથી મોટી ફરિયાદ રસ". શાહ વલીયુલ્લાહ તથા શાહ અબ્દુલ અઝીઝ એ તો ઠીક પણ ખૂદ ઈસ્માઈલ દહેલ્વીએ ઠેક ઠેકાણે હુઝૂરને ગૌષે આ'ઝમથી યાદ કર્યા છે, આ ફરિયાદ રસી તથા દસ્તગીરી નથી તો શું છે ? હઝરત શયખ મુજદ્દિદ અલ્ફેષાની પોતાના પત્રોમાં ફર્માવે છે :–

"આ દુનિયાથી આપના (ખ્વાજા સાહબના) તશરીફ લઈ ગયા બાદ તેમના મઝાર પર ઈદના દિવસે ઝિયારત માટે ગયો હતો. મઝારે મોતબર્રકથી તવજ્જોહ દરમ્યાન તેમની મુકદ્દસ રૂહાનિયતથી સંપૂર્ણ તવજ્જોહ જાહેર થઈ. **ગરીબ નવાઝી**નો કમાલ કે જેની ખાસ નિસ્બત ખૂદ હઝરત ખ્વાજા અહરાર પ્રતિ મન્સૂબ છે તે અતા ફર્માવ્યો." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૧૧, પેજ-૪૪) (ક્રમશઃ)*

# ઈસ્લામ અને અખ્લાકે હસના (સદ્‌ગુણો)

અઝ : શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સૈયદ સલીમ બાપુ બેડીવાળા (જામનગર)

સંસ્કાર અને સદ્‌ગુણો એ ખરેખર ઈન્સાનિયતની જાન છે અને તેના દ્વારા જ સાચા અને પવિત્ર જીવનનું નિમાર્ણ થઈ શકે છે. દીન–ધર્મની પાયાની તા'લીમ અખ્લાકે હસના હોય છે, કારણ કે સેવા, સબ્ર, ઈબાદત, ઈન્સાફ, વફાદારી, અદબ વિગેરેનો સંબંધ હુસ્ને અખ્લાકથી છે. હુસ્ને અખ્લાક વિહોણો ઈન્સાન ઈન્સાનિયતનાં ગુણોથી મેહરૂમ હોય છે.

વિ□માં અખ્લાકે હસનાના પ્રચાર–પ્રસારનું બેનમૂન ઉદાહરણ ઈસ્લામે પૂરું પાડયું છે તેમાં બે મત નથી. કુર્આને પાક તથા રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદ, આપનો પવિત્ર કિરદાર, આપની નસીહતો, આપના ફૈસલા વિગેરેથી સારી રીતે પુરવાર થાય છે કે અખ્લાકે હસના વગર ઈન્સાન કામેલુલ ઈસ્લામવાળો સંપૂર્ણ મુસ્લિમ થઈ શક્તો નથી. અખ્લાકે હસના જ ઈન્સાનને સંપૂર્ણ મુસ્લિમ, મો'મિન, અને વલી, કુતુબ, ગૌષ, ખ્વાજાના ઉચ્ચ સ્થાને પહોંચાડે છે. એક સાચો વ્યાપારી, નેક બાદશાહ, રહમ દિલ હાકિમ, પારદર્શક લોક પ્રતિનિધિત્વ કરનાર માટે અખ્લાકે હસના અનિવાર્ય છે.

કુર્આને પાકે અખ્લાકે હસનાની મહત્વતા અને તેની ફલશ્રુતિ સેંકડો આયતોમાં દર્શાવી છે. તેમજ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અખ્લાકે હસનાનું વર્ણન ફર્માવતાં કહ્યું કે, " (હે નબી !) બેશક ! તમે ઉત્તમ અખ્લાક પર છો." એટલે કે વિવેક અને સદ્‌ગુણોમાં તમો અજોડ છો.

અને હઝરત સૈય્યેદા આઈશા رضی اللہ عنہا હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અખ્લાક વિશેના જવાબમાં ફર્માવે છે કે, "કાના ખુલ્કુ હુલ કુર્આન" અર્થાત : "હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અખ્લાક કુર્આન છે." મતલબ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝાતેપાક કુર્આને બતાવેલ તમામ અખ્લાકને વરેલ છે. અને જે બુરા અખ્લાક–દુર્ગુણોનો કુર્આને નિર્દેશ કર્યો છે, તેનાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝાત પાક છે. એટલા માટે જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હયાતે પાક માનવ જીવન માટે ઉસ્વાએ હસના એટલે સંપૂર્ણ આદર્શ (**Most Ideal**) છે.

હઝરત મૌલાએ કાઈનાત અલીએ મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે, "હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "તમે હુસ્ને અખ્લાકને અપનાવી લો ! એટલા માટે કે હુસ્ને અખ્લાક તમોને અવશ્ય જન્નતમાં લઈ જશે. અને બુરા અખ્લાકથી બચો એટલા માટે કે તે જરૂર જહન્નમમાં લઈ જશે. *(રૂહુલ બયાન)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "અલ્લાહ તઆલાના અસંખ્ય અખ્લાક પૈકી ત્રણસો સાઈઠ અખ્લાક છે, તે પૈકી એક પણ તૌહીદ (ઈમાન) સાથે તું અપનાવીશ તો કયામતના દિવસે અલ્લાહ તઆલાની મુલાકાત (દીદાર) સાથે જન્નતમાં જઈશ." હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એ અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم શું મારી અંદર પણ તે અખ્લાક પૈકી એક અખ્લાક છે ?" હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "તમારા અંદર તો સર્વ મૌજૂદ છે ! અને તેમાંથી જે અલ્લાહ તઆલાને વધારે પ્રિય છે તે સખાવત છે. *(સંપૂર્ણ)*

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ✯ શિકાગો (યુ.એસ.એ.)માં બે દિવસીય શાનદાર સુન્ની ઈજતેમાઅ ✯

શિકાગોમાં તા. ૨૧–૨૨ સપ્ટેમ્બર–૨૦૦૩ શનિવાર તથા રવિવારે શહેરના ખુશ અકીદહ્ મુસલમાનો તરફથી સમગ્ર વિ□માં ખ્યાતિ પામેલ તન્ઝીમ "સુન્ની દા'વતે ઈસ્લામી"નો ભવ્ય ઈજતેમાઅ રાખવામાં આવ્યો હતો. મઝકૂર ઈજતેમાઅમાં ઈંગ્લેન્ડથી મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા મૌલાના કમરૂઝઝમાં આ'ઝમી તથા ભારતથી અમીરે સુન્ની સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર સાહબ ખુસૂસી મુકર્રિરની હૈસિયતથી પધાર્યા હતા. ઉપરાંત અમેરિકાના મશહૂર આલિમેદીન, મુફતીએ આ'ઝમે શિકાગો, હઝરત મૌલાના મુફતી હફીઝુર્રહમાન સાહબે પણ બંને દિવસોએ શાનદાર ખિતાબ ફર્માવ્યો હતો.

હઝરત અલ્લામા કમરૂઝઝમાંખાં આ'ઝમી સાહબે પોતાના ખિતાબમાં ફર્માવ્યું કે, આજનો મુસલમાન મક્કી દૌર જેવી હાલતમાંથી પસાર થઈ રહ્યો છે, જેથી મુસલમાનોએ જઝબાતથી દૂર રહીને ઘણી જ ગંભીરતાપૂર્વક પોતાની યોજનાઓ બનાવવી જોઈએ. આંતરિક તેમજ બાહ્ય હુમલાઓથી સુરક્ષિત રહેવા માટે હુઝૂરે અકરમ ﷺ નો મક્કી દૌર આપણા માટે શ્રેષ્ઠ નમૂનો છે. હઝરત અલ્લામા આ'ઝમી સાહેબની તકરીરો ઘણી જ અસરકારક રહી હતી અને ઈજતેમાઅમાં હાજર રહેલ વિશાળ માનવમેદનીને પ્રભાવિત કરી ગઈ હતી.

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી સાહેબે પોતાની તકરીરમાં ફર્માવ્યું કે, દા'વતો તબ્લીગ ઈસ્લામનો પવિત્ર ફરીઝો છે, સહાબાએ કિરામ, ઉલમાએ એ'ઝામ અને ઔલિયા અલ્લાહે આ જ પવિત્ર ફરીઝાને અદા કરવા માટે પોતાનાં ઘરબાર છોડયાં. અલ્લામા શાકિર સાહેબે વધુમાં ફર્માવ્યું કે, અમે આ જ પવિત્ર મિશનને આગળ ધપાવવા સુન્નતોનો તોહફો લઈને આપની સેવામાં હાજર થયા છીએ અને આપને આમંત્રણ આપીએ છીએ, આવો ! સુસ્તી અને આળસ છોડો અને આપણા નબી ﷺ ની સુન્નતનો ઝંડો લઈને તમે પણ અમારી સાથે સક્રિય થઈ જાઓ.

હઝરત અલ્લામા હફીઝુર્રહ્માન સાહેબે વર્તમાનકાળમાં મુસલમાનોની બદ્હાલી અને એના કારણો અને સાથે જ એનાથી મુક્તિને પોતાની તકરીરનો વિષય બનાવ્યો.

ઈંગ્લેન્ડ, કેનેડા, ન્યૂયોર્ક વિગેરે જગ્યાઓએથી આવેલ સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોએ લોકોની અમલી તર્બિયત ફર્માવી હતી.

આધુનિક પ્રસારણ માધ્યમમાં ઈન્ટરનેટ, પોલટ્રોક રેડિઓ મારફતે સમગ્ર વિ□માં આ ઈજતેમાઅની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

ઈજતેમાગાહમાં બેસવાની, નમાઝ પઢવાની, ઝિયાફત વગેરેની શ્રેષ્ઠ વ્યવસ્થા માટે સૈયદ અબ્દુલ કાદિર બાપુ (કરાચી), વલીબાઈ કંબોલ્વી, અબ્દુલ્લાહ મામા, દિલાવર હલદરવી, ઐયુબ ટંકારવી, યૂનુસ પટેલ, અમીન બરકાતી (કરાચી), ઈસ્ફહાન બરકાતી (કરાચી), સલીમ અન્સારી (કરાચી), સલીમ ચાંદ, ઈકબાલ બકલીયા, ઝફર કાદરી, હસન ડુંગળીયા, મુશ્તાક હીરા, સલીમ વૈદ, સલીમખાન, મુબારક નસ્રૂ મુબારકબાદને પાત્ર છે.

બંને દિવસોનો ઈજતેમાઅ બધી જ રીતે ઘણો જ કામયાબ રહ્યો હતો. ઉલમાએ કિરામની તકરીરોને લોકો એ ઘણી જ ગંભીરતાપૂર્વક સાંભળી હતી અને ઘણા જ પ્રભાવિત થયા હતા. ઈજલાસમાં શરીક થએલ બધા જ લોકોએ આવો ઈજતેમાઅ દર વર્ષે રાખવા માટે પોતાની દિલી આરઝૂ વ્યક્ત કરી હતી. આ ભવ્ય ઈજતેમાઅનું સમાપન અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી સાહેબની દુઆ અને સલાતો–સલામ પર થયું હતું.

**રજુકર્તા** : ઈકબાલ લાંગ્યા તથા મિત્રો

**5455 N. SAWYER AVE, CHICAGO, IL-60625, U.S.A.**

## ✯ મદ્રસાએ ગૌષિયા બોલ્ટનમાં દસ્તારબંદીનો જલ્સો ✯

મદ્રસાએ ગૌષિયા–બોલ્ટન (યુ.કે.) ખાતે તા. ૨૪–૧૦–૦૩ ને જુમ્આની સાંજે મદ્રસાનો ઈનામી તથા દસ્તારબંદીનો જલ્સો હઝરત મૌલાના હનીફ રઝવીની સદારતમાં થયો. હાફેઝ મેહબૂબ ફેફરાવાળા નબીપૂરીની તિલાવત બાદ જનાબ મુશ્તાકભાઈ ચિશ્તીએ નઅતે પાક પેશ કરી ત્યાર બાદ મદ્રસાના બાળકોનો તિલાવત, નઅત તથા બયાનોનો સિલસિલો ચાલ્યો. છેવટમાં ત્રણ હાફેઝ થનાર હાફિઝો (૧) હાફિઝ અશ્રફ બશીર માલજી (૨) હાફિઝ ઈર્ફાન ડેમા (૩) હાફિઝ વહીદ સઈદ માલજીની દસ્તારબંદી કરવામાં આવી. છેવટમાં મુબલ્લિગ આરિફ પટેલ ટંકારવીના મુખ્તસર બયાન બાદ ઈનામ વિતરણ થયું, અંતે સલાતો સલામ પછી જનાબ મૌલાના ઈકબાલ મિસ્બાહીની દુઆ સાથે જલ્સો પૂર્ણ થયો.

Barkate Khwaja (Monthly) Jan.-2004
Regd. No. :

# બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

વર્તમાનકાળમાં દીન તથા સુન્નિયત સામે બાતિલ તાકતો નિત નવી યોજનાઓ સાથે ઉભરાતી રહે છે અને એવા સમયે તમામ ઈમાનવાળાઓ માટે જરૂરી છે કે તે પોતાના દીન ઈમાનની રક્ષાની યોજનાઓમાં કાર્યરત રહે, ઈલ્મે દીનની રોશનીથી દિલોની દુનિયાને મુનવ્વર કરે તો એના પ્રકાશથી પોતે ગુમરાહીના અંધકારમાં અટવાઈ જવાથી બચી જશે તથા અન્યને પણ બચાવી શકશે. ઈન્શાઅલ્લાહ!

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે "બરકાતે ખ્વાજા " માસિક આપની સેવામાં હાજર છે.

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

**લવાજમ**

★ છુટક નકલ : રૂા. ૧૦/– ★ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/– ★ ફોરેનમાં : £ 15/–
★ આજીવન ગ્રાહક : રૂા. ૨૫૦૦/– ★ પેટ્રન ગ્રાહક : રૂા. ૧૦૦૦/–

**સંપર્ક સરનામુ**

**બરકાતે ખ્વાજા** *(માસિક)*
**ઈસ્લામિક વેલ્ફેર મિશન,** C/o. ફયૂઝાને રઝા મંઝિલ
મુ.પો. **દયાદરા,** તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

**"ટેક્નોપ્રિન્ટ"**
**કાટવાલા એસ્ટેટ, યાકૂતપુરા, વડોદરા**

# "બરકાતે ખ્વાજા" (માસિક)નું લવાજમ ક્યાં નોંધાવશો ?!

| | | |
|---|---|---|
| મુનીરભાઈ પઠાણ<br>અમન ઓપ્ટિકલ્સ,<br>રૂંગટા સ્કૂલ સામેની ગલીમાં,<br>સ્ટેશન રોડ–ભરૂચ<br>ફોન : ૩૦૯૬૯૨ | મકતબાએ તય્બાહ<br>લવલી ટેલરની બાજુમાં<br>ભઠિયારવાડ ગલીના નાકે<br>છીપવાડ–ભરૂચ<br>ફોન નં. : ૨૫૨૦૩૨ *(પી.પી.)* | પટેલ શબ્બીર અલી રઝવી<br>C/o. ઈન્ડિયન ફૂટવેર<br>હોટલ પ્રેસિડન્ટ નીચે<br>રેલ્વે સ્ટેશન સામે, ભરૂચ<br>ફોન નં. : (૦૨૬૪૨) ૨૬૪૫૬૦ |
| હાફેઝ સુલેમાન રઝવી<br>ગુલિસ્તાને રઝા ઈત્રીયાત<br>પીપલીવાળી મસ્જિદ,<br>ઝાંપા બજાર–સૂરત<br>મોબાઈલ : ૯૮૨૫૩૭૭૪૮૮ | જાવેદભાઈ કુરૈશી<br>મોગલવાડા<br>કુરૈશ મહોલ્લા<br>વાયા માંડવી–વડોદરા<br>ફોન નં. : ૨૫૧૯૭૯૭ | મુશ્તાકભાઈ મુન્શી<br>મુા. વાગરા<br>તા. જિ. : ભરૂચ<br>ફોન નં. : (૦૨૬૪૧) ૨૨૫૬૩૬ |
| હાફૈઝ સીરાજ સાહબ સાંપાવાળા<br>મુા. બોડેલી<br>જિ. વડોદરા<br>મોબાઈલ : ૯૮૨૫૮૯૧૨૯૦ | ઝાકિરભાઈ શેખ<br>હુસૈની કમિટી<br>જુમ્મા મસ્જિદ<br>જંબુસર–ભરૂચ | ઈબ્રાહીમભાઈ ખત્રી<br>ઠે. મસ્જિદની બાજુમાં<br>મુા. ઉમલ્લા<br>તા. ઝઘડિયા, જિ. ભરૂચ<br>ફોન નં. : (૦૨૬૪૫) ૨૩૪૮૯૨ |
| હાફેઝ ઈબ્રાહીમ ભાઈખાં સાહબ<br>મુા. મછાસરા<br>તા. આમોદ<br>જિ. ભરૂચ | હાફેઝ અબ્દુર્રહીમ સાહબ<br>C/o. મદ્રસા બરકાતે ખ્વાજા,<br>આમોદ, ચાર રસ્તા,<br>મુા. આમોદ, જિ. ભરૂચ<br>ફોન : (૦૨૬૪૨) ૨૪૬૨૯૨ | મકતબાએ તયબાહ<br>આંબા ચોક,જુમ્મા મસ્જિદ સામે<br>ભાવનગર, પિન. ૩૬૪ ૦૦૧<br>ફોન નં. : (૦૨૭૮) ૨૫૧૨૧૮૩,<br>૨૪૩૪૫૬૪ |
| દાઉદ માસ્તર<br>મસ્જિદ પાસે,<br>મુા. ઝંઘાર<br>તા. જિ. ભરૂચ<br>ફોન નં. : ૨૮૩૧૧૫ | અબ્દુલ મજીદ શેખ (ઓપરેટર)<br>ઠે. નવી વસાહત<br>મુા. પાલેજ<br>તા. જિ. : ભરૂચ | મૌલાના બિસ્મિલ્લાહખાં અશરફી<br>મુલ્લા એગ્ઝ માર્ટ,<br>રેલ્વે સ્ટેશન પાસે,<br>મસ્જિદની નીચે<br>મુા. બિલિમોરા, જિ. નવસારી |

**Address for Correspondence : Barkate Khwaja *(Monthly)*** Islamic Welfare Mission, **C/o.** Faizane Raza Manzil, At. & Po. : Dayadara, Ta. & Di. : Bharuch, Gujrat (India) Pin-392020

★ ★ ★

# ★ બારગાહે રિસાલતની હાજરી ★

(અઝ : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ)

હાજીયો ! આઓ શહનશાહકા રૌઝા દેખો
કા'બા તો દેખ ચુકે, કાબેકા કા'બા દેખો

**'રુક્ને શામી'** સે મિટી વહશતે શામે ગુર્બત
અબ મદીનેકો ચલો, સુબ્હે દિલઆરા દેખો

**આબે ઝમઝમ** તો પિયા, ખૂબ બુઝાઈ પ્યાસેં
આઓ જૂદે શહે કૌષરકા ભી દરયા દેખો

**ઝેરે મીઝાબ** મિલે ખૂબ કરમકે છીંટે
અબ્રે રહમતકા યહાં રોઝ બરસના દેખો

મિષ્લે પરવાના ફિરા કરતે થે જિસ શમ્આકે ગિના
અપની ઉસ શમ્આકો પરવાના યહાંકા દેખો

ધુમ દેખી હૈ દરે કા'બાપે બેતાબોંકી
ઉન્કે મુશ્તાકોંમેં હસરતકા તળપના દેખો

ખૂબ આંખો સે લગાયા હૈ ગિલાફે કા'બા
કસરે મહબૂબકે પર્દેકા ભી જલ્વા દેખો

વાં મુતીઓંકા જિગર ખૌફસે પાની પાની
યાં સિયાહકારોંકા દામનપે મચલના દેખો

ઝીનતે કા'બામેં થા લાખ ઉરૂસોંકા બનાવ
જલ્વા ફર્મા યહાં કૌનૈનકા દુલ્હા દેખો

મેહરે માદરકા મઝા દેતી થી આગોશે હતીમ
જિન પે માં બાપ ફિદા, યાં કરમ ઉન્કા દેખો

ધો ચૂકા ઝુલ્મતે દિલ બોસ–એ–સંગે અસ્વદ
ખાક બોસીએ મદીનેકા ભી રુત્બા દેખો

જુમ્એ મક્કા થા ઈદ એહલે ઈબાદતકે લિએ
મુજરિમોં આઓ યહાં ઈદે દો શમ્બા દેખો

ગૌરસે સુનતો **'રઝા'** કા'બેસે આતી હૈ સદા
મેરી આંખોંસે મેરે પ્યારેકા રોઝા દેખો

# રસૂલ ઉન્હી કા તો મુઝ્દહ સુનાને આયે હૈં

અઝ : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખા رضي الله عنه

રસૂલ ઉન્હી કા તો મુઝદહ સુનાને આએ હૈં
ઉન્હી કે આનેકી ખુશિયાં મનાને આએ હૈં

ફરિશ્તે આજ જો ધુમેં મચાને આએ હૈં
ઉન્હી કે આનેકી શાદી રચાને આએ હૈં

ફલક સે હૂરો મલક ગીત ગાને આએ હૈં
કે દો જહાં મેં યે ડંકે બજાને આએ હૈં

યે ભૂલે બિછળોં કો રસ્તે પે લાને આએ હૈં
યે ભૂલે ભટકોં કો હાદી બનાને આએ હૈં

યહી તો સોતે હુએ કો જગાને આએ હૈં
યહી તો રોતે હુઓં કો હંસાને આએ હૈં

નસીમેં ફૈઝ સે ગુંચે ખિલાને આએ હૈં
કરમ કી અપની બહારેં દિખાને આએ હૈં

ઉન્હેં ખુદાને કિયા અપને મિલ્ક કા માલિક
ઉન્હી કે કબ્ઝે મેં રબકે ખઝાને આએ હૈં

જો ચાહેંગે જિસે ચાહેંગે વો ઉસે દેંગે
કરીમ હૈ યે ખઝાને લૂટાને આએ હૈં

કિતાબે હઝરતે મૂસા મેં વસ્ફ હૈં ઉનકે
કિતાબે ઈસા મેં ઉનકે ફસાનેં આએ હૈં

સભી રસૂલને કહા ઈઝહબૂ ઈલા ગયરી
અ–ના–લહા કા યે મુઝદહ સુનાને આએ હૈં

નસીબ તેરા ચમક ઉઠા દેખ તો "નૂરી"
અરબ કે ચાંદ લહદ કે સિરહાને આએ હૈં.